# પ્રેષિતાહા કામ
## પ્રસ્તાવના

પ્રેષિતાહા કામહા ચોપડી લુકા લોખલી હારી ખોબાર જાઅને પારવાયેહે, તાઅને પ્રેષિતાહા કામહા ચોપડી શુરવાત ઓએહે, પેલ્લી મંડળી ઉન્નતી નુસાર ઈસુ ખ્રિસ્તા શિષ્ય હારી ખોબારેલ યેરૂસાલેમ થી લેયને, યહૂદીયા લોક, સામરિયા, એને બોદા દુનિયામાય લેય ગીયા, કહાની ખ્રિસ્તા હોરગામાય જાઅના એને પચાસમા દિહયા ઘટના થી સુરુ ઓએહે. જેહેકોય ગેર યહૂદી લોકહાય હારી ખોબારે જવાબ દેયના સુરુ કોઅય દેનલા હેય, દિયાન પાઉલ એને ચ્યા મિશનરી મુસાફરી માય બદલાય જાહે. પ્રેષિતાહા કામ ચાર હારી ખોબારે એને બાકી નોવા નિયમા વોચમાય યોક વાટ બોનાડેહે, જ્યામાય દેખાડલા ગીઅલા હેય કા પ્રેષિતાહાય ખ્રિસ્તા કામહાલ કેહેકેન કોઅયા એને પ્રકાશના માધ્યમથી રોમી લોકાહાહાટી યોક ઈતિહાસિક વાત કોઅય દેની, પ્રેષિતાહા કામ ઈ ચોપડી લુકાથી લોખલી બેન નોવા નિયમા ચોપડીમાઅરે બીજી ચોપડી હેય, લુકા લોખલી હારી ખોબારે હારકા, પ્રેષિતાહા કામબી લુકા હાંગાત્યો થીયોફિલૂસાલ લોખલાં યોક પત્ર આતા, યાલ લગભગ ઇસવી સન 62-64 માય લોખલાં ગીઅલા આતા.

### પ્રસ્તાવના

1 માનનીય થીયોફિલુસ, મા પેલ્લી ચોપડીમાય, જીં માયે તોહાટી
લોખલી આતી, માયે ચ્યે કોલહ્યેક ચીજહે બારામાય લોખ્યાં જીં ઈસુય
કોઅલા આતા એને હિકાડલા આતા જાંવલોગુ તો હોરગામાય લેવાય
નાંય ગીઅલો આતો.
2 બાકી ઈસુલ પોરમેહેરાકોય હોરગામાય લેય લાં પેલ્લા, ચ્યાય પવિત્ર
આત્મા સામર્થ્યાકોય ચ્યા પ્રેષિતાહાલ આગના દેની.
3 ઈસુય દુઃખ ઉઠાવ્યા એને મોરણા પાછે બોજ પાક્કી સાબિતી
કોઇન તો જીવતો હેય એહેકોય દેખાડયાં, એને ચાળીસ દિહયા લોગુ તો
પ્રેષિતાહાલ દેખાતો રિયો, એને પોરમેહેરા રાજ્યા વાતો આખતો રિયો.

### પવિત્ર આત્માલ વાટ જોવના

4 યોક સમય ઈસુવા શિષ્ય ચ્યાઆરે આતા તોવે ઈસુય ચ્યાહાન
આગના દેની, "યેરૂસાલેમ શેહેર છોડીન જાહા મા, બાકી તી દાન મીળે
તાંવ લોગુ વાટ જોવાં જીં પોરમેહેર આબહાય તુમહાન દેઅના વાયદો
કોઅલો આતો, જ્યા બારામાય તુમા માયેપાઅને વોનાય ચુક્યાહા.
5 કાહાકા યોહાનાય તે પાઅયાકોય બાપતિસ્મા દેનલા હેય, બાકી
કોલહાક દિહયા પાછે પોરમેહેર તુમહેઆરે રાંહાટી પવિત્ર આત્મા
દોવાડી."
6 પાછે જોવે પ્રેષિત બીજેદા ઈસુલ મિળ્યાં, તોવે ચ્યાહાય ઈસુલ
પુછ્યાં, "ઓ પ્રભુ, કાય ઈસરાયેલાલ છુટકા કોઅના એને આપહે રાજ્યા
પાછો સ્થાપન કોઅના તો સમય યેય ગીયહો?"
7 ઈસુય ચ્યાહાન આખ્યાં, "તો સમય એને ચ્યો વાતો કોવે ઓઅરી,
ચ્યા બારામાય જાઅના પોરમેહેર આબહાલ ઓદિકાર હેય, ઈ તુમહાન
જાઅના ગોરાજ નાંય હેય.
8 બાકી જોવે પવિત્ર આત્મા તુમહેવોય યેઅરી તોવે તુમા સામર્થ્ય
મેળવહા; એને યેરૂસાલેમ શેહેરામાય એને બોદા યહૂદીયા એને સમરૂન
વિસ્તારમાય, એને બોદા દુનિયામાય લોકહાન મા બારામાય સાક્ષી
દાહા."

### ઈસુ હોરગામાય જાયના

9 ઈ આખીન ઈસુ ચ્યાહા દેખતા-દેખતાજ પોરમેહેરાય ચ્યાલ
હોરગામાય લેય લેદો, એને વાદળાં લીદે ચ્યે ચ્યાલ આગાડી નાંય દેખી
હોક્યે.
10 એને ઈસુ જાતી સમયે જોવે ચ્યા આકાશા એછે એઅઇ રીઅલા
આતા, તોવે અચાનક, બેન માટડા ઉજળેં ડોગલેં પોવલા ચ્યાહા પાહી
યેયન ઉબા રિયા,
11 એને ચ્યાહાન એહેકેન આખ્યાં, "ઓ ગાલીલ ભાગામાય રોનારા
માઅહાય, તુમા કાહા ઉબા રોયન ઉચે આકાશા એછે એઅઇ રીયહા?
ઓજ ઈસુ, જ્યાલ પોરમેહેરાય તુમહે પાહીને હોરગામાય લેય લેદલો
હેય, તુમા ચ્યાલ જેહેકેન આકાશામાય જાતા દેખ્યાહા તેહેકેન તો પાછો
યેઅરી."

### મિળીન પ્રાર્થના

12 જોવે બેન માટડા જાતા રિયા તોવે શિષ્ય જૈતુન નાંવા ડોગાવોયને
જો યેરૂસાલેમ શેહેરા ઇહને યોક કિલોમીટર દુઉ હેય, યેરૂસાલેમ
શેહેરામાય પાછા યેના.
13 એને જોવે શિષ્ય યેરૂસાલેમ શેહેરામાય પોઅચ્યા તોવે ચ્યા ઉચલી
ખોલીમાય ગીયા. તાં પિત્તર, યોહાન, યાકૂબ, આંદ્રિયાસ, ફિલિપ, થોમો,
બરથલ્મી, માથ્થી, અલફિયા પોહો યાકૂબ, સિમોન જેલોતોસ, એને
યાકૂબા પોહો યહૂદા રા આતા.
14 ચ્યા બોદા એને તાં ચ્યાહાઆરે કોલ્યોહોક બીજ્યોબી થેઅયો
આત્યો જ્યેહેય ઈસુલ મોદાત કોઅલી આતી એને ઈસુવા આયહો
મરિયમ એને ચ્યે બાહાહા આરે યોકચીત્ત ઓઇન પ્રાર્થનામાય લાગી રોત.

## યોક નોવા પ્રેષિતા નિવડ

15 એને ચ્યાજ દિહીહયામાય જોવે લગભગ યોક હોવને વિહી
વિસ્વાસી યોખઠા આતા, તોવે પિત્તર ચ્યાહા વોચમાય ઉબો રોયન
આખા લાગ્યો.
16 "ઓ બાહાહાય, પવિત્ર આત્માય બોજ સોમાયા પેલ્લા રાજા
દાઉદા કોય યહૂદા બારામાય આખ્યાં, જો ઈસુલ દોઆડનારા લોકહા
આગેવાની કોઅનારો બોની ગીયો, ઈ જરુરી આતાં કા યહૂદા બારામાય
પવિત્રશાસ્ત્રમાય લોખલાં હેય તી હાચ્ચાં સાબિત ઓએ.
17 કાહાકા તો આપહે માઅને યોક આતો, એને યે સેવાયેમાય ભાગી
જાયલો આતો.
18-19 જેહેકેન તુમા જાંઅતેહે કા, યહૂદી આગેવાનહાય યહૂદાલ
પોયહા દેના જોવે ચ્યાય ચાલાકી કોઇન ઈસુલ દોગો દેયના વાયદો
કોઅયો, પાછે યહૂદાય ચ્યા પોયહા ચ્યાહાન પાછા ફેરવી દેના. એને
જોવે યહૂદાય ગોળ ફાંસ લાવી લેદા, એને ચ્યા શરીર દોરતીવોય ટુટી
પોડ્યા, ચ્યા બુકો ફાટી ગીયો એને ચ્યા બોદે આતેં બાઆ નિંગી યેને,
યાહાટી યહૂદી આગેવાનહાય ચ્યા પોયહાકોય યોક રાન વેચાતાં લેદા.
યેરૂસાલેમ શેહેરામાઅને લોક યે વાતે બારામાય જાંઆય ગીયા, યાહાટી
ચ્યા લોક ચ્યા જાગાલ ચ્યાહા ભાષામાય 'હકલદમા' એટલે 'લોયા રાન'
એહેકેન નાંવ પાડ્યા.

20 કાહાકા રાજા દાઉદા ગીતશાસ્ત્રમાય એહેકેન લોખલાં હેય, 'અ્યા
ગુઉ ઉજાડ એઅઇ જાઅરી, એને અ્યામાય કાદાં નાંય રોય' એને ઈ બી
લોખલાં હેય, 'કાદો બિહરો અ્યા પદ લી.'
21-22 યાહાટી ઈ જરુરી હેય કા યોક ઓહડા માઅહાન નિવાડલા
જાય, જો પ્રભુ ઈસુવા કામહા બોદયે સમયે સાક્ષી હેય, એને પ્રભુ ઈસુલ
યોહાનાકોય બાપતિસ્મા દેના અ્યાપાઅને લેયને ઈસુલ પોરમેહેરાકોય
હોરગામાય લેય લેઅના લોગુ ઈ માઅહું પ્રભુ ઈસુ મોઅલા માઅને પાછા
જીવી ઉઠના બારામાય સાક્ષી બોને."
23 તોવે અ્યાહાય બેન માઅહાલ ઉબા રાખ્યા, યોક યુસુફ જો બર-
સબ્બા આખાયેહે, જ્યા ઉપનાંવ યુસ્તસ હેય, બિજો મત્તીયાહ.
24 એને ઈ પ્રાર્થના કોઅયી, "ઓ પ્રભુ, તું જો બોદહા મોન
જાંઅતોહો, આમહાન ઈ પ્રગટ કોઓ કા યા બેનહયા માઅને તુયે કાલ
નિવડયોહો.
25 કા તો ઈ સેવા એને પ્રેષિત પદ લેય, જો જાગો યહૂદા છોડી
ગીયો, એને મોઅઇ ગીયો એને અ્યા જાગાવોય જાતો રિયો જાં અ્યાલ
રા જોજતાં આતા."
26 તોવે અ્યાહાય અ્યાહા બારામાય ચીઠયો ટાક્યો, એને મત્તીયા નાંવા
ચિઠ્ઠી નિંગી, તોવે તો અ્યા ઓગ્યાર પ્રેષિતાહા આરે ગોણાય ગીયો.

# 2

## પવિત્ર આત્મા યેયના

1 જોવે યહૂદી લોકહા પચાસમા દિહા સણ યેનો, તોવે અ્યા બોદા યોક
જાગે યોકઠા જાયલા આતા.
2 એને અચાનક હોરગામાઅને મોઠા તુફાન રોકો ગોંગારના આવાજ
ઓઅયો, એને અ્યા બોઠલા આતા તી બોદા ગુઉ અ્યા આવાજા કોય
ગાજી ઉઠયા.
3 તોવે અ્યાહા હોમ્મે ઓહડી આગ દેખાયી, જયેં આકાર જીબ્યે રોકો
આતો, જું આલાગ ઓઇન અ્યાહામાઅને બોદહાવોય થોબતી ગીયી.
4 એને અ્યા બોદા પવિત્ર આત્માકોય બાઆઈ ગીયા, એને જેહેકેન
પવિત્ર આત્માય અ્યાહાન બોલના તાકાત દેની, અ્યે રીતે જુદી-જુદી
ભાષામાય બોલા લાગ્યા.

5 ચ્યે સમયે, પોરમેહેરા દાક રાખનારા કોલહાક યહૂદી લોક આતા,
જ્યા આકાશા નિચે દુનિયા બોદા દેશામાઅને સણ મોનાવાહાટી
યેરૂસાલેમ શેહેરામાય યેનલા આતા એને યેરૂસાલેમ શેહેરામાય રોતા
આતા.
6 જોવે ગોંગારના આવાજ ઓઅયો, તોવે ગીરદી ઓઈ ગીયી એને
લોક ગાબરાય ગીયા, કાહાકા બોદા આપહે-આપહે ભાષામાય બોલતા
વોનાય રીઅલા આતા.
7 ચ્યા બોદાજ ચોમકાયન એને નોવાય પામીન આખા લાગ્યા,
"એઆ, યા જીં બોલી રીઅલા હેય કાય બોદા ગાલીલ ભાગા માઅહે
નાંય હેય?
8 તે ઈ કાય ઓઈ રીયહા જીં આમહે માઅને બોદા જાંઆ આપહે-
આપહે બોલી ભાષામાય વાતો કોઅતા વોનાય રીયલા હેય.
9 આપહે માઅને કોલહાક લોક પારથી વિસ્તારામાઅને હેય એને
કોલહાક લોક મેદી વિસ્તારામાઅને એને કોલહાક લોક એલામી
વિસ્તારામાઅને એને કોલહાક લોક મેસોપોટેમિયા વિસ્તારામાઅને
એને કોલહાક લોક યહૂદીયા વિસ્તારામાઅને એને કોલહાક લોક
કાપાદોકિયા વિસ્તારામાઅને એને કોલહાક લોક પુન્તસ વિસ્તારામાઅને
એને કોલહાક લોક આસિયા વિસ્તારામાઅને હેય,
10 એને ફ્રુગીયા એને પંફૂલિયા વિસ્તારામાઅને હેય એને મિસર દેશ
એને કુરેન શેહેરા પાહીને લિબિયા દેશા કોલહાક લોક, એને રોમમાઅને
યેરૂસાલેમમાય યેનલા યહૂદી મુસાફીર,
11 એટલે કાય યહૂદી, એને કાય ગેર યહૂદી જ્યાહાય યહૂદી ધર્મ
માની લેદલો, ક્રેતે બેટવોય રોનારા લોક એને અરબી દેશાબી લોક હેતા,
બાકી આપહે-આપહે ભાષામાય ચ્યાહાપાઅને પોરમેહેરા મોઠા-મોઠા
ચમત્કારહા બારામાય બોલતા વોનાય રીઅલા હેય."
12 એને ચ્યા બોદા નોવાય પામ્યા, એને ગાબરાય જાયને ચોકબિજાલ
આખા લાગ્યા, "ઈ કાય ઓઈ રીઅલા હેય?"
13 બાકી બીજહાંય ચ્યાહા મશ્કરી કોઇન આખ્યાં, "ચ્યા તે દારવા
પીયને સાકી ગીઅલા હેતા."

## પચાસમા દિહી પિત્તરા સંદેશ

14 તોવે પિત્તર ચ્યા અગ્યાર પ્રેષિતાહા આરે ઉબો રિયો એને મોઠેરે
બોંબલીન આખા લાગ્યો, ઓ યહૂદીયા વિસ્તારા બાહાહાય, એને ઓ

યેરૂસાલેમ શેહેરમાય રોનારા બોદા લોકહાય, ઈ જાઈલા, એને દિયાન
દિન મા વાત વોનાય લા.
15 જેહેકેન તુમા હોમજી રીયહા, યા લોક સાકલા નાંય હેય, કાહાકા
આમીતે હાકાળેહે નોંઉ વાગ્યહે.
16 બાકી જીં આમહે આરે જાયા ઈ ચ્યો વાતો પુરાં ઓઅના હેય,
જીં યોયેલ ભવિષ્યવક્તાકોય પવિત્રશાસ્ત્રામાય પોરમેહેરાય આખલા
આતા.
17 પોરમેહેર આખહે, કા છેલ્લા દિહાહામાય એહેકેન ઓઅરી, કા
આંય મા આત્મા બોદા માઅહાલ દિહી, એને તુમહે પોહા એને તુમહે
પોહયો ભવિષ્યવાણી કોઅરી, એને તુમહે જુવાન્યે દર્શન એઅરી, એને
તુમહે ડાયા હોપને એઅરી.
18 ચ્યા દિહાહામાય આંય મા સેવાક એને સેવાક્યે બાયહેનબી મા
આત્મા દિહી, એને ચ્યે બી ભવિષ્યવાણી કોઅરી.
19 એને આંય ઉચે આકાશ માય પરાક્રમ, એને નિચે દોરત્યેવોય ચિન્હે
એટલે લોય, એને આગ એને દુમાડા વાદળાં દેખાડીહી.
20 પ્રભુ યેયના પેલ્લા દિહી કાળો પોડી એને આંદારાં ઓઈ જાઅરી
એને ચાંદ લોય રોકો ઓઈ જાઅરી, તો દિહી બોજ મહાન એને
ચોમકનારો દિહી ઓઅરી.
21 એને ચ્યા સમયા પેલ્લા જો કાદો પ્રભુવા નાંવ લેઅરી, તોજ તારણ
મેળવી.
22 “ઓ ઈસરાયેલ લોકહાય, યો વાતો વોનાયા, નાજરેત ગાવામાઅને
ઈસુ યોક ઓહડો માઅહું આતો, ચ્યા ચમત્કારા કામ એને નોવાયે કામ
એને ચિન્હા કોય ચ્યાલ પોરમેહેરાય તુમહે હોમ્મે સાબિત કોઅલો આતો,
તુમા પોતે ઈ જાંઅતાહા કા ઈ હાચ્ચાં હેય.”
23 પોરમેહેરાકોય ઠરાવલી યોજના એને પેલ્લા જ્ઞાનાનુસાર, તો તુમહે
આથામાય હોપાય ગીયો, તુમહાય ચ્યાલ ખારાબ માઅહા મોદાત લેયને
ખીલા ઠોકીન હુળીખાંબાવોય ચોડવીન માઆઇ ટાક્યો.
24 બાકી ચ્યાલ પોરમેહેરે ચ્યા મોરણા બંધન માઅને છોડાવીન ચ્યાલ
પાછો જીવતો કોઅયો, કાહાકા ઈસુલ મોરણા તાબામાંય નાંય રાખી
હોકતા આતા.
25 કાહાકા દાઉદ રાજા ઈસુ બારામાય એહેકોય આખહે, “આંય મા

પોરમેહેરાલ કાયામ મા આગલા દેખતો રિયો, કાહાકા તો મા જમણા
આથા એછે હેય, યાહાટી કા આંય ચ્યા લોકહાન નાંય બીઅયુ, જ્યા મા
નુકસાન કોઅરા માગતાહા.
26 યાહાટી આંય આનંદાકોય બાઆાય ગીયો, એને આંય આનંદાકોય
તો સ્તુતિ કોઅતાહાંવ, એને મા શરીરબી આશામાય બોની રોહે.
27 કાહાકા તું મા જીવાલ અધોલોકમાય નાંય જાં દેહે એને પવિત્ર
માઅહા કુડીલ હોડી નાંય જાં દેહે.
28 તુયે માન જીવના વાટ દેખાડીહી; તું માન દર્શન થી તો હજર્યેમાય
આનંદાકોય બોઅઇ દેહે.”
29 “ઓ બાહાહાય, આંય ડાયા દાઉદ રાજા બારામાય તુમહાન
ઈમાતકોય આખી હોકતાહાવ કા તો તે મોઅઇ ગીયો એને દાટી બી
દેનો એને ચ્યા કોબાર આજ લોગુ આપહે ઈહીં હેય.
30 તો ભવિષ્યવક્તો આતો, તો જાંઅતો આતો કા પોરમેહેરાય
કોસામ ખાયન ચ્યાઆરે વાયદો કોઅયેલ, કા આંય તો પીડી માઅને
યોકા માઅહાલ તો રાજગાદ્યેવોય બોહાડિહી.
31 દાઉદ રાજાય ઈ જાઇન કા ભવિષ્યમાય કાય ઓઅનારા આતા,
એને યાહાટી ચ્યે ઈસુ ખ્રિસ્તા મોઅલા માઅને પાછા જીવતા ઓઅના
વાત કોઅયી, કાહાકા તું મા જીવાલ અધોલોકમાય નાંય જાં દેહે એને
પવિત્ર માઅહા કુડીલ હોડી નાંય જાં દેહે.
32 યાજ ઈસુવાલ પોરમેહેરે મોઅલા માઅને પાછો જીવતો કોઅયો,
જ્યા આમા બોદા સાક્ષી હેજે.
33 આમી તો હોરગામાય પોરમેહેરા જમણા આથા મોઠા માનાપાના
જાગાવોય બોઠલો હેય, એને આબહાય ઈસુલ પવિત્ર આત્મા દેના
જેહેકેન ચ્યાય વાયદો કોઅલો આતો, એને ઈસુય પવિત્ર આત્મા
આમહાન દેનલા હેય, જેહેકેન કા આજે તુમા એઅતેહે એને વોનાતેહે.
34 કાહાકા દાઉદ તે હોરગામાય નાંય ચોડયો, બાકી તો પોતે આખહે,
‘પ્રભુ પોરમેહેરાય મા પ્રભુવાલ આખ્યાં, તું મા જમણા આથા એછે
બોહો.’
35 પ્રભુ પોરમેહેરાય મા પ્રભુવાલ આખ્યાં, ‘તું મા જમણે આથે બોહો,
જાવ લોગુ આંય તુમહે દુશ્માનાહાન તુમહે તાબામાંય કોઇ દાવ.’

36 યાહાટી, ઈસરાયેલા બોદાજ લોકહાન યે વાતહેબારામાય
ખાત્રી ઓઈ જાય કા, પોરમેહેર ચ્યાજ ઈસુવાલ, જ્યાલ તુમહાય
હુળીખાંબાવોય ચોડવ્યેલ પ્રભુ એને ખ્રિસ્તબી બેની ઠોરવ્યો."
37 જોવે લોક ઈ વોનાયા, તોવે આપા બોજ દોષી હેજે એહેકેન
જાંઅયા, તોવે ચ્યા પિત્તરાલ એને બિજા પ્રેષિતાહાલ પુછા લાગ્યા, "ઓ
બાહાહાય આમા કાય કોઅજે?"
38 પિત્તરે ચ્યાહાન આખ્યાં કા, "પાપ કોઅના બંદ કોઆ, એને
તુમહેમાઅને બોદા જાંઆ તુમહે પાપહા માફી મેળવાહાટી ઈસુ ખ્રિસ્તા
નાંવે બાપતિસ્મા લાં, તોવે તુમહાન પવિત્ર આત્મા દાન મિળી.
39 કાહાકા ઓ વાયદો તુમહેહાટી, એને તુમહે પોહહાહાટી, એને ચ્યા
બોદા દુઉ-દુઉને લોકાહાહાટી બી હેય, જ્યાહાલ પ્રભુ આમહે પોરમેહેર
ચ્યા પાહી હાદી."
40 પિત્તરે આજુ બોજ વાતો પાછી-પાછી આખીન ચ્યાહાન વિનાંતી
કોઅયી કા તુમા પોતે યા આડી પેડયે થી બોચી જાં.
41 જીં કાય પિત્તરે આખ્યાં, જ્યાહાય ચ્યાવોય બોરહો કોઅયો
ચ્યાહાય બાપતિસ્મા લેદા, એને ચ્યેજ દિહી બોરહો કોઅનારા ટોળામાય
લગભગ તીન ઓજાર માઅહે જોડાય ગીયે.

## બોરહો થોવનારાહા હારાં જીવન

42 એને ચ્યે પ્રેષિતાહા પાયને હિકના, ચ્યાહાઆરે મિળીન રોઅના
એને ચ્યે પ્રભુભોજમાય ભાગી ઓઅતે આતેં એને પ્રાર્થના કોઅરા
દૃડતાથી લાગી રિયે.
43 એને યેરૂસાલેમમાય બોદા લોક ધાકાય ગીયા, કાહાકા બોજ
નોવાયે કામે એને ચમત્કાર પ્રેષિતાહાકોય ઓઅતે આતેં.
44 એને બોદાજ બોરહો થોવનારા લોક યોકઠા રોતા આતા, એને જીં
કાયબી ચ્યાહાપાય આતા તી બોદાંજ યોખઠા કોઅતે આતેં.
45 એને ચ્યે ચ્યાહા મિલકાત એને કાયબી સામાન વેચિન જ્યાહાલ
જીં ગોરાજ પોડતી આતી ચ્યાહાન વાટી દેતા આતા.
46 એને ચ્યે દિનેરોજ યોક મોનાકોય દેવાળામાય બેગે ઓએત એને
ગોઅહે-ગોઅહે પ્રભુભોજમાય ભાગી ઓએ એને ઉદાર મોનાકોય
આનંદાકોય ચ્યે ઈળી-મિળીન ખાઅના ખાતે આતેં.

47 એને પોરમેહેરા સ્તુતિ કોઅતે આતેં, એને બોદા લોક ઇયાહાથી ખુશ
આતા; એને જ્યા તારણ મિળવેત, ઇયાહાન પ્રભુ દિનેરોજ ઇયાહામાય
મેળવી દેતો આતો.

# 3

## લેંગડા બિખાર્યા હારાં ઓઅના

1 યોક દિહી પિત્તર એને યોહાન બોપરેહે તીન વાગે પ્રાર્થના સમયે
દેવાળામાય જાય રીઅલા આતા.
2 ઓલહામાય લોક યોકા જન્મા પાઅને લેંગડા આતા ઇયા માઅહાલ
લેઈને યેત, ઇયાલ દિનેરોજ દેવાળા બાઅણા પાય જ્યાલ સુંદાર નાંવા
બાઅણા આખતેહે, ઇયાપાય બોહાડી જાત, કા તો દેવાળે જાનારાહા
પાયને બિખ માગે.
3 જોવે ઇયાય પિત્તર એને યોહાનાલ દેવાળામાય જાતા દેખ્યા, તોવે
ઇયાહાપાઅને બિખ માગી.
4 પિત્તર એને યોહાને ઇયાલ દિયાન દેયને એઅયા એને પિત્તરે આખ્યાં,
“આમહે એછે એએ.”
5 ઇયાહાપાઅને કાય મિળી યે આશેકોય તો ઇયાહા એછે એઅરા
લાગ્યો.
6 તોવે પિત્તરે આખ્યાં, “ચાંદી એને હોના તે માયેપાંય હેયેજ નાંય, જીં
હેય તી તુલ આંય દેતહાવ, નાજરેત ગાવામાઅને ઈસુ ખ્રિસ્તા નાવાકોય
ઉઠ એને ચાલતો લાગ.”
7 એને પિત્તરે ઇયા જમણો આથ દોઇન ઇયાલ ઉઠાડયો, એને તારાત
ઇયા પાગહામાય એને માંડયેહે માય તાકાત યેની.
8 એને તો કુદીન ઉબો ઓઈ ગીયો, એને ચાલા-ફિરા લાગ્યો, એને
ચાલતો, એને કૂદતો, પોરમેહેરા સ્તુતિ કોઅતો તો પિત્તર એને યોહાના
આરે દેવાળા બાઆપુર ગીયો.
9 બોદા લોકહાય ઇયાલ ચાલતો-ફિરતો એને પોરમેહેરા સ્તુતિ કોઅતો
દેખ્યો.
10 એને ઇયાલ વોળખી લેદો કા ઓ તોજ હેય જો દેવાળા સુંદાર નાંવા
બાઅણા પાય બોહીન બિખ માગે, એને ઇયે યે ઘટના કોય જીં ઇયાઆરે
જાયલી, ઇયે બોજ નોવાય પામીન ચમકાય ગીયે.

## લોકહા ગીરદેલ પિત્તર હારી ખોબાર આખહે

11 જોવે તો માઅહું પિત્તર એને યોહાના આરે આતો, તે બોદા લોક
બોજ નોવાય પામીન ચ્યે બોદે સુલેમાના પારસાળા માય દાંહાદી ગીયે,
જાં હારો ઓઅય ગીઅલા માઅહું પિત્તર એને યોહાનાલ ફીટ દોઅય
રિઅલો આતો.
12 ઈ એઇન પિત્તરે લોકહાન આખ્યાં, "ઓ ઈસરાયેલી લોકહાય,
તુમહાન યા માઅહાલ એઇન કાહા નોવાય લાગી? એને આમહે એછે
એહેકેન કાહા દારી-દારી એઅતાહા? કા જેહેકેન આમહાયજ આમહે
શક્તિ કા ભક્તિ તાકાતેવોય યા માઅહાલ ચાલા-ફિરા લાયકે બોનાડી
દેનો.
13 આમહે આગલ્યાડાયા આબ્રાહામા, ઈસાકા એને યાકૂબા
પોરમેહેર, આપહે વડીલાહા પોરમેહેરે ચ્યા ચાકાર ઈસુવા મહિમા
કોઅયી, બાકી તુમહાય ચ્યાલ માઆઇ ટાકાંહાટી યહૂદી આગેવાનહાન
હોઅપી દેનો, એને જોવે પિલાત રાજાય ચ્યાલ ડોંડ દેઅનાથી મોનાઈ
કોઇ દેના, તોવે તુમહાય પિલાતા હોમ્મે ઈસુ નાકાર કોઅયા.
14 તુમહાય ઈસુલ નાકાર કોઇ દેનો, જો પવિત્ર એને ન્યાયી હેય, બાકી
તુમહાય ઈ માગણી કોઅયી કા ચ્યા બોદલે ખૂની માઅહાલ તુમહેહાટી
છોડી દેય.
15 એને તુમહાય લોકહાન જીવન દેનારાલ માઆઇ ટાક્યો બાકી
પોરમેહેરે ચ્યાલ મોઅલા માઅને પાછો જીવતો ઉઠાડયો, ચ્યા આમા
સાક્ષી હેજે.
16 ખ્રિસ્ત ઈસુ નાવામાય બોરહો કોઅલા લીદે યા માઅહાલ જ્યાલ
તુમા જાંઅતેહે, જ્યાલ તુમા યે સમયે એઅઇ રીયહે, ચ્યાલ તાકાત
દેનલી હેય ઈ માઅહું ઈસુ નાવામાય એને ખ્રિસ્ત ઈસુમાય બોરહો
કોઅલા લીદે બિલકુલ હારો હુદરી ગીઅલો હેય, જેહેકેન તુમા પોતે એઇ
રીઅલા હેય."
17 "એને આમી ઓ બાહાહાય, માન ખોબાર હેય કા તુમહાય એને
તુમહે આગેવાનાહાય ઈસુલ જાંઅયા વોગાર માઆઇ ટાક્યો કાહાકા
તુમહાન નાંય ખોબાર આતી કા તો ખ્રિસ્ત હેય.
18 બાકી જયેં વાતહેબારામાય પોરમેહેરાય બોદા
ભવિષ્યવક્તાહાકોય પેલ્લાજ આખલા આતા, કા ખ્રિસ્ત દુઃખ ઉઠાવી

એને માઆઇ ટાકલો જાય, એને આય તી હાચ્ચાં સાબિત કોઇ
દેખાડયાં.
19 યાહાટી આમી તુમા પાપ કોઅના બંદ કોઆ, એને પોરમેહેરા
એછે ફિરા કા તુમહે પાપહા માફી મિળી, તોવે પોરમેહેરાપાઅને આત્મિક
સામર્થ્ય મિળી.
20 એને તો ઈસુલ દોવાડી, જો ખ્રિસ્ત હેય જ્યાલ તુમહેહાટી
પેલ્લાથીજ નિવાડલા હેય.
21 ઈસુલ હોરગામાય આ સમયે લોગુ રોઅના જરુરી હેય, જોવે
પોરમેહેર એ વસ્તુલ નોવી બોનાવી દી જ્યો એ બોનાવલ્યો હેય,
બોજ સમાયા પેલ્લા પોરમેહેરાય લોકહાન ઈ આખાહાટી પવિત્ર
ભવિષ્યવક્તાહાકોય એહેકેન કોઅના વાયદો કોઅયો.
22 જેહેકેન કા મૂસાય આખ્યાં, 'તુમહે પ્રભુ પોરમેહેર તુમહે બાહાહા
માઅને તુમહેહાટી મા રોકો યોક ભવિષ્યવક્તાલ દોવાડી, જીં કાય તો
તુમહાન આખે, આ તુમા વોનાજા.'
23 બાકી જો કાદો માઅહું આ ભવિષ્યવક્તા નાંય વોનાયે, તી માઅહું
પોરમેહેરા લોકહામાય નાંય રોય એને પોરમેહેર આલ નાશ કોઅય
દેઅરી.
24 શમુએલ ભવિષ્યવક્તા એને આ પાછે યેનારાહા આરે બોદા
ભવિષ્યવક્તાહાયબી વાત આખ્યેલ યા દિહીહયામાય કાય ઓઅરી.
25 તુમા બોદા ભવિષ્યવક્તાહા વારીસ હેતા એને આ કરારા
ભાગીદાર હેય, જો પોરમેહેરે તુમહે આગલ્યા ડાયહા આરે કોઅલો,
કાહાકા પોરમેહેરાય આબ્રાહામાલ આખ્યાં, 'તો વંશાકોય દોરતીવોય
બોદા જાતી લોક બોરકાત મેળવી.'
26 પોરમેહેરાય આ ચાકારાલ મોઅલા માઅને પાછો જીવતો ઉઠાડીન
બોદહા પેલ્લા તુમહેપાય દોવાડયો, કા આપહે માઅને બોદહાલ આહા
પાપી જીવના માઅને ફેરવી લેયને પોરમેહેરા બોરકાત દેય."

# 4

## પિત્તર એને યોહાન

1 જોવે પિત્તર એને યોહાન લોકહાન ઈ આખી રીઅલા આતા, તોવે
યાજક એને દેવાળા રાખવાળી કોઅનારાહા આગેવાન એને સાદૂકી લોક
ચ્યાહા હોમ્મે યેયન ઉબા રિયા.
2 એને બોજ ખિજવાય ગીયા, કાહાકા પિત્તર એને યોહાન ઈસુ
બારામાય હિકાડતા આતા કા જ્યા લોક મોઅઇ ગીયહા પોરમેહેર
ચ્યાહાન મોઅલા માઅને પાછો જીવતો કોઅરી, જેહેકેન ચ્યાય ઈસુલ
મોઅલા માઅને પાછો જીવતો કોઅયો.
3 એને ચ્યાહાય ચ્યાહાન દોઓઈન બીજે દિહે લોગુ જેલેમાય થોવ્યા,
કાહાકા રુવાળા પોડી ગીઅલા આતા.
4 એને જ્યેં પ્રેષિતાહા સંદેશ વોનાયે, ચ્યાહામાઅને બોજ લોકહાય
ઈસુવોય બોરહો કોઅયો, એને બોરહો કોઅનારા માટડાહા ગોણત્રી
બોદી મિળીન આમી લગભગ પાચ ઓજાર લોગુ ઓઅય ગીયી.

## પિત્તર એને યોહાન યહૂદી સોબાયે હામ્મે

5 બીજે દિહી ચ્યાહા આગેવાન, વડીલ લોક એને મૂસા નિયમ
હિકાડનારા ગુરુ યેરૂસાલેમ શેહેરામાય યોક જાગે યોખઠા જાયા.
6 જ્યા લોક સોબાયેમાય યોખઠા જાયલા આતા, ચ્યાહામાય હન્ના
મહાયાજક આતો એને કાયફા, યોહાન, સિકંદર એને બિજા જોલા
મહાયાજકા કુટુંબમાઅને આતા ચ્યાબી સોબાયેમાય સામીલ આતા.
7 એને પિત્તર એને યોહાનાલ વોચમાય ઉબા કોઇન પુછા લાગ્યા, “યા
માઅહાલ હારાં કોઅરાહાટી કુંયે તુમહાન સામર્થ એને ઓદિકાર દેનો?”
8 તોવે પિત્તર પવિત્ર આત્માકોય બોઆય ગીયો એને ચ્યે
આગેવાનહાન આખ્યાં.
9 “ઓ લોકહા આગેવાનાહાય એને વડીલાહાય, આમહાય યોકા
નોબળા માઅહા ભલા કોઅલા હેય, એને આજે યા બારામાય આમહે
પૂછપારસ ઓઈ રીયહી કા યા કેહેકેન બોચાવ જાયો.
10 તોવે તુમા બોદા એને બોદા ઈસરાયેલી લોક જાઈલા કા ઈ નાજરેત
ગાવામાઅને ઈસુ ખ્રિસ્તા નાવાકોય કોઅલા હેય, ચ્યાજ ઈસુવાલ
તુમહાય હુળીખાંબાવોય ચોડવી દેનલો આતો, બાકી પોરમેહેરે ચ્યાલ
મોઅલા માઅને પાછો જીવતો કોઅયો, આજે ચ્યાજ નાવાકોય ઈ
માઅહું તુમહે હોમ્મે હારાં હુદરીન ઉબલાં હેય.

11 ખ્રિસ્ત ઈસુજ તો દોગાડ હેય, જ્યા બારામાય શાસ્ત્રામાય લોખલાં
હેય કા જ્યાલ તુમહે બાંદનારાહાય નોકામ્યો હુમજ્યો, એને તોજ
ખૂણાવોયને મેન દોગાડ બોની ગીયો.
12 ઈસુ સિવાય કાદા બિજા કોય બોચાવ નાંય હેય, કાહાકા હોરગા
નિચે માઅહામાય બિજા કાય નાંવ નાંય દેનલા હેય, જ્યાકોય આપા
બોચી જાય હોકજે.”

## ઈસુવા નાંવા હાટી શિષ્યાહાન દાકાડના

13 જોવે ચ્યાહાય પિત્તર એને યોહાન યાહા ઈમાત દેખ્યી, એને ઈ
જાંઅયા કા યા અભણ એને સાદે માઅહે હેય, તોવે નોવાય પામ્યા,
પાછે ચ્યાહાન વોળખ્યા, યા ઈસુ આરે રોય રીઅલા આતા.
14 બાકી જીં માઅહું હારો જાયલો આતો, તો પિત્તર એને યોહાના
આરે ઉબો દેખીન, સોબાયેમાય યોખઠા ઓઅલા લોક ચ્યાહા વિરુદમાય
કાયજ આખી નાંય હોક્યા.
15 બાકી ચ્યાહાન મોઠી સોબાયે બાઆ જાયને ઉબા રા આખ્યાં, એને
ચ્યા ચ્યાહામાય વિચાર કોઅતા લાગ્યા.
16 “આપા યા માઅહા આરે કાય કોઅતા? કાહાકા યેરૂસાલેમ
શેહેરામાય રોનારા બોદા લોકહાન ખોબાર હેય, કા યાહાકોય યોક પ્રસિદ
ચિન્હ દેખાડલા ગીઅલા હેય, એને આપા યાલ નાકાર નાંય કોઇ હોકજે.
17 બાકી લોકહામાય ઈ ખોબાર આજુ વોદારે નાંય ફેલાય જાય,
ચ્યાહાટી આપા ચ્યાહાન દમકાડતા, કા ચ્યા ઈસુ નાવાકોય પાછી કાદા
માઅહા આરે વાત નાંય કોએ.”
18 તોવે પિત્તર એને યોહાનાલ સબાયે માજે હાદ્યા એને ચેતાવણી
દેયને ઈ આખ્યાં, “ઈસુવા નાવાકોય કાયજ નાંય બોલના એને નાંય
હિકાડના.”
19 બાકી પિત્તર એને યોહાનાય ચ્યાહાન આખ્યાં, “તુમાંજ ઠોરવા, કા
કાય ઈ પોરમેહેરા આગલા હારાં હેય, કા આમા પોરમેહેરા વાતે કોઅતા
તુમહે વાત માનજે?
20 કાહાકા ઈ તે આમહે કોય નાંય ઓઈ હોકે, કા જીં આમહાય દેખ્યા
એને વોનાલા હેય, તી નાંય આખજે.”

21 તોવે ચ્યાહાય ચ્યાહાન આજુ દોમકાડીન જેલેમાઅને છોડી દેના,
કાહાકા લોકહા લીદે ચ્યાહાન ડોંડ દેઅના કાયજ કારણ નાંય મિળ્યાં,
યાહાટી કા જીં ઘટના જાયલી આતી ચ્યા લીદે બોદા લોક પોરમેહેરા
સ્તુતિ કોઅતા આતા.
22 કાહાકા જો માટડો ચમત્કારિક રીતે હારો જાયલો આતો, તો
ચાળહી વોરહા કોઅતો વોદારી ઉંબારે આતો.

## શિષ્યહા પ્રાર્થના

23 પિત્તર એને યોહાન જેલેમાઅને સુટીન યેરૂસાલેમમાય ચ્યાહા
હાંગાત્યાહા પાય યેના, એને જીં કાય મુખ્ય યાજક એને આગેવાનહાય
આખલા આતા, ચ્યાહાન આખી દેના.
24 ઈ વોનાઈન, ચ્યાહાય યોકમન ઓઇન મોઠા આવાજા કોય
પોરમેહેરાલ પ્રાર્થના કોઅયી, "ઓ પ્રભુ, તું તોજ હેય જ્યાંય હોરગા
એને દોરતી એને જીં કાય ચ્યામાય હેય બોનાવ્યાં.
25 તુયે પવિત્ર આત્માકોય તો ચાકાર આમહે વડીલ દાઉદા મુંયા કોઇન
આખ્યાં કા, ગેર યહૂદી લોકહાય કાહા ખળબળ કોઅયી? એને લોકહાય
કાહા નોકામ્યે વાતહે વિચાર કોઅયો?
26 પ્રભુ એને ચ્યા ખ્રિસ્તા વિરુદમાય દોરતી રાજા ઉબા રોય ગીયા,
એને ઓદિકારી યોખઠા ઓઅઇ ગીયા.
27 હાં, હેરોદેસ એને પંતિયાસ પિલાત બી યા નગરમાય ગેર યહૂદી
એને ઈસરાયેલીયાઆરે મિળીન તો પવિત્ર સેવક ઈસુ વિરુદમાય, જ્યાલ
તુયે ખ્રિસ્તા રુપામાય અભિષેક કોઅયેલ, આસલીમાય એકતામાય
યોખઠા ઓઅય ગીઅલા આતા.
28 ચ્યાહાય તીંજ કોઅયા જીં તો સામર્થ્યાકોય એને તો ઇચ્છાકોય
પેલ્લાજ નોક્કી કોઇ લેદલા આતા કા ઓઅરા જોજે.
29 આમી ઓ પ્રભુ, ચ્યાહા દમકી વોનાય, એને તો સેવકાહાલ ઈ
વરદાન દે કા તો વચન મોઠી ઈમાતે કોય આખે.
30 એને હારાં કોઅરાહાટી તું ઓદિકાર દે કા ચિન્હ ચમત્કાર એને
અદભુત કામ તો પવિત્ર સેવક ઈસુ નાવાકોય કોઅલે જાય."

31 જોવે એ પ્રાર્થના કોઇ ચુક્યે, તોવે તો જાગો જાં એ બેગે આતેં
આલી ગીયો, એને એ બોદે પવિત્ર આત્માકોય બાઆય ગીયે, એને આ
પોરમેહેરા વચન મોઠી ઈમાતે કોય આખે.

### બોરહો કોઅનારા મોદાત

32 એને બોરહો કોઅનારાહા મંડળી યોક જીવ એને યોકા મોના
આતી, ઓલે લોગુ કા કાદોજ પોતા મિલકાત પોતા નાંય આખતો આતો,
બાકી આહાય આહાપાય જીં કાય આતાં તી બોદા યોખઠા કોઅયા.
33 એને પ્રેષિત મોઠા સામર્થ્યાકોય પ્રભુ ઈસુ મોઅલા માઅને પાછો
જીવી ઉઠના બારામાય સાક્ષી દેતા રોયા એને આ બોદહાવોય પોરમેહેરા
મોઠી સદા મોયા આતી.
34 એને આહામાય કાદોજ ગરીબ નાંય આતો, કાહાકા જ્યાહાવોય
જાગો એને ગોએ આતેં, એ આહાન વેચી-વેચિન, વેચલી વસ્તુ પોયહા
લેય યેત, એને પ્રેષિતાહાલ દેત.
35 એને જેહેકેન જ્યાલ ગોરાજ પોડે, આનુસાર પ્રેષિત બોદહાન વાટી
દિયા કોઅતે આતેં.
36 યોસેફ નાંવા યોક માટડો આતો, તો લેવી કુળામાઅને આતો,
એને સાઇપ્રસ બેટવોયને આતો, પ્રેષિતાહાય આલ બારનાબાસ આખ્યાં,
જ્યા મતલબ હેય, યોક ઓહડો માઅહું જો બીજહાન ઉત્તેજન કોઅહે.
37 આ કોલહિક જમીન આતી, આય એલ વેચી દેની, એને જાગો
વેચલા પોયહા લેય યેયન પ્રેષિતાહાલ દેના.

# 5

### પવિત્ર આત્માલ જુઠા બોલના

1 વિસ્વાસ્યાહા માઅને, હનાન્યા નાંવા યોક માટડાય એને આ થેએ
સફીરા આહાય કોલહિક મિલકાત વેચી દેની જીં આહા આતી.
2 એને આ પોયહા માઅને કોલહાક પોયહા હનાન્યાય આહાહાટી
રાખી થોવ્યા, એને બાકી પોયહા લેય યેયન આહાય પ્રેષિતાહાલ દેય
દેના એને ઈ વાત આ થેએબી હારેરીતે જાઅતી આતી.
3 તોવે પિત્તરે આખ્યાં, "ઓ હનાન્યા, જો સૈતાને તો મોનામાય પવિત્ર
આત્મા આરે જુઠા બોલના વિચાર ટાકલો હેય, એને તુયે તો વેચલી
મિલકાત માઅને કોલહાક પોયહા તોહાટી રાખી થોવલા હેય.

4 કાય વેચી દાં પેલ્લા તો મિલકાત તો નાંય આતી? એને જોવે વેચી
દેની તે ચ્યા કિંમત કાય તો તાબામાંય નાંય આતી? તે તો મોનામાય ઓ
ખારાબ વિચાર કેહેકેન યેનો? તુયે માઅહાલ નાંય, બાકી પોરમેહેરાલ
છેતર્યો."
5 ઈ વોનાતાજ હનાન્યા દોરતીવોય પોડી ગીયો, એને તો મોઓઈ
ગીયો, એને બોદા વોનાનારા લોક ગાબરાય ગીયા.
6 પાછે જુવાન્યા યેયન ચ્યા કુડી ફાડકા કોઇન ચોંડાળીન બાઆ લેય
જાયને દાટી દેના.
7 લગભગ તીન કલાક પાછે ચ્યા થેએ માજે યેની, તી યે ઘટના
બારામાય કાયજ નાંય જાઅતી આતી.
8 તોવે પિત્તરે ચ્યેલ પુછ્યાં, "માન આખ ઓલહામાયજ મિલકાત
વેચ્યેલ કા?" ચ્યે આખ્યાં, "હાં, ઓલહાંજ માય."
9 પિત્તરે ચ્યેલ આખ્યાં, "ઈ કાય વાત હેય, કા તુમા બેન્યાહાય પ્રભુ
આત્મા પરીક્ષા કોઅરાહાટી એકી કોઅયી? એએ, તો દોનારાલ દાટીન
યેનારા બાઅણા પાય ઉબલા હેય, એને તુલબી બાઆ લેય જાય."
10 તોવે તી તારાત ચ્યા પાગહા આગલા દોરતીવોય પોડી ગીયી એને
તી મોઓઈ ગિઇ, એને જુવાન્યા માજે યેના, તોવે ચ્યેલ મોઅલી દેખી,
ચ્યેલ બાઆ લેય ગીયા, એને ચ્યે માટડા પાહી દાટી દેની.
11 એને યેરૂસાલેમ શેહેરા મંડળીમાય એને જ્યાહાય ઈ વાત વોનાયે
ચ્યે બોદે બોજ ગાબરાય ગીયે.

## પ્રેષિતાહાકોય ચિન્હ એને ચમત્કાર

12 પ્રેષિતાહાકોય બોજ ચિન્હ એને અદભુત કામે લોકહામાય દેખાડલે
જાતે આતેં, એને બોદે બોરહો કોઅનારે યોકમન ઓઇન દેવાળા ઈહીં
સુલેમાના પારસાળા માય બેગે ઓઅતે આતેં.
13 બાકી જ્યાહાય આમી લોગુ ઈસુવોય બોરહો નાંય કોઅલો આતો,
ચ્યાહાલ ઈ ઈમાત નાંય ઓએ કા, ચ્યાહામાય મિળી જાજે, તેરુંબી લોક
ચ્યાહા વાહવા કોઅતા આતા.
14 એને પ્રભુવોય બોરહો કોઅનારાહા ગોણત્રી વોદતી ગીયી.
15 જીં કાય પ્રેષિત કોઅતા આતા ચ્યા લીદે લોક બિમાર્યાહાન
વાટેવોય લેય યેયન પાથારી એને ખાટલાહાવોય હુવાડી દાં આતેં, કા

જોવે પિત્તર યેય, તોવે ચ્યા છાવાડીજ ચ્યાહામાઅને કાદાવોય પોડી
જાય.
16 એને યેરૂસાલેમ શેહેરા આહી-પાહીને શેહેરામાઅને બોજ લોક
બિમાર્યાહાન એને બુતહાકોય પીડાલાહાન લેય યેયન, પ્રેષિતાહા પાય
બેગે ઓઅતે આતેં, એને બોદે હારેં કોઇ દેવામાય યેતે આતેં.

## પ્રેષિતાહાન જેલેમાય કોંડાડના

17 તોવે મહાયાજક એને ચ્યા બોદા હાંગાત્યા જયા સાદૂકી ટોળા
આતા, પ્રેષિતાહા આરે ઈર્ષ્યા કોઅરા લાગ્યા.
18 એને પ્રેષિતાહાન દોઇન જેલેમાય કોંડાડી દેના.
19 બાકી રાતી પ્રભુ યોક હોરગા દૂતાય જેલે બાઅણા ઉગાડીન
ચ્યાહાલ બાઆ લેય યેયન આખ્યાં.
20 “જાયા, દેવાળામાય ઉબા રોયન, લોકહાન યા નોવા અનંતજીવના
બારામાય આખા.”
21 ઈ વોનાયને પ્રેષિત બોડે હાકાળેહેજ દેવાળામાય ગીયા, જેહેકેન
ચ્યાહાન હોરગા દૂતહાકોય આખલા ગીઅલા આતા, એને ચ્યાહાય
લોકહાન હિકાડના સુરુ કોઅયા. બાકી મહાયાજક એને ચ્યા
હાંગાત્યાહાય યેયન મોઠી સોબાયેલ એને ઈસરાયેલ્યાહા બોદા
વડીલાહાન ચોખઠા કોઅયા, એને જેલેમાય આખી દોવાડયા કા
પ્રેષિતાહાન લેય યેય.
22 બાકી દેવાળા રાખવાળ્યા જેલેમાય પોઅચ્યા તે પ્રેષિત ચ્યાહાન
નાંય મિળ્યાં, એને ફિરી યેયન ચ્યાહાય આખ્યાં.
23 “આમહાય તે જેલેલ તે બરાબર બંદ કોઅલા, એને જાગલ્યાહાન
બાઆ બાઅણા પાય ઉબલા દેખ્યા, બાકી જોવે ખુલ્યા, તે માજે કાદોજ
નાંય મિળ્યો.”
24 જોવે દેવાળા રાખવાળ્યાહા આગેવાન એને મુખ્ય યાજક ઈ
ખોબાર વોનાયા, તે ચ્યાહા બારામાય બોજ ચિંતામાય પોડી ગીયા કા
યા પરિણામ કાય ઓઅરી.
25 એ સમયે કાદાય તેરુ યેઇન ચ્યાહાન આખ્યાં, “એઆ, જયાહાન
તુમહાય જેલેમાય કોંડાડી દેનલા આતા, ચ્યા દેવાળામાય ઉબા રોયન
લોકહાન હિકાડી રીઅલા હેય.”
26 જોવે ચ્યા ઈ વોનાયા, તોવે દેવાળા રાખવાળ્યાહા આગેવાન
રાખવાળ્યાહા આરે દેવાળામાય ગીયા, એને પ્રેષિતાહાલ મોઠી સોબાયે

હોમ્મે લેય યેના, બાકી બળજબરી કોઇન નાંય, કાહાકા ય્હા લોકહાન
બિઅતા આતા, કા લોક ય્હાહાન દોગડાકોય ઠોકીન ય્હાહાન માઆઇ
ટાકી.
27 જોવે મોઠી સોબાયેમાય ઉબા કોઅયા, તોવે મહાયાજકાય
ય્હાહાન પુછ્યાં.
28 “કાય આમહાય ચેતાવણી દેયન તુમહાન આગના નાંય દેનલી?
કા તુમા યા નાંવા બારામાય હિકાડના નાંય, તેરુંબી, તુમહાય બોદા
યેરૂસાલેમ શેહેરામાય તુમહે શિક્ષણ બોઓઈ દેનલા હેય એને યા
માઅહાલ માઆઇ ટાકના દોષ બળજબરી કોય આમહાવોય કાહા થોવા
માગતાહા.”
29 તોવે પિત્તર એને બિજા પ્રેષિતાહાય જાવાબ દેનો, “માઅહા
આગના પાળના કોઅતા પોરમેહેરા આગના પાળના આમે ફરજ હેય.
30 આમહે આગલ્યા ડાયહા પોરમેહેરે ઈસુલ મોઅલા માઅને પાછો
જીવતો કોઅયો, જ્યાલ તુમહાય હુળીખાંબાવોય ચોડવીન માઆઇ
ટાકલો.
31 ય્હાલુજ પોરમેહેરે પ્રભુ એને તારણારો ઠોરવ્યો, ય્હા જમણા
આથાકોય ઉચો કોઅયો, કા ઈસરાયેલા લોક ય્હાહા ખારાબ વિચાર
એને વાટી વોયને પોરમેહેરાએછે ફિરે, એને ય્હાકોય ય્હાહા પાપહા માફી
મિળવે.
32 એને આમા યે વાતહે સાક્ષી હેજે, એને પવિત્ર આત્માબી, જો
પોરમેહેરાય ય્હાહાન દેનલા હેય, જ્યેં ય્હા આગના માનતેહેં.”
33 જોવે મોઠી સોબાયે લોક ઈ વોનાયા, એને ખિજવાઈ ગીયા, એને
પ્રેષિતાહાન માઆઇ ટાકના વિચાર કોઅતા લાગ્યા.
34 બાકી ગમાલીયેલ નાંવા યોક પોરૂષી જો મૂસા નિયમ હિકાડનારો
એને બોદા લોકહામાય માના-પાનાં આતો, મોઠી સોબાયેમાય ઉબો
રોયન પ્રેષિતાહાન થોડીવાઅ્આ લોગુ બાઆ લેય જાં આખ્યાં.
35 તોવે ય્હાય મોઠી સોબાયે સભ્ય આતા ય્હાહાન આખ્યાં,
“ઈસરાયેલ બાહાહાય, જીં કાય યા માઅહા આરે કોઅરા માગતાહા,
તી વિચાર કોઇન કોઅજા.
36 કાહાકા યા દિહીહયા પેલ્લા થિયુદાસ નાંવા માઅહું યેના, તો ઈ
આખે કા તો યોક મોઠા માઅહું હેય એને લગભગ ચાર હોવ માઅહે

ચ્યા શિષ્ય બોની ગીયે, એને ચ્યાલ માઆઇ ટાક્યો, એને ચ્યાલ માનનારે
વિખરાય ગીયે એને ચ્યાહા નાશ ઓઅયા.
37 ચ્યા પાછે લોકહા ગોણત્રી દિહહામાય ગાલીલ ભાગા માઅહું
યહૂદા યેનો, એને કોલહાક લોકહાન ચ્યા એછે કોઇ લેદા બાકી તેરુંબી
મોઅઇ ગીયો, એને ચ્યાલ માનનારા, બોદા વિખરાય ગીયા.
38 યાહાટી આમી આંય તુમહાન આખતાહાવ, યા માઅહા ઇહિને
દુર રા એને ચ્યાહાઆરે કાય કામ નાંય રાખતા, કાહાકા જોવે ઈ યોજના
યા કામ માઅહા ઇહિને ઓઅરી તોવે તો નાશ ઓઈ જાય.
39 બાકી જોવે પોરમેહેરા ઇહિને ઓઅરી તોવે તુમા ચ્યાહાન કોદાચ
મિટાડી નાંય હોકહા, એહેકોય નાંય બોને, કા તુમા પોરમેહેરાઆરે બી
લોડનારા બોને.”
40 તોવે ચ્યાહાય ચ્યા વાત માની લેદી, એને પ્રેષિતાહાન હાદિન માર
ઠોકાડયો, એને ચ્યાહાન ઈ આગના દેની કા આમીને ઈસુ નાવાકોય
કાયજ નાંય આખના એને પાછે ચ્યાહાન છોડી દેના.
41 ચ્યા યે વાતે લીદે ખુશ ઓઇન મોઠી સોબાયે હોમ્મેને જાતા રિયા,
કા આપા ઈસુ લીદે અપમાનિત ઓઅના લાયકે ઠોર્યા.
42 ચ્યા પાછે પ્રેષિતાહાય દિનેરોજ, દેવાળામાય એને ગોઅહે-ગોઅહે
જાયને હિકાડના એને હારી ખોબારે પ્રચાર કોઅના ચાલુ રાખ્યાં કા
ઈસુજ ખ્રિસ્ત હેય.

# 6

## હાત સેવકાહાન નિવાડના

1 ચ્યા દિહીહયામાય જોવે ઈસુવોય બોરહો કોઅનારાહા ગોણત્રી
વોદતી લાગી, તોવે યુનાની ભાષા બોલનારા શિષ્યહાય હિબ્રુ
બોલનારાહા શિષ્યહા વિરુદ કુરકુર કોઅરા લાગ્યા, “દિનેરોજ ખાઅના-
પિઅના માય આમહે વિધવા બાયહે ખોબાર નાંય લેદલી જાય.”
2 તોવે ચ્યા બારા પ્રેષિતાહાય યેરૂસાલેમ બિજા શિષ્યાહાલ
ચ્યાહાપાય હાદિન આખ્યાં, “આમહાન પોરમેહેરા વચન હિકાડના
છોડીન ખાઅના-પિઅના સેવાયેમાય રોઅના ઠીક નાંય હેય.

3 યાહાટી ઓ બાહાહાય, આપહે માઅને હાંત નાવાજલા માટડાહાન
જ્યા પવિત્ર આત્માકોય એને બુદ્ધિ કોય બોઆલા રોય, ઓહડાહાલ
નિવડી લા, કા આમા ચ્યાહાન યા કામ હોઅપી દેજે.
4 બાકી આમા તે પ્રાર્થના કોઅનામાય એને વચન પ્રચાર કોઅરા એને
હિકાડાં સેવાયેમાય લાગી રાહુ.”
5 ઈ વાત બોદી મંડળીલ હારી ગોમી, એને ચ્યાહાય સ્તેફનુસ નાંવા
યોક માટડો જો બોરહો કોઅનામાય એને પવિત્ર આત્માકોય બોઆલો
આતો, ફિલિપ, પ્રખરુસ, નીકાનોર, તિમોન, પરમીનાસ એને અન્તાકિયા
શેહેરા નીકુલાસાલ, જ્યાહાય યહૂદી ધર્મ સ્વીકાર કોઅય લેદલો આતો.
ચ્યાહાય યા લોકહાન નિવડયા.
6 એને યાહાન પ્રેષિતાહા હામ્મે લેય યેના, એને ચ્યાહાય પ્રાર્થના કોઇન
ચ્યા કામાલ કોઅરાહાટી ચ્યાહાન નિવડ કોઅયા.
7 એને પોરમેહેરા વચન ફેલાતા ગીયા, એને યેરૂસાલેમ શેહેરામાય
શિષ્યહા ગોણત્રી બોજ વોદતી ગીયી, એને કોલહાક યહૂદી યાજકાહાય
બી ઈસુ ખ્રિસ્તાવોય બોરહો કોઅયો.

## સ્તેફનુસાલ દોઅના

8 સ્તેફનુસ સદા મોયા એને સામર્થ્યાકોય બઆયન લોકહામાય મોઠે-
મોઠે અદભુત કામ એને ચિન્હે દેખાડતો આતો.
9 બાકી કોલહાક લોકહાય સ્તેફનુસા વિરુદ કોઅયો, ચ્યે ચ્યા સોબાયે
ઠિકાણા સભ્ય આતેં, જ્યાહાલ ગુલામી-છુટકો આખતે આતેં, ચ્યા
લોક કુરેન એને સિકન્દરિયા શેહેરામાઅને કિલિકિયા એને આસિયા
વિસ્તારામાઅને બી આતેં, યા લોક સ્તેફનુસા આરે બોલા-બોલી કોઅરા
લાગ્યા.
10 બાકી જીં કાય ચ્યાય આખ્યાં ચ્યે ચ્યા કાયજ જોવાબ નાંય દી
હોક્યે, કાહાકા પવિત્ર આત્માય ચ્યાલ બોજ બુધિમાની કોય બોલાહાટી
મોદાત કોઅયી.
11 તોવે ગુલામી-છુટકા લોકહાય કોલહાક માટડાહાન સ્તેફનુસા
બારામાય જુઠા બોલાહાટી ઉસરાવ્યા, “આમહાય યાલ મૂસા એને
પોરમેહેરા વિરુદમાય નિંદા વાતો કોઅતા વોનાયાહા.”

12 ચ્યાહાય સ્તેફનુસા વિરુદ લોક વડીલ, એને મૂસા નિયમ
હિકાડનારા ગુરુહુલ ઉસરાવ્યા એને ચ્યાહાય યેયન સ્તેફનુસાલ દોઅયો
એને મોઠી સોબાયે હામ્મે લેય યેના.
13 એને જુઠા સાક્ષીદાર ઉબા કોઅયા, જ્યાહાય આખ્યાં, "ઈ માઅહું
યા પવિત્ર દેવાળા એને મૂસા નિયમાહા વિરુદ નિંદા કોરાહાટી નાંય છોડે.
14 કાહાકા આમહાય ચ્યાલ એહેકોય આખતો વોનાયા, કા ઓજ
નાજરેત ગાવામાઅને ઈસુ દેવાળાલ પાડી ટાકી, એને ચ્યે રીતીહીન
બોદલી ટાકી જ્યો મૂસાય આપહાન હોઅપલ્યો હેય."
15 તોવે બોદા લોકહાય જ્યા મોઠી સોબાયેમાય બોઠલા આતા,
ચ્યાએછે યોકદીઠ એઇન ચ્યા મુંય હોરગા દૂતા રોકા દેખ્યા.

# 7

## સ્તેફનુસા સંદેશ

1 તોવે મહાયાજકાય પુછ્યાં, "કાય યો વાતો હાચ્ચો હેય?"
2 સ્તેફનુસે આખ્યાં, ઓ બાહાહાય, એને ડાયહાય વોનાયા, આપહે
આગલ્યો ડાયો આબ્રાહામ હારાન શેહેરામાય વોહતી કોઅરા પેલ્લા,
જોવે તો મેસોપોટેમિયા વિસ્તારમાય આતો, તો મહિમામય પોરમેહેરે
ચ્યાલ દર્શન દેના.
3 એને ચ્યાલ આખ્યાં, તું તો દેશ એને તો કુટુંબમાઅને નિંગીન ચ્યા
દેશામાય જો, જ્યાલ આંય તુલ દેખાડીહી.
4 તોવે ચ્યાય મેસોપોટેમિયા વિસ્તાર માઅને નિંગીન હારાન
શેહેરામાય જાયને વોહતી કોઅયી, એને ચ્યા આબહા મોરણા પાછે
પોરમેહેરાય ચ્યાલ તાઅને યા દેશામાય લેય યેયન વોહતી કોઆડયો,
જ્યામાય આમી આપા રોતહા,
5 બાકી પોરમેહેરે ચ્યાલ કાયજ ભાગ નાંય દેનો, ઓલેલુગું કા પાગ
થોવે ઓલહો જાગો બી નાંય દેનો, બાકી ઓ વાયદો કોઅયો કા, "આંય
ઓ દેશ તુલ એને તો પાછે તો પીડીલ દેય દિહી." એને ચ્યે સમયે ચ્યા
કાદો પોહોબી નાંય આતો.

6 એને પોરમેહેરે એહેકેનબી આખ્યાં, તો પિડયે લોક પારકા દેશા
પરદેશા ઓઅરી, એને સ્યા લોક સ્યાહાન ગુલામ બોનાવી લી એને ચાર
હોવ વોરહે લોગુ સ્યાહાઆરે ખારાબ વ્યવહાર કોઅરી.
7 પાછી પોરમેહેરે આખ્યાં, જ્યેં જાતી સ્યે ગુલામ બોની, સ્યાહાન
આંય ડોંડ દિહી, સ્યા પાછે સ્યે સ્યા દેશામાઅને બાઅા યેયન યા
જાગાવોય મા ભક્તિ કોઅરી.
8 એને પોરમેહેરે આબ્રાહામાઆરે કરાર કોઅયો એને સ્યાલ આખ્યાં
કા, “તો કુટુંબા બોદા માટડાહા કરારા ચિન્હા રુપામાય સુન્નત કોઆડ,”
સુન્નતા નિયમ દેયના યોકા વોરહા પાછે, ઈસાકા જન્મો જાયો, એને
આઠવે દિહી સ્યા સુન્નત કોઅયા, ઈસાકે સ્યા પોહા યાકૂબા સુન્નત
કોઅયા એને યાકૂબે સ્યા બારા પોહહા સુન્નત કોઅયા. જ્યા આમહે
આગલ્યાડાયા આતા.
9 એને યાકૂબા પોહાહાય યોસેફા આરે ઈર્ષ્યા કોઇન સ્યાલ મિસર
દેશામાય જાનારાહાલ ગુલામા રુપામાય વેચી દેનો, બાકી પોરમેહેર
સ્યાઆરે આતો.
10 એને પોરમેહેરે યોસેફાલ બોદી તકલીફ માઅને બોચાડીન મિસર
દેશા રાજા ફારુના આગલા મોયા એને બુદ્ધિ દેની, ફારુન રાજાય
યોસેફાલ મિસર દેશાવોય એને સ્યા બોદા મેહેલાવોય પ્રધાન બોનાડયો.
11 જોવે યોસેફ પ્રધાન આતો, તોવે કા બોદા મિસર દેશામાય એને
કનાન દેશામાય ઓલો મોઠો દુકાળ પોડયો, જ્યાકોય બોજ તકલીફ
પોડી, એને આપહે આગલ્યા ડાયહાન ખાઅના નાંય મિળતા આતા.
12 બાકી યાકૂબાય ઈ વોનાયને, કા મિસર દેશામાય અનાજ હેય,
આપહે આગલ્યાડાયા જાય એને તાઅને અનાજ વેચાતાં લેય, સ્યા
યોસેફાલ મિળ્યાં એને અનાજ વેચાતાં લેદા, બાકી સ્યાહાય સ્યાલ નાંય
વોળખ્યો.
13 બીજેદા, જોવે સ્યા અનાજ લા ગીયા, તોવે યોસેફાય પોતા
બાહહાન વોળખાણ દેખાડી એને ફારુન રાજાલ બી યોસેફા જાત
ખોબાર પોડી ગીયી.
14 તોવે યોસેફે સ્યા આબહા યાકૂબાલ એને સ્યા બોદા કુટુંબાલ, જ્યેં
પંચોતર માઅહે આતેં, મિસર દેશામાય યાહાટી સંદેશ દોવાડયો.

15 તોવે યાકૂબ મિસર દેશામાય ગીયો, એને કોલહાક સમાયા પાછે
યાકૂબ એને આપહે આગલ્યાડાયા મોઅઇ ગીયા.
16 આહાય યાકૂબ એને આહા પોહહા મોઅલા શરીર મિસર
દેશામાઅને આપહે દેશ કનાના શેખેમ શેહેરામાય લી યેના, એને આહાય
યાકૂબા મોઅલા શરીર એ કોબાર માય દાટ્યા, જ્યાલ આબ્રાહામાય
વેચાતાં લેદેલ, એને આહાય યાકૂબા પોહાહા મોઅલા શરીર શેખેમ
શેહેરા એ જમીનમાય દાટ્યા, જીં યાકૂબાય હમોરા પોહહા વોઅને
વેચાતાં લેદેલ.
17 બાકી જોવે તો વાયદો પુરો ઓઅના સમય પાહે યેનો, જો
પોરમેહેરે આબ્રાહામાઆરે કોઅલો આતો, તોવે મિસરમાય આ લોક
વોદતા લાગ્યા, એને બોજ ઓઈ ગીયા.
18 તોવે મિસર દેશામાય બિજો નોવો રાજા જાયો, તો યોસેફાલ નાંય
વોળાખતો આતો.
19 આય આપહે જાતી આરે ચાલાકી કોઇન આપહે વાડ-
વડીલાહાઆરે ઓલે લોગુ ખારાબ વ્યવહાર કોઅયો, કા આયહે-
આબહાલ નોવા જોન્મુલા પોહહાન ટાકી દાં પોડ્યા જ્યેથી એ મોઅઇ
જાય.
20 એ સમયે મૂસા જન્મો જાયો, એને તો પોરમેહેરા નોજારેમાય
બોજ હારો આતો; એને તીન મોયના લોગુ આ આયહે-આબહાય
ગુપ્તરુપમાય દેખભાલ કોઅયી.
21 બાકી જોવે એ આલ દુબાડી નાંય હોક્યે, તે આહાય આલ ગોઆ
બાઆ થોવી દેનો, તોવે ફારુના પોહયેય આલ દત્તાક લેદો, એ આ
પાલનપોષણ પોતે પોહા રોકા કોઅયા.
22 એને મૂસાલ મિસરીયાહા બોદી વિદ્યા હિકાડી, એને તો વાત એને
કામ કોઆ સામર્થ્ય શાલી બોની ગીયો.
23 જોવે મૂસા ચાળહી વોરહા જાયો, તોવે આય ઈસરાયેલી
બાહહાન મિળાં વિચાર કોઅયો.
24 તાં આય યોક મિસરી માઅહાકોય યોકા ઈસરાયેલી માઅહાવોય
અન્યાય ઓઅતા દેખ્યો, આલ બોચાડયો, એને મિસરી માઅહાલ
માંઈને આ બોદલો લેદો.

25 મૂસાય વિચાર કોઅયો, કા ચ્યા જાતવાળે હોમજી કા પોરમેહેર
ચ્યા આથાકોય ચ્યાહાલ ગુલામીમાઅને સોડવી, બાકી ચ્યાહાય નાંય
હોમજ્યા.
26 બીજે દિહી જોવે ઈસરાયેલી ચ્યાહામાયજ લોડી રિઅલો આતો,
તોવે તો તાં જાય પોઅચ્યો, એને ઈ આખીન ચ્યાહાન હોમજી જાંહાટી
હોમજાડયા, કા ઓ બાહાહાય, તુમા તે બાહા-બાહા હેય, ચોકા
બિજાવોય કાહા અન્યાય કોઅતાહા?
27 બાકી જો ચ્યા પડોશીવોય અન્યાય કોઇ રિઅલો આતો, ચ્યાય ઈ
આખીન ધોક્કો દેનો, તુલ કુંયે આમહાવોય પ્રધાન એને ન્યાય કોઅનારો
ઠોરવ્યોહો?
28 કાય જેહેકેન તુયે કાલે મિસરી માઅહાલ માઆઇ ટાક્યો તેહેકેન
માન બી માઆઇ ટાકાં માગતોહો કા?
29 ઈ વાત વોનાઈન મૂસા ગાબરાય ગીયો એને તો મિસર દેશ છોડીન
નાહી પોડયો, એને મિદ્યાન દેશામાય પારદેશી બોનીન રા લાગ્યો, એને તાં
ચ્યા બેન પાહહા જન્મો જાયો.
30 મિદ્યાન દેશામાય મૂસા ચાળહી વોરહે રિયો તોવે, ચોક હોરગા
દૂતાય સીનાય ડોંગા ઉજાડ જાગામાય ચ્યાલ બોળતા જેખરાહા માજે
દર્શન દેના.
31 જોવે મૂસાય બોળતા જાડાલ દેખ્યા જી ભસ્મ નાંય ઓઈ રીઅલા
આતા, તે મૂસાલ નોવાય લાગી. એને તી એરાહાટી તો પાહાય જાતો
લાગ્યો, તોલાહામાય તો પ્રભુ આવાજ વોનાયો.
32 "આંય તો આગલ્યા ડાયાહા પોરમેહેર, આબ્રાહામા પોરમેહેર,
ઈસાકા એને યાકૂબા પોરમેહેર હેતાંવ." તોવે મૂસા ગાબરાયને કાપતો
લાગ્યો, ઓલે લોંગુ કા ચ્યાલ એઅના ઈમાત નાંય જાયી.
33 તોવે પ્રભુય ચ્યાલ આખ્યાં, મા પ્રતિ આદર દેખાડાં હાટી તો પાગહા
માઅને વાઅણે કાડી લે, કાહાકા તું જાં ઉબો હેય, તો જાગો પવિત્ર હેય.
34 માયે હાચ્ચાંજ મા લોકહા ખારાબ દશા જ્યા મિસર દેશામાય
હેય, દેખહી, ચ્યાહા હુંઅકા એને ચ્યાહા રોડના માયે વોનાય લેદલા હેય,
યાહાટી ચ્યાહાન બોચાવાં હાટી આંય ઉતી યેનહો, આમી યે, આંય તુલ
મિસર દેશામાય દોવાડુહુ.

35 ઓ તોજ મૂસા હેય જ્યાલ ઈસરાયેલ્યાહાય નાકાર કોઇ દેનલો
આતો, એને જ્યાહાય આખલા આતા, તુલ કુંયે આમહે પ્રધાન એને
ન્યાય કોઅનારો બોનાડયોહો? ઓ તોજ હેય જ્યાલ પોરમેહેરાય ચ્યા
હોરગા દૂતાકોય, જો ચ્યાહાટી જાડયેમાય પ્રગટ ઓઅલો આતો, શાસક
એને તારણ દેનારો ઓઅરાહાટી દોવાડયો.
36 ઈ માઅહું મિસર દેશ એને લાલ દોરિયામાય એને ઉજાડ
જાગામાય ચાળહી વોરહે લોગુ અદભુત કામ એને ચિન્હ દેખાડી-દેખાડી
ચ્યાહાન કાડી લેય યેનો.
37 ઓ તોજ મૂસા હેય, જ્યાંય ઈસરાયેલી લોકહાન આખ્યાં,
પોરમેહેર તુમહે બાહાહા માઅને તુમહેહાટી મા રોકો યોક ભવિષ્યવક્તા
ઉબો કોઅરી.
38 ઓજ મૂસા યોક ભવિષ્યવક્તા રુપામાય આપહે આગલ્યા ડાયહા
આરે આતો જોવે ચ્યે ઉજાડ જાગામાય હોરગા દૂતા આરે યોકહાતે બેગે
આતેં, તાં સીનાય ડોંગાવોય મૂસાલ જીવન દેનારા વચન મિળ્યાં એને
ચ્યાય આપહે લોગુ પોઅચાડી દેના.
39 બાકી આપહે આગલ્યા ડાયહાય ચ્યાલ નાંય માન્યા, બાકી ચ્યાલ
ઠકરાવીન ચ્યાહા મોનાકોય મિસર દેશામાય પાછા ફિરી જાં માગતા
આતા.
40 એને મૂસા બાહા હારૂનાલ આખ્યાં, આમહેહાટી ઓહડી દેવતા
બોનાડ, જીં મિસર દેશ માય પાછા ફિરી જાંહાટી આમહે આગલા-
આગલા ચાલે, કાહાકા આમા નાંય જાંઆજે કા ચ્યા મૂસા કાય જાયા,
જો આમહાન મિસર દેશામાઅને છોડાવીન લેય યેનો.
41 એને ચ્યે સમયે ચ્યાહાય યોક વાછડા મુર્તિ બોનાવી, એને તી
મુર્તિલ બલિદાન ચોડાવ્યા, એને ચ્યાહા આથા કામહાકોય ખુશ ઓઅરા
લાગ્યા.
42 યાહાટી પોરમેહેરે ચ્યાહાન આકાશામાઅને દિહી, ચાંદ એને
ચાંદાલાહાન દેવતાહા રુપામાય ભક્તિ કોઅરાહાટી છોડી દેના. જેહેકેન
ભવિષ્યવક્તાહા ચોપડયેમાય પોરમેહેરાય આખ્યાં, "ઓ ઈસરાયેલી
લોકહાય, તુમા ઉજાડ જાગામાય ચાળહી વોરહા લોગુ માન જોનાવરહા
બલિદાન એને અન્નબલી નાંય ચોડવ્યા બાકી તુમહાય ચ્યાહાન બિજા
દેવતાહાન ચોડવ્યા.

43 તુમહાય ચ્યા માંડવાલ બોનાડયો જ્યામાય મોલોક દેવતા મુર્તિ
એને રીફાન દેવતા તારા ચિત્ર આતા, તી મુર્તિહિલ તુમહાય ભક્તિ
કોઅરાહાટી બોનાડયો, યાહાટી આંય તુમહાન બાબેલ દેશામાય લેય
જાયને થોવહી.”

44 સાક્ષી માંડવો ઉજાડ જાગામાય આપહે આગલ્યા ડાયહા
વોચમાય આતો, જેહેકેન પોરમેહેરે ઠોરવ્યો, જ્યાંય મૂસાલ આખ્યેલ,
જો માપ તુયે દેખલો હેય, ચ્યાનુસાર યાલ બોનાડ.

45 બોજ વોરહા પાછે તો માંડવો આપહે આગલ્યા ડાયહાય ચ્યાલ
મીળવીન યહોશુવા આરે ઈહીં લેય યેના, જર્યે સમયે કા ચ્યાહાય ચ્યા
ગેર યહૂદીયાવોય ઓદિકાર મેળાવ્યો, જ્યાહાલ પોરમેહેરાય આપહે
આગલ્યા ડાયહા હામ્મેને કાડી દેના, એને તો માંડવો દાઉદ રાજા સોમાયા
લોગુ રિયો.

46 દાઉદ રાજાવોય પોરમેહેરાય સદા મોયા કોઅયી, એને દાઉદ
રાજાય યાકૂબા પોરમેહેરાહાટી રોઅના માંડવો બોનાડા વિનાંતી કોઅયી.

47 બાકી ચ્યા પોહો સુલેમાને ચ્યાહાટી યોક દેવાળા બોનાવ્યાં.

48 બાકી પરમપ્રધાન પોરમેહેર આથહા કોઇન બાંદલા દેવાળામાય
નાંય રોય, જેહેકેન યશાયા ભવિષ્યવક્તા ચોપડીમાય લોખલાં હેય.

49 પોરમેહેર આખહે, હોરગા મા રાજગાદી એને દોરતી મા પાગ
થોવના જાગો હેય, મા હાટી તુમા કોહોડે રીતે દેવાળા બોનાડાહા? એને
મા આરામ કોઅના કોઅહો જાગો રોય?

50 કાહાકા માયે પોતે હોરગા એને દોરતી બેની જાગામાય બોદા કાય
બોનાડલા હેય.

51 ઓ કોઠણ લોકહાય, તુમા ચ્યા વાત માના એને વોનાયા નાકાર
કોઅતાહા, તુમા કાયામ પવિત્ર આત્મા વિરુદ કોઅતાહા, જેહેકેન તુમહે
આગલ્યાડાયા કોઅતા આતા, તેહેકેન તુમાબી કોઅતાહા.

52 તુમહે આગલ્યા ડાયહાય બોદા ભવિષ્યવક્તાહા આરે ખારાબ
કોઅયા જ્યાહાલ પોરમેહેરાય દોવાડલા આતા, ચ્યાહાય ચ્યા
ભવિષ્યવક્તાહાલ માઆઇ ટાક્યા જ્યાહાન ખ્રિસ્ત જો ન્યાયી હેય ચ્યા
યેયના ભવિષ્યવાણી કોઅયેલ, એને આમી તુમા ચ્યાલ દોઅનારા એને
માઆઇ ટાકનારા બોન્યા.

53 તુમહાન હોરગા દૂતહાકોય પોરમેહેરા નિયમ મિળ્યાં, તેરુંબી
તુમહાય ચ્યા પાલન નાંય કોઅયા.

### સ્તેફનુસા હત્યા

54 યો વાતો વોનાઈન યહૂદી આગેવાન બોજ ખિજવાય ગીયા એને
સ્તેફનુસાવોય દાત કોકડાવા લાગ્યા.
55 બાકી ચ્યાય પવિત્ર આત્માકોય બોઆયને હોરગા એછે એઅયા,
એને ચ્યે પોરમેહેરા મહિમા એને ઈસુવાલ પોરમેહેરા જમણા આથા એછે
સન્માના જાગાવોય ઉબો રિઅલો દેખ્યો.
56 એને આખ્યાં, "એઆ, આંય હોરગાલ ઉગડી ગીઅલાં, એને
માઅહા પોહાલ પોરમેહેરા જમણા આથા એછે સન્માના જાગાવોય
ઉબો રિઅલો એઅતાહાવ."
57 તોવે ચ્યાહાય મોઠેરે બોંબલીન કાન ડુકી લેદા, એને યોખઠા ઓઇન
ચ્યાવોય ટુટી પોડ્યા.
58 એને ચ્યાલ યેરૂસાલેમ શેહેરા બાઆ લેય જાયને દોગડાટા લાગ્યા,
યે સમયે જ્યાહાય સ્તેફનુસાવોય દોષ લાવલો આતો ચ્યાહાય ચ્યાહા
ઉપર્યે ડોગલેં શાઉલ નાંવા યોક જુવાન્યાપાય થોવી દેને, કા તો ચ્યાહા
રાખવાળી કોએ.
59 એને ચ્યે સ્તેફનુસાલ દોગડાટતે રિયે, એને તો ઈ આખીન પ્રાર્થના
કોઅતો રિયો, "ઓ પ્રભુ ઈસુ, મા આત્માલ સ્વીકાર કોઓ."
60 પાછે માંડયે પોડીન મોઠેરે બોંબલ્યો, "ઓ પ્રભુ, યા પાપાહાટી તું
ચ્યાહાન માફ કોઇ દે." એહેકોય આખીન તો મોઅઇ ગીયો.

# 8

### શાઉલા વિસ્વાસ્યાહાવોય સતાવણી

1 શાઉલ પુરીરીતે સ્તેફનુસા મોરણા સહમત આતો. ચ્યેજ દિહી
યેરૂસાલેમ શેહેરા મંડળીવોય મોઠી સતાવણી શુરવાત જાયી એને પ્રેષિત
છોડીન બિજા બોદા ને બોદા યહૂદીયા વિસ્તાર એને સમરૂન ભાગામાય
વિખરાય ગીયા.
2 એને કોલહાક પોરમેહેરા આદર કોઅનારા માટડાહાંય સ્તેફનુસાલ
કોબારેમાય દાટ્યો, એને ચ્યાહાટી તે બોજ શોક કોઅયો.

3 બાકી શાઉલ મંડળીલ સતાવતો આતો, એને ગોઅહે-ગોઅહે
જાયને વિસ્વાસી માટડાહાલ એને થેઅયેહેલ ગોહલી-ગોહલી જેલેમાય
કાંડતો આતો.

## સમરૂનમાય ફિલિપ

4 બાકી જ્યા વિસ્વાસી વિખરાય ગીઅલા આતા, ચ્યા હારી ખોબાર
આખતા ફિર્યા.
5 ફિલિપ નાંવા યોક વિસ્વાસી યેરૂસાલેમ શેહેરામાઅને એને સમરૂન
ભાગા યોકા શેહેરામાય જાયને લોકહાન ખ્રિસ્તા હારી ખોબારે પ્રચાર
કોઅરા લાગ્યો.
6 જ્યો વાતો ફિલિપે આખ્યો ચ્યો લોકહાય વોનાયને એને જ્યા
ચમત્કાર તો દેખાડતો આતો ચ્યા એઇન, યોક જીવ ઓઇન મોન લાવ્યાં.
7 કાહાકા જોવે ફિલીપાય હુકુમ કોઅયો તોવે બોજ જાંઅહા માઅને
બુતા આત્મે મોઠેરે બોંબલીન નિંગી ગીયા, એને બોજ લખવા બિમારી
એને લેંગડે બી હારેં કોઅલે ગીયે.
8 એને ચ્યા શેહેરા બોજ લોક બોજ ખુશ જાયા.

## સિમોન જાદુગાર

9 ચ્યા શેહેરામાય સિમોન નાંવા યોક માઅહું આતા, જો જાદુગારી
કોઇન સમરૂન માઅને લોકહા બોજ નોવાય કોઅતો આતો એને પોતાલ
યોક મોઠો માટડો આખાડતો આતો.
10 એને બોદા વાહનાહા પાયને તે મોઠહા લોગુ ચ્યા ઈજ્જત કોઇન
આખતે આતેં, "ઈ માઅહું ઈશ્વરા તી શક્તિ હેય, જીં મહાશક્તિ
આખાયેહે."
11 ચ્યેય બોજ દિહહાથી ચ્યાહાન ચ્યા જાદુગારી કામહાકોય નોવાય
પામાડી દેનલે આતેં, યાહાટી લોક ચ્યાલ બોજ માનેત.
12 બાકી જોવે લોકહાય પોરમેહેરા રાજ્યા એને ઈસુ ખ્રિસ્તા નાંવા
હારી ખોબારેવોય ફિલિપા સંદેશ વોનાયને બોરહો કોઅયો, તોવે બોદે
થેઅયો એને માટડાહાંય બાપતિસ્મા લેદા.
13 તોવે સિમોનાય પોતેબી ફિલિપા સંદેશાવોય બોરહો કોઅયો એને
બાપતિસ્મા લેઈને ફિલિપા આરે રા લાગ્યા, તો ચિન્હ એને મોઠે-મોઠે
સામર્થ્યા કામે ઓઅતા દેખીન નોવાય પામતો આતો.

## સમરૂની લોકહા પવિત્ર આત્મા પામના

14 જોવે પ્રેષિત યેરૂસાલેમ શેહેરમાય ઈ વોનાયા, સમરૂન માઅને
લોકહાય પોરમેહેરા વચન માની લેદહા તોવે પિત્તરાલ એને યોહાનાલ
ચ્યાહાપાય દોવાડયા.
15 ચ્યાહાય તાં જાયને ચ્યાહાટી પ્રાર્થના કોઅયી કા ચ્યા પવિત્ર
આત્મા મેળવી લેય.
16 કાહાકા પવિત્ર આત્મા આમી લોગુ ચ્યાહામાઅને કાદાવોય નાંય
યેનેલ, કાહાકા ચ્યાહાય તે પ્રભુ ઈસુ નાવામાય બાપતિસ્મા લેદલા આતા.
17 તોવે પિત્તર એને યોહાને ચ્યાહાવોય આથ થોવ્યા એને ચ્યાહાલ
પવિત્ર આત્મા મિળ્યાં.

## સિમોના પાપ

18 જોવે સિમોનાય દેખ્યાં કા પ્રેષિતાહા આથ થોવવાથી પવિત્ર આત્મા
દેનલા જાહે, તોવે ચ્યાય પોયહા લેય યેયન આખ્યાં.
19 “ઈ શક્તિ માન બી દા, કા આંય કાદાવોય આથ થોવુ, તો પવિત્ર
આત્મા પામે.”
20 પિત્તરે સિમોનાલ આખ્યાં, “તું એને તો પોયહા નાશ ઓઈ જાય,
કાહાકા તુયે પોરમેહેરા દાન પોયહાકોય વેચાતાં લેયના વિચાર કોઅયા.
21 યે સેવાયેમાય નાંય તો હિસ્સો હેય, નાંય તો ભાગ હેય, કાહાકા
તો મોન પોરમેહેરા આગલા હાચ્ચાં નાંય હેય.
22 યાહાટી તું પાપ કોઅના બંદ કોઇન પ્રભુલ પ્રાર્થના કોઓ, ઓઈ
હોકહે પોરમેહેર તો ખારાબ વિચારાહાલ માફ કોઇ દેય.
23 તું ખારાબ વિચારાહા પાઅને ફિર, કાહાકા આંય એઅતાહાવ, કા
તું પિત્ત હારકો માણો એને પાપા ગુલામીમાય હેય.”
24 સિમોનાય જોવાબ દેના, “તુમા માયેહાટી પ્રભુ પાય પ્રાર્થના કોઆ
કા જીં વાત તુયે આખી, ચ્યેહેમાઅને કોઅહિબી માયેવોય નાંય યી પોડે.”
25 તોવે પિત્તર એને યોહાનાય સાક્ષી દેયન એને પ્રભુ ઈસુ વચન
આખીન યેરૂસાલેમ શેહેરમાય પાછા ફિરતા સમયે ચ્યા સમરૂન ભાગા
બોજ ગાવહામાય હારી ખોબારે પ્રચાર કોઅતા ગીયા.

## કુશ દેશા નપુસકાલ ફિલિપુસા ઉપદેશ

26 પાછે પ્રભુ યોક હોરગા દૂતાય યેયન ફિલિપાલ આખ્યાં, “ઉઠ એને
દક્ષીણ એછે ચ્યે વાટેવોય જો, જીં વાટ યેરૂસાલેમ શેહેરાઇહીને ગાજા
શેહેરા એછે જાહે” ઈ રેઅટાવાળી વાટ હેય.
27 તો ઉઠીન ગીયો, એને અચાનક ઈથોપિયા દેશા યોક માઅહું ચ્યાલ
મિળ્યો, જો યોક નપુસક આતો, તો યોક મહત્વપૂર્ણ ઓદિકારી આતો
જો ઈથોપિયા દેશા રાણી બોદા ખજાના દેખભાલ કોઅતો આતો, એને
ભક્તિ કોઅરાહાટી યેરૂસાલેમ શેહેરમાય યેનલો.

28 તો ચ્યા રથા વોય બોહીન ચ્યા દેશાલ પાછો જાય રિઅલો આતો,
એને તો યશાયા ભવિષ્યવક્તા ચોપડી જોર-જોરમાય વાચતો જાય
રિઅલો આતો.
29 તોવે પવિત્ર આત્માય ફિલિપાલ આખ્યાં, “પાહાય જાયને યા
રથાહાતે ચાલા લાગ.”
30 ફિલિપ દાંહદીન રથાપાય જાય પોઅચ્યો એને ચ્યાલ યશાયા
ભવિષ્યવક્તા ચોપડી વાચતો વોનાયો, એને પુછ્યાં, “તું જીં વાચતહો
કાય ચ્યાલ હુમાજતહો બી?”

31 ચ્યેય આખ્યાં, “જાવ લોગુ કાદો માન નાંય હુમજાડે તાંવ આંય
કેહેકેન હોમજુ?” એને ચ્યેય ફિલિપાલ વિનાંતી કોઅયી, કા રથવોય
ચોડીન ચ્યાપાય બોહે, એને ફિલિપ તાં ચોડીન બોહી ગીયો.

32 એને પવિત્રશાસ્ત્ર માઅને જો અધ્યાય તો વાચતો આતો, તો ઓ
આતો; “તો ગેટા રોકો વદ કોઅરા ચ્યાલ લેય ગીયા, એને જેહેકેન ગેટા
બુરાં કાતારનારાહા હામ્મે ઠાવકા રોહે, તેહેકેન તોબી ઠાવકોજ રિયો.

33 ચ્યા નિંદા કોઅયી એને ચ્યાલ ન્યાય નાંય મિળ્યો, કોદાચ કાદોબી
ચ્યા વંશા બારામાય આખી નાંય હોકે, કાહાકા ચ્યા વંશ ઓઅરા પેલ્લા
ચ્યાલ માઆઇ ટાક્યો.”

34 યાહાટી નપુસકાય ફિલિપાલ પુછ્યાં, “આંય તુલ વિનાંતી
કોઅતાહાંવ, ઈ આખ કા ભવિષ્યવક્તા ઈ કા બારામાય આખહે, પોતા
બારામાય કા બિજા કાદા બારામાય?”
35 તોવે ફિલિપે બોલના સુરુ કોઅયા, એને યાજ પવિત્રશાસ્ત્રા
માઅને સુરુ કોઇન ચ્યાલ ઈસુવા હારી ખોબારે બારામાય આખ્યાં,
યાહાટી તો ઓદિકારી હોમજી ગીયો એને ઈસુવોય બોરહો કોઅયો.

36 વાટે ચાલતા-ચાલતા એ઼્યા યોકા તોળાવા પાહી પોઅચ્યા, તોવે
નપુસકે આખ્યાં કા, "દેખ ઈહીં તોળાવા હેય, આમી માન બાપતિસ્મા
લેયના કાય વાંદો હેય"
37 ફિલિપે આખ્યાં, "જોવે તું પુરાં મોનાકોય બોરહો કોઅતોહો તે
લેય હોકતોહો" એ઼્યાય જોવાબ દેનો, "આંય બોરહો કોઅતાહાંવ કા ઈસુ
ખ્રિસ્ત પોરમેહેરા પોહો હેય."
38 તોવે એ઼્યેય રથ ઉબો કોઆ આગના કોઅયી, ફિલિપ એને
નપુસક બેની જાંઆ તોળાવામાય ઉતી પોડ્યા, એને ફિલિપે નપુસકાલ
બાપતિસ્મા દેના.
39 જોવે એ઼્યા તોળાવામાઅને બાઆ યેના, તોવે પ્રભુ આત્મા
ફિલિપાલ ઉઠાવી લેય ગીયો, એને નપુસકે એ઼્યાલ પાછો નાંય દેખ્યો, એને
નપુસકાલ પોરમેહેરાય બોચાવી લેદો યાહાટી આનંદ કોઅતો તો એ઼્યા
દેશામાય પાછો જાતો રિયો.
40 બાકી ફિલિપ અશદોદ શેહેરમાય યેનો, એને તો યોકે જાગેને બીજે
જાગે એ઼્યા મુસાફરી કોઅતો રિયો એને કૈસરીયા શેહેરામાય પોઅચ્યો
તાંવ લોગુ બોદા શેહેરાહામાય હારી ખોબારે પ્રચાર કોઅતો રિયો.

# 9

## શાઉલા રુદય બોદાલના

1 શાઉલ જો આમી લોગુ પ્રભુ ઈસુવા શિષ્યહાન દોમકાડતો ને
માઆઇ ટાકના વિચારા માય આતો, મહાયાજકાપાય ગીયો.
2 એને એ઼્યાપાઅને દમસ્ક શેહેરા સોબાયે ઠિકાણા નાવાવોય મંજુર્યે
કાગળાં માગ્યાં, કા જ્યા માટડા કા થેઅયો જ્યા પ્રભુ ઈસુ વાટે ચાલનારેં
મીળે એ઼્યાહાન બાંદિન યેરૂસાલેમ શેહેરમાય લેય યેય.
3 બાકી જોવે શાઉલ એને એ઼્યા હાંગાત્યા દમસ્ક શેહેરા પાહી
પોઅચ્યા, તો અચાનક આકાશામાય ચારીચોમખી ઉજવાડો ચોમક્યો.
4 તોવે તો દોરતીવોય પોડી ગીયો, એને પ્રભુ પોરમેહેરા આવાજ
વોનાયો, "ઓ શાઉલ, ઓ શાઉલ તું માન કાહા સતાવી રોયહો?"
5 શાઉલે પુછ્યાં, "ઓ પ્રભુ, તું કું હેય?" એ઼્યેય આખ્યાં, "આંય ઈસુ
હેય, જ્યાલ તું સતાવતોહો.

6 બાકી આમી ઉઠીન શેહેરામાય જો, કાદો તુલ આખી દી કા તુલ કાય
કોઅના હેય."
7 જયેં માઅહે ચ્યાઆરે આતેં, ચ્યે ઠાઅકે રોય ગીયે; કાહાકા આવાજ
તો ચ્યે વનાતે આતેં, બાકી કાદાલ દેખાતા નાંય આતા.
8 તોવે શાઉલ દોરત્યેવોયને ઉઠયો, એને જોવે ડોળા ઉગાડયા તોવે
ચ્યાલ કાંઇજ દેખાયાં નાંય, એને ચ્યે ચ્યા આથાલ દોઇન દમસ્ક
શેહેરામાય લેય ગીયા.
9 એને તો તીન દિહી લોગુ દેખી નાંય હોક્યો, એને નાંય ખાદાં એને
નાંય પિદાં.

## શાઉલા બાપતિસ્મા

10 દમસ્ક શેહેરામાય હનાન્યા નાંવા યોક શિષ્ય આતો, ચ્યાલ પ્રભુ
ઈસુય દર્શનામાય આખ્યાં, "ઓ હનાન્યા!" ચ્યાય આખ્યાં, "હાં, પ્રભુ"
11 તોવે પ્રભુ ઈસુય ચ્યાલ આખ્યાં, "ઉઠીન સીધી નાંવા હેરીમાય
જો, એને યહૂદા ગોઅમે શાઉલ નાંવા યોક તારસુસમાય રોનારાલ હોદ;
કાહાકા તો પ્રાર્થના કોઇ રિઅલો હેય.
12 એને ચ્યાય હનાન્યા નાંવા યોક માઅહું માજે યેયન ચ્યાવોય આથ
થોવતો દેખાયો; કા પાછો દેખતો ઓઈ જાય."
13 હનાન્યાય જોવાબ દેનો, "ઓ પ્રભુ, માયે યા માઅહા બારામાય
બોજ જાંઅહા પાયને વનાયહો કા યાય યેરૂસાલેમ શેહેરામાય તો પવિત્ર
લોકાહાઆરે મોઠયો-મોઠયો બુલો કોઅયોહો.
14 એને ઈહીંબી ચ્યાલ મુખ્ય યાજકાહા પાયને ઓદિકાર મિળ્યહો
કા જ્યા લોક તોવોય બોરહો કોઅતાહા, ચ્યા બોદહાલ યેરૂસાલેમ
શેહેરામાય બાંદી લેય જાય."
15 બાકી પ્રભુ ઈસુય ચ્યાલ આખ્યાં, "તું જો; કાહાકા ઓ તે ગેર
યહૂદી એને રાજહા, એને ઈસરાયેલહયા હામ્મે મા બારામાય પ્રચાર
કોઅરાહાટી માયે ચ્યાલ મા સેવા કોઅરાહાટી નિવાડલો હેય.
16 એને આંય ચ્યાલ આખહી, કા લોકહાન મા બારામાય આખના
લીદે કાય-કાય દુઃખ ઉઠાવાં પોડી."
17 તોવે હનાન્યા ચ્યે ગોઅમે ગીયો, જાં શાઉલ આતો, એને ચ્યા ઉપે
આથ થોવિન આખ્યાં, "ઓ બાહા શાઉલ, પ્રભુ ઈસુ, જો ચ્યે વાટેમાય,

જ્યેવોઅને તું યેનો તુલ દેખાયો, ચ્યેય માન દોવાડલો હેય, કા તું પાછો
એઇ હોકે એને પવિત્ર આત્માકોય બાઆય જાય."
18 એને તારાતુજ ચ્યા ડોળાહાઉપરે માછલા બિંગડાહા હારકે છાલટેં
જેહે પોડયેં એને તો એઅરા લાગ્યો, એને ઉઠીન બાપતિસ્મા લેદા.
19 પાછા ખાઅના ખાયન તાકાત મેળવી. તો કોલહાક દિહી દમસ્ક
શેહેરા શિષ્યહાઆરે રિયો.

## શાઉલ થી ઈસુ ખ્રિસ્તા હારી ખોબાર

20 એને તો તારાત દમસ્ક શેહેરા સોબાયે ઠિકાણે તો ઈસુવા પ્રચાર
કોઅરા લાગ્યો કા ઈસુજ પોરમેહેરા પોહો હેય.
21 એને બોદા વોનાનારા નોવાય પામીન આખા લાગ્યા, "કાય ઓ
તોજ માઅહું નાંય હેય જો યેરૂસાલેમ શેહેરામાય જ્યા ઈસુવોય બોરહો
કોએ ચ્યાહાન તો માઆઇ ટાકે, એને ઈહીંબી ચ્યા હાટીજ યેનલો આતો,
કા ચ્યાહાન બાંદિન મુખ્ય યાજકાહાપાય લી જાય?"
22 બાકી શાઉલાય આજુ વોદારે શક્તિશાળી રુપાકોય પ્રચાર કોઅના
સુરુ કોઇ દેના, એને યે વાતે સાબિતી દેય-દેયને કા ઈસુ ઓજ ખ્રિસ્ત હેય,
દમસ્ક શેહેરામાય રોનારા યહૂદીયાહા બોલના બંદ કોઅતો રિયો.
23 જોવે શાઉલ દમસ્ક શેહેરામાય રોયન બોજ દિહી ઓઈ ગીયા,
તોવે યહૂદીયાહાય મિળીન ચ્યાલ માઆઇ ટાકના યુક્તિ કોઅયી.
24 બાકી ચ્યાહા યુક્તિ શાઉલાલ માલુમ પોડી ગીયી, ચ્યા તે ચ્યાલ
માઆઇ ટાકાંહાટી રાત દિહી ફાટાકેહે પાય દોબી રોતા આતા.
25 બાકી યોક રાતી શિષ્યહાય ચ્યાલ ઉચે દિવાલ વોય લેય ગીયે,
જીં શેહેરા ચોમખી આતી, તોવે ચ્યાહાય આસડાકોય યોક મોઠા ટોપલા
બાંદિન ટોપલા કોય નિચે ઉતાડી દેનો, એહેકેન તો દમસ્ક શેહેરામાઅને
બોચીન જાતો રિયો.

## યેરૂસાલેમમાય શાઉલ

26 શાઉલ યેરૂસાલેમ શેહેરામાય જાય પોઅચ્યો તોવે ચ્યેય
શિષ્યહાઆરે મિળી જાઅના કોશિશ કોઅયી બાકી બોદા ચ્યાલ
બિઅતા આતા, કાહાકા ચ્યાહાન બોરહો નાંય ઓઅતો આતો, કા તોબી
શિષ્ય બોની ગીયહો.

27 બાકી બારનાબાસે ચ્યાલ પોતાના આરે પ્રેષિતાહા પાય લેય જાયને
ચ્યાહાન આખ્યાં, કા યાય કેહેકેન દમસ્ક શેહેરા એછે જાયના વાટેમાય
પ્રભુ ઈસુલ દેખ્યો, એને ઈસુવે ચ્યાઆરે વાતો કોઅયો, પાછે ઈમાત
રાખીન કેહેકેન દમસ્ક શેહેરામાય ઈસુવા નાંવા પ્રચાર કોઅયો.
28 પ્રેષિતાહાય બર્નાબાસાવોય બોરહો કોઅયો, યાહાટી શાઉલ
યેરૂસાલેમ શેહેરામાય રોય ગીયો, ચ્યાહાઆરે યેરૂસાલેમ શેહેરામાય બોદે
જાગે જાયને બિક વગર ઈસુ બારામાય પ્રચાર કોઅતો આતો.
29 એને બિક વોગાર પ્રભુ ઈસુ નાંવા પ્રચાર કોઅતો આતો; એને
યુનાની ભાષા બોલનારાહાલ યહૂદીયાહા આરે વાતો કોઅતો આતો એને
બોલાબોલી કોઅતો આતો; બાકી ચ્યા ચ્યાલ માઆઇ ટાકના યુક્તિ
કોઅતા લાગ્યા.
30 ઈ જાઇન વિસ્વાસી બાહા ચ્યાલ કૈસરીયા શેહેરામાય લેય યેના,
એને જાહાજા માય ચ્યાલ તારસુસ દોવાડી દેનો જી ચ્યા વોતની શેહેર
આતા.
31 યે પરમાણે બોદા યહૂદીયા વિસ્તાર, ગાલીલ ભાગ, એને
સમરૂનમાય મંડળીહ્યેલ આરામ મિળ્યો, એને ચ્યેહે ઉન્નતી ઓઅતી
ગીયી એને તી મંડળી પ્રભુ ઈસુ બિકમાય એને પવિત્ર આત્મા મોદાતેમાય
ચાલતી એને બોજ લોક વિસ્વાસી બોની ગીયા.

### એનિયાસા હારાં ઓઅના

32 પાછે એહેકેન જાયા કા પિત્તર બોદા વિસ્તારમાય બોદે જાગે ફિરતો
રિયો, એને ચ્યા પવિત્ર લોકહાપાંય બી ગીયો જ્યા લુદ્દા શેહેરામાય રોતા
આતા.
33 તાં ચ્યાલ એનિયાસ નાંવા લખવા રોગી માઅહું મિળ્યો, જો આઠ
વોરહાથી ખાટલે પોડી રોઅલો આતો.
34 પિત્તરે ચ્યાલ આખ્યાં, "ઓ એનિયાસ! ઈસુ ખ્રિસ્ત તુલ હારો
કોઅહે, ઉઠ, તો પાથારી લેય લે" તોવે તો તારાત ઉઠીન ઉબો રિયો.
35 એને લુદ્દા એને શારોન શેહેરા રોનારા બોજ લોક ચ્યાલ દેખીન પ્રભુ
ઈસુવોય બોરહો કોઅયો.

### દરકાસાલ જીવનદાન

36 યાફા શેહેરામાય તબીથા નાંવા યોક વિસ્વાસી બાય આતી, યુનાની
ભાષામાય ચ્યે નાંવ દરકાસ હેય, તબીથા એને દરકાસ યા બેની નાંવહા

મતલબ “હરણી હેય”, તી બોજ હારેં-હારેં કામે એને મોદાત કોઅતી
આતી.
37 જોવે પિત્તર લુદ્દા શેહેરામાય આતો, ચ્યા દિહહામાય તી બિમાર
પોડીન મોઅઇ ગિઇ, એને ચ્યાહાય ચ્યેલ આંગળાવીન ખોલીમાય થોવી
દેનેલ.
38 લુદ્દા શેહેર યાફા શેહેરા પાહે આતા, શિષ્યહાય ઈ વોનાઈન કા
પિત્તર તાં હેય, બેન માઅહે દોવાડીન ચ્યાલ વિનાંતી કોઅયી, “જલદીથી
જલદી આમાહાપાય યેય જો.”
39 તોવે પિત્તર ઉઠીન ચ્યાહાઆરે ગીયો, એને જોવે તાં પોઅચ્યા, તોવે
ચ્યે ચ્યાલ ખોલીમાય લેય ગીયા, એને બોદ્યો વિધવા બાયો રોડત્યોજ,
ચ્યા પાહી યેયન ઉબ્યો રિયો, એને જો જબ્બો એને ફાડકે દરકાસ
ચ્યેહેઆરે રોતી વોખાત બોનાવલે આતેં, ચ્યે દેખાડાં લાગ્યો.
40 તોવે પિત્તરે બોદહાલ બાઆ કાડી દેના, એને માંડયે પોડીન પ્રાર્થના
કોઅયી, એને કુડયે એછે એઇન આખ્યાં, “ઓ તબીથા, ઉઠ” તોવે ચ્યેય
ચ્યે ડોળા ઉગડાવ્યા, એને પિત્તરાલ દેખીન ઉઠી બોઠી.
41 ચ્યાય આથ દેયને ચ્યેલ ઉઠાડયા, એને વિસ્વાસી લોકહાન એને
વિધવા બાયહેલ હાદિન ચ્યાહાન જીવતી દેખાડી દેની.
42 ઈ વાત બોદા યાફા શેહેરામાય ફેલાય ગીયી; એને બોજ લોકહાય
પ્રભુ ઈસુ બોરહો કોઅયો.
43 એને પિત્તર યાફા શેહેરામાય સિમોન નાંવા ચામડા ધંદો કોઅનારા
પાય બોજ દિહી રિયો.

# 10

## કરનેલીયુસા દર્શન

1 કૈસરીયા શેહેરામાય કરનેલીયુસ નાંવા યોક માઅહું આતો, જો
ઈતાલીયા નાંવા સૈનિકા ટુકડી સુબેદાર આતો.
2 તો એને ચ્યા બોદા ગોર્યા પોરમેહેરા ભક્તિ કોઅતા આતા, એને
પોરમેહેરાલ બીઈન ચાલતો આતો, એને ગરીબ યહૂદી લોકહાન બોજ
દાન દેતો આતો, એને પોરમેહેરાલ બરાબર પ્રાર્થના કોઅતો આતો.

3 ચોક દિહી તીન વાગ્યા સમયે દર્શનામાય ચોખ્ખેરીતે દેખ્યાં
કા પોરમેહેરા ચોક હોરગા દૂત ચ્યા પાહાય યેયન આખ્યાં, “ઓ
કરનેલીયુસ.”
4 કરનેલીયુસાય હોરગા દૂતાલ આખ્યાં, “ઓ માલિક, કાય હેય?”
ચ્યાય ચ્યાલ આખ્યાં, “તો પ્રાર્થના એને તો દાન યાદગીરીહાટી પોરમેહેરા
હામ્મે પોઅચ્યાહા.
5 એને આમી યાફા શેહેરામાય માઅહે દોવાડીન સિમોનાલ, જ્યાલ
પિત્તર આખતાહા, ચ્યાલ હાદી લે.
6 તો સિમોન, ચામડાહા ધંદો કોઅનારા પાય રોય રિયહો, જ્યા ગુઉ
દોરિયા મેરે હેય.”
7 જોવે તો હોરગા દૂત જ્યાંય ચ્યાઆરે વાતો કોઅયો તો ચાલ્યો
ગીયો, તોવે ચ્યેય બેન ચાકાર, એને જ્યા ચ્યા પાહી રિયા કોઅતા આતા
ચ્યાહામાઅને ચોક પોરમેહેરા ભક્તિ કોઅનારા સીપાડાલ હાદ્યા.
8 એને ચ્યાહાન બોદ્યોજ વાતો આખીન યાફા શેહેરામાય પિત્તરાલ લા
દોવાડયા.

## પિત્તરા દર્શન

9 બીજે દિહી જોવે કરનેલીયુસા કોય દોવાડલા તીન માટડા ચાલતા-
ચાલતા શેહેરા પાહી બોપરા સમયે પોઅચ્યા. ચ્યે સમયે પિત્તર ગોઆ
દાબાવોય પ્રાર્થના કોઅરા ચોડયો.
10 ચ્યાલ બુખ લાગી એને કાય ખાઅના ઇચ્છા આતી, બાકી જોવે
ચ્યા ખાઅના તિયારી કોઅતા આતા તોવે તો દર્શન એરા લાગ્યો.
11 એને ચ્યેય દેખ્યાં, આકાશ ઉગડી ગીયા; એને ચોક મોઠા ચારસા
હારકી વસ્તુ ચારી ખૂણહાથી નિચે ઉતાડલી જાય રીયહી.
12 જ્યામાય દોરત્યેવોઅને બોદયે જાત્યે ચાર પાગાવાળે જોનાવારે
એને દોરત્યેવોઅને બુકા થી હોપાલનારે જોનાવારે એને આકાશામાય
ઉડનારે ચિડેં આતેં. જ્યાહા બારામાય મૂસા નિયમશાસ્ત્રામાય આખ્યાં
કા ચ્યે અશુદ્ધ એને અપવિત્ર હેય, એને યહૂદી લોકહાન ખાંહાટી મોનાઈ
હેય.
13 એને ચ્યાલ ચોક ઓહડો આવાજ વોનાયા યેનો, “ઓ પિત્તર ઉઠ,
માંઈને ખો.”

14 બાકી પિત્તરે આખ્યાં, “નાંય પ્રભુ, બિલકુલ નાંય; કાહાકા માયે
કોદહીજ અપવિત્ર એને અશુદ્ધ વસ્તુ નાંય ખાદલી હેય.”
15 પાછા બીજી વોખાતે ચ્યાલ આવાજ વોનાયા યેનો, “જો કાય
પોરમેહેરે શુદ્ધ કોઅયાહાં, ચ્યાલ તું અશુદ્ધ મા આખહે.”
16 તીન વોખાત એહકોયજ જાયા; તોવે તારાત તી ચારસા આકાશ
માય ઉઠાવી લેદા.

## કરનેલીયુસા ગોઓ પિત્તર

17 જોવે પિત્તર ચ્યા પોતે મોનામાય બેન વિચારાહા માય આતો,
કા યા દર્શના કાય મતલબ ઓઈ હોકહે, તોવે ચ્યે માઅહે જ્યાહાન
કરનેલીયુસાય દોવાડલે આતેં, સિમોના ગોઆ ખોબાર કાડીન બાઅણા
પાય યેય પોઅચ્યા.
18 એને બોંબલીન પુછ્યાં, “કાય સિમોન જો પિત્તર આખાયેહે, તો
ઈહીંજ ગાંવારો હેય કા?”
19 પિત્તર તે ચ્યા દર્શના બારામાય વિચાર કોઅતો આતો, તોવે પવિત્ર
આત્માય ચ્યાલ આખ્યાં, “એએ, તીન માઅહે તો હોદ કોઇ રીઅલે હેય.
20 ઉઠીન નિચે જો, ભલે ચ્યે ગેર યહૂદી હેય ચ્યાહાઆરે શંકા કોઅયા
વોગાર જો, કાહાકા માયેંજ ચ્યાહાન દોવાડલા હેય.”
21 તોવે પિત્તરાય નિચે ઉતીન ચ્યા માઅહાલ આખ્યાં, “એઆ, જ્યા
હોદ તુમા કોઇ રીયહા, તો આંયજ હેતાંવ, તુમહે યેઅના કાય કારણ
હેય?”
22 ચ્યાહાય આખ્યાં, “આમહાન હોવ સૈનિકાહા સુબેદાર
કરનેલીયુસાય દોવાડયાહા, તો ન્યાયી એને બોરહો થોવનારો એને
પોરમેહેરાલ બીઅનારો એને બોદી યહૂદી જાત્યે લોકહામાય હારાં
માઅહું હેય, ચ્યેય ચોક પવિત્ર હોરગા દૂત થી ઈ હોમજણ મેળવ્યા, કા
તુલ પોતાના ગોઓ હાદિન તોપાઅને વચન વોનાયે.”
23 તોવે ચ્યેય માજા હાદિન ચ્યાહાન રા જાગો દેનો.
એને બીજે દિહે, તો ચ્યાહાઆરે ગીયો, એને યાફા શેહેરા વિસ્વાસી
બાહાહા માઅને કોલહાક ચ્યાઆરે ગીયા.
24 બીજે દિહી ચ્યા કૈસરીયા શેહેર પોઅચ્યા, એને કરનેલીયુસ ચ્યા
હોગવાડયાહાલ એને ચ્યા દોસ્તારાહાન ચોકઠા કોઇન ચ્યા વાટ જોવતો
આતો.

25 જોવે પિત્તર માજા યેય રિઅલો આતો, તોવે કરનેલીયુસ ચ્યાલ
મિળ્યો, તે ચ્યા પાગે પોડીન નમસ્કાર કોઅયો.
26 બાકી પિત્તરાય ચ્યાલ ઉઠાડીન આખ્યાં, "ઉબો રોય જો, આંયબી
તે માઅહું હેય."
27 એને વાતો કોઅતો ચ્યાઆરે માજા ગીયો, એને બોજ લોકહાન
યોકઠા દેખ્યા.
28 તોવે પિત્તરે ચ્યાહાન આખ્યાં, "તુમા જાંઅતાહા કા ગેર યહૂદી
લોકહાન મિળના એને ચ્યાહા ઈહીં જાયના આમે યહૂદી લોકહાહાટી
યહૂદી નિયમા વિરુદ હેય, બાકી પોરમેહેરે માન આખ્યાં કા કાદા
માઅહાલ અપવિત્ર એને અશુદ્ધ નાંય આખું.
29 યાહાટી કા માન જોવે હાદ્યો તોવે કાયજ નાંય આખ્યાં વોગાર
આમી આંય યેનો, આમી આંય પૂછતાહાવ કા માન કોઅહા કામાહાટી
હાદલો હેય?"
30 કરનેલીયુસાય પિત્તરાલ આખ્યાં, ચાર દિહી પેલ્લા, યેજ સમયે,
આંય ગોઅમે બોપરેહે તીન વાગ્યે પ્રાર્થના કોઇ રિઅલો આતો, કા યોક
માટડો ઉજળેં ફાડકે પોવીન, મા હામ્મે યેયન ઉબો રિયો.
31 એને આખ્યાં, "ઓ કરનેલીયુસ, તો પ્રાર્થના વોનાય લેદહી એને તો
દાન પોરમેહેરે માન્ય કોઅવામાય યેના.
32 યાહાટી યાફા શેહેરમાય માઅહે દોવાડીન સિમોનાલ જ્યાલ પિત્તર
આખાયેહે, ચ્યાલ હાદિલે, તો દોરિયા મેરાવોય સિમોન જો, ચામડાહા
ધંદો કોઅનારા ગોઅમે રોય રિઅલો હેય, જોવે તો યેઅરી, તોવે તો
તુમહાન પોરમેહેરાઇહીને યોક સંદેશ આખી.
33 તોવે માયે તારાત તોપાય માઅહે દોવાડયે, એને તુયે હારાં કોઅયા
કા યેનો, આમી આમા બોદે ઈહીં પોરમેહેરા હામ્મે હેજે, કા જીં કાય
પોરમેહેરે તુલ આખ્યાહા ચ્યાલ આખ."

## કરનેલીયુસા ગોઓ પિત્તરા ઉપદેશ

34 તોવે પિત્તરે બોલના સુરુ કોઅયા, "આમી માન ખાત્રી જાયી, કા
પોરમેહેર કાદાજ પક્ષપાત નાંય કોએ.
35 બાકી બોદયે જાત્યેમાય જો પોરમેહેરા ભક્તિ કોઅહે એને યોગ્ય
કામ કોઅહે, તો ચ્યાલ સ્વીકાર કોઅહે.

36 તુમા આ સંદેશાલ જાંઅતેહે, પોરમેહેરાય આમહાન એટલે
ઈસરાયેલી લોકહાન દોવાડયો, આય શાંતી બારામાય હારી ખોબાર
આખી, જીં લોકહાન ઈસુ ખ્રિસ્ત વોય બોરહો કોઅવાથી મિળી હોકહે,
તો બોદહા પોરમેહેર હેય.
37 તુમા આો મહાન ઘટના જાંઅતાહા, જીં યોહાન બાપતિસ્મા
દેનારા બાપતિસ્મા પ્રચાર પાછે ગાલીલ ભાગાથી શુરવાત ઓઇન બોદા
યહૂદીયા વિસ્તારમાય ફેલાય ગીયો.

38 પોરમેહેરે કેહેકેન નાજરેત ગાવા ઈસુલ પવિત્ર આત્માકોય એને
સામર્થ્યાકોય અભિષેક કોઅયો, તો હારેં કામે કોઅતો એને આ બોદા
લોકહાન જ્યા સૈતાનાકોય પીડાલા આતા, આહાન હારાં કોઅતો ફિર્યો,
કાહાકા પોરમેહેર આઆરે આતો.
39 એને આમા આ બોદા કામહા સાક્ષી હેજે, જીં આય યહૂદી
લોકહા બોદા વિસ્તારમાય એને યેરૂસાલેમ શેહેરામાયબી કોઅયે, એને
યેરૂસાલેમ શેહેરામાય આહાય આ ઈસુલ હુળીખાંબાવોય ટાંઅગીન
માઆઇ ટાક્યો.
40 બાકી આલ પોરમેહેરે તીજે દિહી પાછો મોઅલા માઅને જીવતો
કોઅયો, એને આમહાન પોતે દેખાડયાં.
41 બોદા લોકહાય આલ નાંય દેખ્યો, બાકી આહાય આમહાન એટલે
પ્રેષિતાહાન જ્યાહાન પોરમેહેરાય સુરુવાતપાઅને નિવડી લેદલા આતા,
જ્યાહાય આ મોઅલા માઅને પાછો જીવતો ઓઅના પાછે આઆરે
ખાદાં એને પિદાં.
42 એને આય આમહાન આગના દેની કા બોદા લોકહામાય પ્રચાર
કોઆ એને સાક્ષી દા, કા ઈસુ તોજ હેય જ્યાલ પોરમેહેરાય જીવતાહા
એને મોઅઇ ગીઅલા ન્યાયી ઠોરાવલો હેય.
43 જ્યા બોદાજ ભવિષ્યવક્તા સાક્ષી દેતહા કા જો કાદો આવોય
બોરહો કોઅહે, આલ ઈસુ નાવામાય પાપાહા માફી મિળી જાય.”

## ગેર યહૂદીયાવોય પવિત્ર આત્મા ઉતના

44 પિત્તર યો વાતો આખી રિઅલો આતો કા વચન વોનાનારાહાવોય
પવિત્ર આત્મા ઉતી યેના.

45 એને જ્યા સુન્નત કોઅલા યહૂદી વિસ્વાસી લોક પિત્તરા આરે
યેનલા આતા, ચ્યા બોદાજ નોવાય પામ્યા કા ગેર યહૂદી લોકબી પવિત્ર
આત્માકોય બાઆય ગીયા.
46 કાહાકા ચ્યાહાય ચ્યાહાન જુદી-જુદી ભાષા બોલતા એને
પોરમેહેરા સ્તુતિ કોઅતા વોનાયા, તોવે પિત્તરે આખ્યાં,
47 "આમહે રોકા પોરમેહેરા પાઅને પવિત્ર આત્મા પામ્યાહા તે
આમી કાદોબી યાહાન પાઆયાકોય બાપતિસ્મા લાંહાટી રોકી હોકહે
કા તો બાપતિસ્મા નાંય લેય, જ્યાહાય આમહે રોકા પવિત્ર આત્મા
પોરમેહેરાપાઅને મેળવ્યાહાં?"
48 એને પિત્તરે ચ્યાહાન આગના દેની કા ચ્યાહાન ઈસુ ખ્રિસ્તા
નાવામાય બાપતિસ્મા દેનલા જાય, તોવે ચ્યાહાય ચ્યાલ વિનાંતી કોઅયી
કા આજુ કોલહાક દિહી આમહે આરે રોય, યાહાટી ચ્યા કોલહાક દિહી
રુકાય ગીયા.

# 11

## પિત્તરા યેરૂસાલેમમાય પાછા યેયના

1 એને પ્રેષિતાહાય એને વિસ્વાસ્યાહાય જયેં યહૂદીયા વિસ્તારમાય
આતેં વોનાયે, કા ગેર યહૂદી લોકહાયબી પોરમેહેરા વચન માની લેદલા
હેય.
2 જોવે પિત્તર યેરૂસાલેમ શેહેરામાય યેનો, તોવે સુન્નત કોઅલા યહૂદી
લોક ચ્યાઆરે બોલા-બોલી કોઅતા લાગ્યા.
3 "તુયે ગેર યહૂદી લોકહા ગોઅ જાયને ચ્યાહાઆરે ખાદાં."
4 તોવે પિત્તર કરનેલીયુસા ગોઅમે જીં વાત બોની તી સુરુવાતપાઅને
આખી દેખાડી.
5 આંય યાફા શેહેરામાય પ્રાર્થના કોઇ રિઅલો આતો, તોવે દર્શન
દેખ્યાકા યોક મોઠા ચારસા હારકી વસ્તુ ચારી ખૂણહાથી આકાશામાઅને
નિચે ઉતાડલી જાય રીયલી આતી.
6 જોવે માયે ચ્યાવોય દિયાન કોઅયા, તે દોરતી વોયને ચાર પાગાવાળે
જોનાવરે એને જંગલી જોનાવરે, એને હોઅપલીન ચાલનારેં જંતુ એને
આકાશામાય ઉડનારે ચિડેં દેખ્યે.

7 એને ઓ આવાજબી વોનાયો, “ઓ પિત્તર, ઉઠ એને માઆઇન
ખો.”
8 માયે આખ્યાં, નાંય પ્રભુ, નાંય, કાહાકા કોઅહીજ અપવિત્ર એને
અશુદ્ધ વસ્તુ માયે નાંય ખાદહી.
9 ચ્યા જવાબામાય આકાશામાઅને પાછો આવાજ યેનો, “જીં કાય
પોરમેહેરે શુદ્ધ કોઅયા, ચ્યાલ તું અશુદ્ધ નાંય આખતો.”
10 એહેકેન તીનદા બોન્યાં, એને પાછે બોદા કાય પાછા આકાશામાય
ખેચી લેદા.
11 તોવે તારાત તીન માઅહે કૈસરીયા શેહેરામાઅને કરનેલીયુસાય
દોવાડલે આતેં, ચ્યે ગોઅમે જાં આંય આતો, યેયન ઉબા રિયા.
12 તોવે પવિત્ર આત્માય માન ચ્યાહાઆરે શંકા કોઅયા વોગાર જાં
આખ્યાં, એને યા છ બાહા બી મા આરે કૈસરીયા શેહેરામાય આરે યેના,
એને આમા કરનેલીયુસા ગોઓ ગીયા.
13 એને ચ્યેય આમહાન આખ્યાં કા, માયે યોક હોરગા દૂતાલ મા
ગોઅમે યેઇન ઉબો રોઅલો દેખ્યો, જ્યાંય માન આખ્યાં, યાફા શેહેરામાય
માઅહે દોવાડીન સિમોન જ્યાલ પિત્તર આખતેહે, ચ્યાલ હાદી લે.
14 તો તુલ ઓહડી વાત આખરી, જ્યાકોય તું એને તો બોદા કુટુંબ
તારણ પામી.
15 જોવે માયે બોલના શુરવાત કોઅયી, તે પવિત્ર આત્મા ચ્યાહાવોય
ચ્યે રીતે ઉત્યા, જયેં રીતે પોચાસમાં દિહા દિહી આમહેવોય ઉતલાં.
16 તોવે માન પ્રભુ ઈસુ વચન યાદ યેના, જીં ચ્યાય આખ્યેલ,
યોહાનાય પાઅયા કોઇન બાપતિસ્મા દેના બાકી તુમા પવિત્ર આત્માકોય
બાપતિસ્મા પામહા.
17 યાહાટી ઈ નોક્કી હેય કા પોરમેહેરે ચ્યાહાનબી તી દાન દેનહા, જીં
આપહાન પ્રભુ ઈસુ ખ્રિસ્તાવોય બોરહો કોઅનાકોય મિળ્યાં, તોવે આંય
કું હેતાઉ જો પોરમેહેરાલ ઓટકાડુ?
18 ઈ વોનાઈન યહૂદી વિસ્વાસી ઠાવકાજ રિયા, એને પોરમેહેરા
સ્તુતિ કોઇન આખ્યાં, “તોવે તો ગેર યહૂદીયાહાલ બી પોરમેહેરે
અનંતજીવનાહાટી પાપ કોઅના બંદ કોઅના એને ઈસુ ખ્રિસ્ત વોય
બોરહો કોઅરા દાન દેનલા હેય.”

### અન્તાકિયામાય શાઉલ એને બારનાબાસ

19 સ્તેફનુસાલ માઆઇ ટાક્યો પાછે, કોલહાક વિસ્વાસી યેરૂસાલેમ
શેહેર છોડી દેના, ચ્યા ફિરતા-ફિરતા ફીનીકે વિસ્તાર એને સાઇપ્રસ બેટ
એને સિરીયા વિસ્તારા અન્તાકિયા શેહેરામાય પોઅચ્યા, બાકી ચ્યાહાય
યહૂદી લોકહાનુજ ઈસુ બારામાય હારી ખોબારે પ્રચાર કોઅયો.
20 બાકી ચ્યાહામાઅને કોલાહાક સાઇપ્રસ એને કુરેની આતેં, જોવે
ચ્યે અન્તાકિયા શેહેરામાય પોઅચ્યે, તોવે ચ્યાહાય યુનાની લોકહાનબી
પ્રભુ ઈસુ હારી ખોબારે સંદેશ આખ્યો.
21 એને પ્રભુ સામર્થ્ય ચ્યાહાવોય આતા, એને બોજ ગેર યહૂદી લોક
ચ્યાહા સંદેશ માની ગીયે એને પ્રભુ ઈસુવોય બોરહો કોઅયો.
22 જોવે યેરૂસાલેમ શેહેરા મંડળ્યે વિસ્વાસ્યાહાન ઈ ખોબાર પોડી,
તોવે ચ્યાહાય બારનાબાસાલ અન્તાકિયા શેહેરામાય દોવાડયો.
23 તો તાં પોઅચીન, એને પોરમેહેરા સદા મોયા એઇન ખુશ જાયો,
એને બોદહાન આખ્યાં કા તનમન લાવીન પ્રભુમાંય બોની રા.
24 બર્નાબાસ હારો માઅહું આતો, બોરહો કોઅના એને પવિત્ર
આત્માકોય બોઆલો આતો, એને બોજ લોક પ્રભુમાંય યેના.
25 તોવે બારનાબાસ અન્તાકિયા શેહેરામાઅને શાઉલાલ હોદાહાટી
તારસુસ શેહેર જાતો રિયો.
26 એને જોવે ચ્યાલ મિળ્યો તોવે ચ્યાલ અન્તાકિયા શેહેર લેય
યેનો, એને એહેકેન જાયા કા શાઉલ એને બારનાબાસ યોક વોરહા
લોગુ મંડળીઆરે મિળતા એને બોજ લોકહાન ઈસુ ખ્રિસ્તા બારામાય
હિકાડતા રિયા, એને શિષ્ય બોદહા પેલ્લા અન્તાકિયા શેહેરામાય ખ્રિસ્તી
આખાયા.
27 ચ્યા દિહીહામાય કોલહાક વિસ્વાસી ભવિષ્યવક્તા આતા, ચ્યા
યેરૂસાલેમ શેહેરામાઅને અન્તાકિયા શેહેરામાય યેના.
28 ચ્યાહામાઅને અગાબુસ નાંવા યોક ભવિષ્યવક્તાય ઉબો રોયન
પવિત્ર આત્મા અગુવાઈકોય ઈ આખ્યાં, કા બોદા દુનિયામાય મોઠો
દુકાળ પોડી, એને તો દુકાળ સમ્રાટ ક્લોદિયુસ સમયે પોડયો.
29 તોવે અન્તાકિયા વિસ્વાસ્યાહાય એહેકેન નોક્કી કોઅયા બોદા
જાંઆ જ્યા-ચ્યાહા કામાણી નુસાર યહૂદીયા વિસ્તારમાય રોનારા
વિસ્વાસ્યાહાલ મોદાત કોઅરાહાટી પોયહા દોવાડે.

30 એને ચ્યાહાય પોયહા ચોખઠા કોઅયા, એને બારનાબાસ એને
શાઉલા આથામાય દેયન આગેવાનાહાપાય પોયહા લેય દોવાડયા.

# 12

## હેરોદ રાજા સતાવણી

1 ચ્યે સમયે હેરોદ રાજાય મંડળ્યે કોલાહાક માઅહાલ સતાવાહાટી
દોઇન કોન્ડી દેના.
2 ચ્યેય પ્રેષિત યોહાના બાહા યાકૂબાલ તારવાયે કોઇન માઆઇ
ટાકાડયો.
3 જોવે ચ્યાય ઈ દેખ્યાકા યહૂદી લોક યાકોય ખુશ ઓઅતાહા, તોવે
પિત્તરાલ બી દોઈ લેદો, ઓ પાસ્કા બાખ્યે સણા સમય આતો.
4 હેરોદ રાજાય પિત્તરાલ જેલેમાય કોંડી દેનો, એને ચાર-ચાર
સીપાડાહાલ ચાર પાહારા માય થોવ્યો, યા વિચારાકોય કા પાસ્કા સણા
પાછે લોકહા હામ્મે ચ્યા ન્યાય કોએ.

## જેલેમાઅને છુટકો

5 જેલેમાય પિત્તરા રાખવાળી બોજ દિહહા કોય ઓઈ રિઅલી
આતી, બાકી મંડળી ચ્યાહાટી કાયામ પોરમેહેરાલ પ્રાર્થના કોઅતી રોયી.
6 એને જોવે હેરોદ રાજા ચ્યા ન્યાય કોઅરાહાટી લોકહા હામ્મે લેય
યેનારો આતો, ચ્યા યોક રાત પેલ્લા પિત્તર બેન બેડયેહે કોય બાંદલો
આતો, બેન સિપાડાહા વોચમાય હૂવી રિઅલો આતો, એને જાગલ્યા
બાઆણાઈહી જેલે રાખવાળી કોઇ રીઅલા આતા.
7 અચાનક પ્રભુ યોક હોરગા દૂત પિત્તરા ઈહીં ઉબો જાયો, એને ચ્યે
ખોલીમાય ઉજવાડો ચોમક્યો, એને ચ્યાય પિત્તરા ખોવા વોય આથ
લાવીન ચ્યાલ ઉઠાડયો, એને આખ્યાં, “માહારી ઉઠ, ઉતવાળ કોઓ,”
એને ચ્યા આથહા વોયને બેડયો ટુટી ગીયો.
8 તોવે હોરગા દૂતાય ચ્યાલ આખ્યાં, “તિયાર ઓઓ, એને વાઅણે
પોવી લે” પિત્તરે તેહેકેન કોઅયા, હોરગા દૂતાય પાછા ચ્યાલ આખ્યાં,
“ઝોબો પોવી લે, એને મા પાહલા ચાલ.”
9 પિત્તર ચ્યા પાહલા ચાલા લાગ્યો, બાકી ઈ નાંય જાંઅતો આતો કા
જો કાય હોરગા દૂત કોઇ રિઅલો હેય, તી હાચ્ચાં હેય, બાકી ઈ હોમજ્યો
કા આંય હોપનાં એઇ રિયહો.

10 તોવે ચ્યા પેલ્લા એને બિજા પાહારા ઇહને નિંગીન ચ્યા લોખંડા
ફાટકા પાય પોઅચ્યા, જો શેહેરા એછે જાયના વાટે હેય, તી ફાટાક
ચ્યાહાહાટી ચ્યામેળેજ ખુલી ગીયા, એને ચ્યા નિંગીન ચોક્યેજ વાટેમાય
ચાલતા લાગ્યા, ઓલહામાય હોરગા દૂત ચ્યાલ છોડીન જાતો રિયો.
11 તોવે પિત્તર ભાનમાય યેનો એને ચ્યાય આખ્યાં, "આમી માચે જાઈ
લેદા કા પ્રભુય ચ્યા હોરગા દૂતાલ દોવાડીન માન હેરોદા કોબજા માઅને
સોડાવી લેદલો હેય એને યહૂદી આગેવાનહા બોદી આશા તોડી દેનલી
હેય."
12 ઈ જાઇન કા પોરમેહેરાય પિત્તરાલ બોચાવી લેદહો, તોવે તો
મરિયમે ગોઓ ગીયો, મરિયમ યોહાન જો માર્ક આખાયેહે ચ્યા આયહો
આતી, તાં બોજ વિસ્વાસી બેગે ઓઇન પ્રાર્થના કોઇ રીઅલે આતેં.
13 જોવે પિત્તરે ફાટાક ખોકડાવ્યાં તોવે રોદા નાંવા ચોક દાસી ફાટાક
ઉગાડા યેની.
14 એને પિત્તરા આવાજ વોળખીન, ચ્યેય ખુશીકોય બાઉં નાંય
ઉગાડયા, બાકી દાંહદીન માજા ગિઇ, એને બોદહાન આખ્યાં કા પિત્તર
બાઆઇહી ઉબો હેય.
15 ચ્યાહાય ચ્યેલ આખ્યાં, "તું ગાંડવાઈ ગીયહી" બાકી ચ્યેય
ખાત્રીકોય આખ્યાં કા ઓ પિત્તર હેય, તોવે ચ્યાહાય આખ્યાં, "ચ્યા
હોરગા દૂત ઓઅરી."
16 બાકી પિત્તર બાઆવા ખોકડાવતોજ રિયો, તોવે ચ્યાહાય બાઉં
ઉગાડયા એને ચ્યાલ દેખીન બોજ નોવાય પામી ગીયા.
17 તોવે ચ્યાય ચ્યાહાન આથા કોઇન ઈશારો કોઇન ઠાવકાજ રા
આખ્યાં, એને ચ્યાહાન આખ્યાં કા પ્રભુ કેહેકેન ચ્યાલ જેલેમાઅને છોડવી
લેય યેનો, પાછી આખ્યાં, "યાકૂબ એને બિજા બાહહાન ઈ વાત આખી
દેજા" તોવે નિંગીન બીજે જાગે જાતો રિયો.
18 હાકાળેહે જેલે રાખવાળી કોઅનારા સીપાડા બોજ ગાબરાઈ
ગીયા કા પિત્તર કેછ ગીયો?
19 જોવે હેરોદ રાજાય પિત્તરાલ હોદી કાડના આગના કોઅયી, બાકી
તો નાંય મિળ્યો, તોવે ચ્યેય જાગલ્યાહાન સાવાલ પુછા એને જોવે ચ્યા
જાવાબ નાંય દી હોક્યા તોવે ચ્યાહાન માઆઇ ટાકના સજા કોઅયી.
ચ્યા પાછે હેરોદ રાજા યહૂદીયા વિસ્તાર છોડીન કૈસરીયા શેહેરામાય
જાયને કોલહોક સમયાહાટી તાં રા લાગ્યો.

### હેરોદ રાજા મોરણ

20 હેરોદ રાજા સોર એને સિદોન શેહેરા લોકહાઉપે બોજ ખિજવાઈ
ગીયેલ, ચ્યાહાટી ચ્યાલ મિળાહાટી ચ્યા યેના, એને બલાસ્તુસ જો રાજા
યોક કર્મચારી આતો, ચ્યાલ મોનાવીન હોમજાં કોશિશ કોઅયી, કાહાકા
રાજા દેશામાઅને ચ્યાહા દેશાહાન અનાજ મિળતા આતા.
21 જયેં દિહે હેરોદ રાજાય ચ્યાહાઆરે મિળના નોક્કી કોઅયા, ચ્યે
દિહી રાજા ડોગલેં પોવીન રાજગાદ્યેવોય બોહી ગીયો, એને ચ્યાહાન
સંદેશ દાં લાગ્યો.
22 તોવે લોક બોંબલી ઉઠયા, "ઓ તો માઅહા નાંય હેય ઈશ્વરા શબ્દ
હેય."
23 ચ્યેજ સમયે પ્રભુ યોક હોરગા દૂતાય ચ્યાલ ઠોક્યાં, કાહાકા ચ્યે
પોરમેહેરાલ મહિમા નાંય કોઅયી એને ચ્યા શરીરામાય કિડે પોડયેં એને
તો મોઓઈ ગીયો.
24 બાકી પોરમેહેરા વચન ફેલાતા ગીયા એને વિસ્વાસ્યાહા ગોણત્રી
વોદતી ગિઇ.
25 યહૂદીયા ભાગામાય યહૂદી વિસ્વાસીયા મોદાત કોઅરાહાટી
પોયહા દેઅના પાછે, બારનાબાસ એને શાઉલ યેરૂસાલેમ શેહેરામાઅને
અન્તાકિયા શેહેરામાય પાછા ફિરી યેના, એને યોહાન જયાલ માર્ક બી
આખતેહે ચ્યાહાઆરે આતો.

# 13

### બારનાબાસ એને શાઉલાલ દોવાડના

1 અન્તાકિયા શેહેરા મંડળીમાય કોલહાક ભવિષ્યવક્તા એને શિક્ષક
આતા, બારનાબાસ, સિમોન જયા બિજા નાંવ નીગર આતા, કુરેન શેહેરા
લુકીયુસ, હેરોદ રાજા બાહા મનાહેમ એને શાઉલ.
2 જોવે ચ્યા ઉપહા કોઇન પ્રભુ ભક્તિ કોઇ રીઅલા આતા, તોવે
પવિત્ર આત્માય ચ્યાહાન આખ્યાં, "મા હાટી બારનાબાસ એને શાઉલાલ
મા સેવા કોઅરાહાટી આલાગ કોઆ, જયાહાટી માયે ચ્યાહાન હાદલા
હેય."
3 તોવે ચ્યાહાય ઉપહા એને પ્રાર્થના કોઇન ચ્યાહાય ચ્યાહાવોય આથ
થોવિન ચ્યાહાન પોરમેહેરા કામ કોઅરા દોવાડયા.

### પાઉલા પેલ્લા પ્રચારાલ જાઅના

4 બારનાબાસ એને શાઉલ પવિત્ર આત્માકોય દોવાડલા અન્તાકિયા
શેહેરાઇહીને સીલૂકીયા શેહેર લોગુ ગીયા, એને તાઅને ચ્યા સાઇપ્રસ
બેટા સલમીસ શેહેરામાય જાંહાટી જાહાજાકોય ગીયા.
5 સલમીસ પોઅચીન પોરમેહેરા વચન યહૂદીયાહા સોબાયે
ઠિકાણામાય આખ્યાં, એને યોહાન, જ્યાલ માર્ક આખતેહે તો ચ્યાહા
મોદાત કોઅરાહાટી ચ્યાહાઆરે આતો.
6 ચ્યા પાછે ચ્યાહાય બોદા બેટા વોઅને ફિરતા, પાફુસ શેહેરા લોગુ
પોઅચ્યા, તાં ચ્યાહાન બાર-યેશુ નાંવા યોક જાદુગાર મિળ્યો, જો યહૂદી
એને જુઠો ભવિષ્યવક્તા આતો.
7 તો ચ્યા બેટા શાસક સિરગીયુસ પાઉલા આરે આતો, તો યોક
બુદ્ધિમાન માઅહું આતો, શાસકાય બારનાબાસ એને શાઉલાલ હાદિન
પોરમેહેરા વચન વોનાયા માગ્યાં.
8 બાકી બાર-યેશુય, જ્યા ઉપનાંવ એલિમાસ એટલે જાદુગાર આતાં,
ચ્યાય શાઉલ એને બારનાબાસા વિરુદ કોઇન, શાસકાલ ઈસુવોય
બોરહો કોઅનાકોય હારકા કોશિશ કોઅયી.
9 તોવે શાઉલ જ્યા નાંવ પાઉલ બી હેય, પવિત્ર આત્મા કોયન
બોઆયને બાર-યેશુ એછે યોકદીઠ એઇન આખ્યાં.
10 "ઓ બોજ ખારાબ એને બોજ જુઠાકોય બાઆલા સૈતાના પોહા,
બોદા હારાં કામહા દુશ્માન, કાય તું પ્રભુ હિદી વાટહયેન વાકડી કોઅના
નાંય સોડહે?
11 આમી એએ, પ્રભુ તુલ ડોંડ દેનારો હેય, એને તું કોલહાક સોમાયા
લોગુ આંદળો બોની જાહે એને દિહી નાંય એઅહે," તોવે એલુમાસાલ
તારાત જાખાં એને આંદારાં ઓઈ ગીયા, એને તો ઈહીં-તાં ચાફાલતો
લાગ્યો કા ચ્યા આથ દોઇન મોદાત કોએ.
12 તોવે શાસકાય જીં કાય જાયા, દેખીન એને પ્રભુ શિક્ષણા બારામાય
નોવાય પામીન ચ્યાય ઈસુવોય બોરહો કોઅયો.

## પિસીદિયા અન્તાકિયામાય પાઉલા ઉપદેશ

13 પાઉલ એને ચ્યા હાંગાત્યા પાફુસ શેહેરા દોરિયામાઅને મુસાફરી
સુરુ કોઅયી, એને પંફૂલિયા વિસ્તારા પિરગા શેહેરામાય પોઅચ્યા, તાં
યોહાન માર્ક ચ્યાહાન છોડીન યેરૂસાલેમ શેહેરામાય પાછો ફિરી યેનો.

14 એને પિરગા શેહેરાઇહીને આગલા જાયને, ગલાતી વિસ્તારા
પીસદીયા ભાગા પાહે અન્તાકિયા શેહેરામાય પોઅચ્યા, એને આરામા
દિહી સોબાયે ઠિકાણામાય જાયને બોઠા.
15 મૂસા નિયમશાસ્ત્ર એને ભવિષ્યવક્તાહા ચોપડીમાઅને વાચ્યા
પાછે સોબાયે ઠિકાણા આગેવાનહાય ચ્યાહાન આખી દોવાડયા, "ઓ
બાહાહાય, જો લોકહાન પ્રોત્સાહાના હાટી તુમા કાય આખા માગતાહા,
તે આખા."
16 તોવે પાઉલાય ઉબો રોઇન એને લોકહાન ઠાવકાજ રાંહાટી આથા
કોઇન ઈશારો કોઇન આખ્યાં, ઓ ઈસરાયેલી લોકહાય, એને પોરમેહેરા
બિક રાખનારા ગેર યહૂદી લોકહાય, વોનાયા.
17 યા ઈસરાયેલા લોકહા પોરમેહેરે આપહે આગલ્યા ડાયહાન નિવડી
લેદા, એને જોવે મિસર દેશામાય પારદેશી ઓઇન રા આતા, તોવે
ચ્યાહાન વોદાડયા, એને પરાક્રમી સામર્થ્યા કોઇન ચ્યાહાન તાઅને કાડી
લેદા.
18 એને ચાળહી વોરહા લોગુ ચ્યે ઉજાડ જાગામાય ચ્યાહાન સહન
કોઅતો રિયો, જોવે ચ્યાહાય ગેડી-ગેડી આગના તોડી.
19 એને ચ્યાય કનાન દેશા હાંત જાતહયેન નાશ કોયન ચ્યાહા જમીન
ચ્યા લોકહા ઓદિકારામાય દેય દેની. યે બોદયે પ્રક્રીયામાય લગભગ
ચારસો પોચહા વોરહે લાગ્યેં.
20 ચ્યા પાછે ચ્યાય શમુએલ ભવિષ્યવક્તા લોગુ ન્યાયી ઠોરાવ્યા.
21 શમુએલ ભવિષ્યવક્તા આજુ આગેવાન આતો, તોવે ચ્યાહાય
રાજા માગ્યો, એને પોરમેહેરે બિન્યામીના કુળામાઅને કિશા પોહો
શાઉલાલ રાજા બોનાડયો એને ચ્યાય ચાળહી વોરહા લોગુ ઈસરાયેલી
લોકહાવોય રાજ્ય કોઅયા.
22 પાછે પોરમેહેરે શાઉલાલ રાજા પદા વોઅને ઓટાડીન ચ્યા
જાગાવોય દાઉદાલ રાજા બોનાડયો, જ્યા બારામાય પોરમેહેરે ઓહડી
સાક્ષી દેની, માન યોક માઅહું, યિશૈ પોહો દાઉદ, મા મોના રોકો મિળી
ગીયહો, તો મા બોદી મોરજી પુરી કોઅરી.
23 ચ્યા કુળામાઅને પોરમેહેરે ચ્યા વાયદા પરમાણે ઈસરાયેલી લોકહા
પાહી યોક તારણ કોઅનારો, એટલે ઈસુલ દોવાડયો.

24 ઈસુ યેયના પેલ્લા યોહાને બોદા ઈસરાયેલી લોકહાન પાપ કોઅના
બંદ કોઅના એને બાપતિસ્મા લેઅના પ્રચાર કોઅયો.
25 એને જોવે યોહાન ચ્યા સેવા પુરી કોઅનાવોય આતો, તોવે ચ્યાય
આખ્યાં, તુમા માન કાય હુમાજતાહા? આંય ખ્રિસ્ત નાંય હેય, બાકી
એઆ, મા પાછે યોક યેનારો હેય, તો મા કોઅતો મહાન હેય આંય ચ્યા
ચાકાર બોનીન બુટા હુતળી છોડાબી લાયકે નાંય હેય.

26 “ઓ બાહાહાય, તુમા જ્યા આબ્રાહામા પીડી હેતા, એને
પોરમેહેરા બિક રાખનારા ગેર યહૂદી લોકહાય, પોરમેહેરાય આપહે પાહી
ઈસુ બારામાય ઓ સંદેશ દોવાડલો હેય જો લોકહાન બોચાડેહે.
27 યેરૂસાલેમ શેહેરામાય રોનારા એને ચ્યાહા આગેવાનાહાય, ખ્રિસ્ત
ઈસુલ નાંય વોળખ્યો, એને નાંય ભવિષ્યવક્તા વાતો હોમજ્યા, જ્યો દર
આરામા દિહે વાચલી જાહે, યાહાટી ચ્યાલ દોષી ઠોરવીન ભવિષ્યવાણી
વાતો પુર્યો કોઅયો.

28 ચ્યાલ માઆઇ ટાકના લાયકે કાયજ દોષ નાંય મિળ્યો, તેરુંબી
પિલાત રાજાલ વિનાંતી કોઅયી, કા ચ્યાલ માઆઇ ટાકલો જાય.
29 એને ચ્યાહાય તી બોદા કોઅયા જીં પવિત્રશાસ્ત્રમાય ચ્યા
બારામાય આખલા આતા, ચ્યાહાય ચ્યાલ યોકા હુળીખાંબાવોય
ખીલા ઠોકીન માઆઇ ટાક્યો, એને ચ્યાલ હુળીખાંબાવોયને ઉતાડીન
કોબારેમાય થોવ્યો.
30 બાકી પોરમેહેરે ચ્યાલ મોઅલા માઅને પાછો જીવતો કોઅયો.
31 એને તો ચ્યાહાન જ્યેં ચ્યાઆરે ગાલીલ ભાગામાઅને યેરૂસાલેમ
શેહેરામાય યેનલે આતેં. તો બોજ દિહી લોગુ ચ્યા શિષ્યહાન દેખાતો
રિયો, લોકહા હામ્મે જ્યાહાય ચ્યાલ દેખ્યહો ચ્યેજ ચ્યા સાક્ષી હેય.

32 આમા તુમહાન ઈ હારી ખોબાર આખજેહે કા પોરમેહેરે આપહે
આગલ્યા ડાયહા આરે જો વાયદો કોઅલો આતો,
33 યા વાયદાલ પોરમેહેરાય ઈસુલ મોઅલા માઅને પાછો જીવતો
કોઇન તી વાયદો આપહે પોહાહા હાટી પુરો કોઅયો. જેહેકેન
ગીતશાસ્ત્રમાય લોખલાં હેય, તું મા પ્રિય પોહો હેય, આંય તો આબહો
બોની ગીઅલો હેતાંવ.

34 પોરમેહેરાય ચ્યાલ મોઅલાહામાઅને પાછો જીવતો કોઅયો એને
આમી પાછા ચ્યા શરીર હોડી નાંય યે વાતે સાબિત્યે હાટી પોરમેહેરાય
આખ્યાં, 'આંય દાઉદ રાજાવોય કોઅલી પવિત્ર એને કાયામ રોનારી
બોરકાત તુમહાવોય કોઅહી.'
35 યાહાટી દાઉદ રાજાય ઈ વાત બિજા ગીત શાસ્ત્રામાય આખહે,
'તું તો પવિત્ર જનહાલ હોડા નાંય દેહે.'
36 યાહાટી દાઉદ રાજા તે પોરમેહેરા મોરજી પરમાણે ચ્યા
સોમાયામાય સેવા કોઇન મોઅઇ ગીયો, એને ચ્યા આગલ્યા ડાયહા આરે
દાટાયો.
37 બાકી ઈસુલ પોરમેહેરે મોઅલા માઅને પાછો જીવતો કોઅયો,
ચ્યા શરીર નાંય હોડયા.
38 ચ્યાહાટી, ઓ બાહાહાય, તુમા જાઈલા કા ઈસુકોય પાપહા માફી
ખોબાર તુમહાન દેનલી જાહે.
39 એને જ્યેં વાતહેકોય તુમા મૂસા નિયમશાસ્ત્રાકોય નિર્દોષ નાંય ઠોરી
હોકે, ચ્યા બોદા બારામાય હર કાદો બોરહો કોઅનારો ઈસુકોય નિર્દોષ
ઠોરહે.
40 ચ્યાહાટી તુમા હાચવીન રા, એહેકેન નાંય ઓએ, કા જીં
ભવિષ્યવક્તાહા ચોપડયેમાય લોખલાં હેય, તી તુમહાવોય યી પોડે.
41 ઓ નિંદા કોઅનારાહાય, એઆ, એને નોવાય પામા, એને મોઅઇ
જાં, કાહાકા આંય તુમહે દિહીહામાય યોક કામ કોઅહી, ઓહડા કામ,
કા જોવે કાદો તુમહાન આખે, તો તુમા કોદહી બોરહો નાંય કોઅહા."

## અન્તાકિયામાય પાઉલ એને બારનાબાસ

42 જોવે પાઉલ એને બારનાબાસ સોબાયે ઠિકાણા માઅને બાઆ
જાતા આતા, તોવે લોકહાય ચ્યાહાલ વિનાંતી કોઅયી, કા આગલે
આરામા દિહે આમહાન યો વાતો પાછા આખે.
43 એને જોવે સોબાયે ઠિકાણેને છુટ્યા પાછે યહૂદી એને પોરમેહેરા
બિક રાખનારા ગેર યહૂદી લોક પોરમેહેરા ભક્તિ કોઅનારા પાઉલ
એને બારનાબાસાઆરે ઓઈ ગીયા, એને પાઉલ એને બારનાબાસે
ચ્યાહાઆરે વાત કોઇન હોમજાડયા, કા પોરમેહેરા સદા મોયામાય બોની
રોય.

44 આગલે આરામા દિહે શેહેરા લગભગ બોદા લોક પોરમેહેરા વચન
વોનાયા હાટી બેગા જાયા.
45 બાકી યહૂદી આગેવાનહાય ગીરદી દેખીન ઈર્ષ્યા કોય બાઆય
ગીયા, એને નિંદા કોઇન પાઉલા વાતહે વિરુદમાય બોલા લાગ્યા.
46 તોવે પાઉલ એને બારનાબાસે બિક વોગાર આખ્યાં, “જરુરી
આતા, કા પોરમેહેરા વચન પેલ્લા તુમહાન આખલા આતા, બાકી જોવે
તુમહાય નાકાર કોઇ દેના, એને પોતાલ અનંતજીવના લાયકે નાંય ઠોરાવે,
તો આમી, આમા ગેર યહૂદી લોકહાપાંય જાતહા.
47 કાહાકા પોરમેહેરે આમહાન ઓહડી આગના દેનલી હેય, માયે તુલ
ગેર યહૂદી લોકહાહાટી ઉજવાડા હારકો ઠોરાવલો હેય, તુલ દુનિયા બોદે
જાગે લોકહાન તારણ કોઅનારા બારામાય આખના હેય.”
48 ઈ વોનાઈન ગેર યહૂદી લોક બોજ ખુશ ઓઅઇ ગીયા, એને
પોરમેહેરા વચના સ્તુતિ કોઅરા લાગ્યા, એને જોલે અનંતજીવનાહાટી
નિવાડલે, ચ્યા બોદહાય બોરહો કોઅયો.
49 તોવે પ્રભુવા વચન બોદે દેશામાય ફેલાયા લાગ્યા.
50 બાકી યહૂદી આગેવાનહાય એને કુલીન થેએયો એને શેહેરા મુખ્ય
માટડાહાન ઉસરાવ્યા, એને પાઉલ એને બારનાબાસા વિરોદ કોઆડીન
ચ્યાહાલ ગાવા હિવે બારે કાડી દેના.
51 તોવે પાઉલ એને બારનાબાસ ચ્યાહા હામ્મે પાગહા બુપટા*
ખેખરીન ઈકુનિયુમ શેહેરામાય જાતા રિયા.
52 એને અન્તાકિયા શેહેરામાય શિષ્ય આનંદ એને પવિત્ર આત્માકોય
બોઆતા ગીયા.

# 14

## પાઉલ એને બારનાબાસા ઈકુનિયુમમાય વિરુદ

1 ઈકુનિયુમ શેહેરામાય એહેકેન જાયા કા પાઉલ એને બારનાબાસ
યહૂદી લોકહા સોબાયે ઠિકાણે આરે-આરે ગીયા, એને એહેકેન વાત

* **13:51** બુપટા ચ્યાહાન ઈ દેખાડાહાટી કા પોરમેહેરાય ચ્યાહાન અસ્વીકાર કોઅય દેનલા હેય એને ચ્યાહાન ડોંડ દેઅરી.

કોઅયી, કા યહૂદી એને ગેર યહૂદી લોક બેન્યાહા માઅને બોજ
જાઅહાય બોરહો કોઅયો.
2 બાકી બોરહો નાંય કોઅનારા યહૂદી લોકહાય ગેર યહૂદી લોકહાન
વિસ્વાસી લોકહા વિરુદમાય ઉસરાવ્યા, એને દુશ્માની પૈદા કોઇ દેની.
3 એને પાઉલ એને બારનાબાસ ચ્યા બોજ દિહયા લોગુ તાં રિયા,
એને પ્રભુ બોરહાવોય ઇંમાતથી વાતો કોઅતા રિયા, એને પોરમેહેરાય
ચ્યાહાકોય ચિન્હ એને નોવાયે કામે કોઆડીન સાબિત કોઅયા કા યા
સદા મોયાબારામાય ચ્યાહા સંદેશ હાચ્ચો આતો.
4 બાકી શેહેરા લોકહામાય ફુટ પોડી ગીયી, ચ્યાકોય કોલહાક લોક
યહૂદીહાઆરે એને કોલહાક પ્રેષિતાહા આરે ઓઅય ગીયા.
5 જોવે ગેર યહૂદી એને યહૂદી ચ્યાહા નિંદા એને ચ્યાહાવોય
દોગડાટાહાટી આગેવાનહા આરે ચ્યાહાપાય યેના.
6 તોવે ચ્યા ઈ વાત જાંઆય ગીયા, એને લુકાઉનિયા વિસ્તારા લુસ્ત્રા
એને દિરબે શેહેરામાય, એને ચ્યા આહે-પાહે ભાગામાય નાહી ગીયા.
7 એને તાં હારી ખોબાર આખા લાગ્યા.

## લુસ્ત્રામાય યોક લેંગડા માઅહા હારાં ઓઅના

8 લુસ્ત્રા શેહેરમાય યોક માઅહું આતા, જો પાગા પાંગળ્યો આતો,
તો જન્માથીજ લેંગડયો આતો, એને કોવેજ નાંય ચાલલો આતો.
9 તો પાઉલાલ વાતો કોઅતા વોનાય રિઅલો આતો, એને પાઉલે
ચ્યાએછે યોકદીઠ એઅયા કા યાલ હારાં ઓઅના બોરહો હેય.
10 એને બોંબલીન આખ્યાં, "તો પાગહાવોય હિદો ઉબો ઓઅય જો"
તોવે તો કુદીન ચાલા-ફિરા લાગ્યો.
11 લોકહાય પાઉલા ઈ કામ એઅઇન લુકાઉનિયા ભાષામાય
બોંબલીન આખ્યાં, "દેવતા માઅહા રુપ લેઈને આપહેપાય ઉતી યેનલા
હેય."
12 ચ્યાહાય બારનાબાસાલ યુનાની દેવતા જ્યૂસ નાંવ દેના એને
પાઉલાલ હિર્મેસ નાંવ દેના, કાહાકા તો મુખ્ય સંદેશ દેનારો આતો.
13 શેહેરા બાઆ યોક જ્યૂસ દેવતા મંદિર આતાં, ચ્યા મંદિરા પુંજારો
ડોબેં એને ફુલહા આર્યો લેય યેયન શેહેરા મોઠા ફાટકાલોગુ યેય ગીયો,
તો ચ્યા લોકહાઆરે મિળીન બલિદાન કોઅરા માગતો આતો.

14 બાકી બારનાબાસ એને પાઉલ પ્રેષિતાહાય જોવે વોનાયા, તોવે
ચ્યા બોજ હેરાન ઓઅય ગીયા એને ગીરદ્યેમાય દાહુદી ગીયા, એને
બોંબલીન આખા લાગ્યા,
15 "ઓ લોકહાય, તુમા કાય કોઇ રીઅલા હેય? આમા બી તે
તુમહે હારકે દુઃખ-સુખ બોગાવનારે માઅહે હેય, એને તુમહાન હારી
ખોબાર આખજેહે કા તુમા યે નોકામ્યે વસ્તુહુથી આલાગ ઓઇન જીવતા
પોરમેહેરાએછે યા, જયાંય આકાશ એને દોરતી એને દોરિયો એને જીં
કાય ચ્યામાય હેય બોનાડયા.
16 ચ્યાય નિંગી ગીઅલા સમયામાય બોદી જાતહીંન ચ્યાહા-ચ્યાહા
મોનાકોય ચાલા દેના.
17 તેરુંબી ભલા કોઇન આકાશ માઅને પાઆઈ એને ફળ દેનારો
ચોમાહા તુમહાન દેયને, એને ખાઅના એને આનાંદા કોય તુમહાન તૃપ્ત
કોઇન ચ્યા પોરમેહેરે પોતાના બારામાય સાક્ષી દેની."
18 ઈ આખીન બી ચ્યાહાય બોજ મોઠી મુશ્કેલથી રોક્યા કા
ચ્યાહાહાટી બલિદાન નાંય કોએ.
19 બાકી કોલહાક યહૂદી લોક અન્તાકિયા એને ઈકુનિયુમ
શેહેરામાઅને યેયન લોકહાન ચ્યાહા એછે કોઇ લેદા, એને પાઉલાવોય
દોગાડઝોડ કોઅયી, એને મોઅલો હોમજીન ચ્યાલ શેહેરા બાઆ
ગોહલીન લેય ગીયે.
20 બાકી જોવે શિષ્ય ચ્યા ચારીચોમખી યેયન ઉબા રિયા, તોવે પાઉલ
ઉઠીન શેહેરામાય ગીયો. એને બીજે દિહી બારનાબાસાઆરે દિરબે
શેહેરામાય ગીયા.

## સિરીયા અન્તાકિયામાય પાછા વોળના

21 એને પાઉલ એને બારનાબાસ ચ્યા શેહેરા લોકહાન હારી ખોબાર
આખીન, બોજ શિષ્ય બોનાડીન, ફિરી યેતા સમયે ચ્યા લુસ્ત્રા શેહેરામાય
ગીયા પાછે ચ્યા ઈકુનિયુમ શેહેરામાય ગીયા, એને પાછે ચ્યા પિસીદિયા
વિસ્તારા અન્તાકિયા શેહેરામાય ગીયા.
22 એને બોદા શેહેરાહામાય શિષ્યહા મન સ્થિર કોઅતા રિયા, એને
ઈ હિકાડતા આતા કા બોરાહામાંય બોની રા, એને ઈ આખતા આતા,
આપહાન મોઠા દુઃખ ઉચકીન પોરમેહેરા રાજ્યામાય પ્રવેશ કોઅરા પોડી.

23 એને પાઉલ એને બારનાબાસે બોદી મંડળ્યેહેમાય
વિસ્વાસ્યાહાહાટી વડીલ નિવડયા, એને ઉપહા હાતે પ્રાર્થના કોઇન
પ્રભુ ઈસુલ હોઅપ્યા, જ્યાવોય ચ્યાહાય બોરહો કોઅલો આતો.
24 તોવે પિસીદિયા વિસ્તારામાઅને ઓઇન ચ્યા પંફૂલિયા
વિસ્તારામાય પોઅચ્યા.
25 પિરગા શેહેરામાય વચન આખીન અત્તાલિયા શેહેરામાય યેના.
26 એને તાઅને જાહાજાકોય અન્તાકિયા શેહેરામાય પાછા ફિરી
યેના, જાઅને ચ્યાહાલ પોરમેહેરા સદા મોયામાય હોઅપીન ચ્યા
કામાહાટી દોવાડલા આતા, જ્યાલ ચ્યા આમી પુરાં કોઇન ફિરી યેનલા
આતા.
27 અન્તાકિયા શેહેર પોઅચીન ચ્યાહાય મંડળ્યેલ યોકઠી કોઅયી
એને આખ્યાં, પોરમેહેરાય ચ્યાહાઆરે રોયન કેહેકેન મોઠે-મોઠે કામે
કોઅયે, એને કેહેકેન પોરમેહેરાય ગેર યહૂદી લોકહાન ખ્રિસ્ત ઈસુવોય
બોરહો કોઅરા લાયકે બોનાડયા.
28 એને પાઉલ એને બારનાબાસ શિષ્યહાઆરે બોજ દિહી લોગુ
રિયા.

# 15

## યેરૂસાલેમા સબા

1 કોલહાક યહૂદી બોરહો કોઅનારા યહૂદીયા વિસ્તારામાઅને
અન્તાકિયા શેહેરામાય યેના એને વિસ્વાસ્યાહાલ હિકાડાં લાગ્યા કા:
"જોવે મૂસા રીતીકોય તુમહે સુન્નત નાંય ઓએ તે તુમા બોચી નાંય
હોકહા."
2 જોવે પાઉલ એને બારનાબાસ ચ્યાહાઆરે બોજ મતભેદ એને
કોલહાક બોલા-બોલી ઓઅયા તોવે ઈ નિશ્ચય કોઅયા કા પાઉલ એને
બારનાબાસ, અન્તાકિયા કોલહાક લોકહાઆરે યેરૂસાલેમ શેહેરામાય
જાય એને યા સવાલાવોય પ્રેષિત એને વડીલાહાઆરે ચર્ચા કોઅરી.
3 પાછે મંડળી લોકહાય ચ્યાહાલ વાટેહાટી પોયહા એને ખાઅના દેયને
દોવાડી દેના, એને ચ્યા ફીનીકે એને સમરૂન વિસ્તારામાઅને ગીયા, એને
તાઅને વિસ્વાસ્યાહા આરે વાત કોઅયી કા, ગેર યહૂદી લોક કેહેકેન હારી
ખોબાર વોનાયને ખ્રિસ્તાવોય બોરહો કોઅય રીઅલા હેય, ઈ આખીન
ચ્યાહાય બોદા વિસ્વાસી બાહહાલ બોજ આનંદિત કોઅયા.

4 જોવે એ્યા યેરૂસાલેમ શેહેરમાય પોઅચ્યા, તોવે મંડળી લોક એને
પ્રેષિત એને વડીલ એ્યાહાન આનંદકોય મિળ્યાં, એને પાઉલ એને
બારનાબાસે આખ્યાં કા પોરમેહેરાય એ્યાહાઆરે રોઇન કોહડે-કોહડે
કામ કોઅલે આતે.
5 બાકી પોરૂષીયાહા ટોળામાઅને જ્યાહાય બોરહો કોઅલો આતો,
એ્યાહામાઅને કોલહાક જાઅહાય ઉઠીન આખ્યાં, "ગેર યહૂદીયાહાલ
સુન્નત કોઅના એને મૂસા નિયમ માનના આગના દાં જોજે."
6 તોવે પ્રેષિત એને વડીલ યે વાતહેબારામાય વિચાર કોઅરાહાટી
ચોકઠા જાયા.
7 તોવે પિત્તરાય બોજ બોલા-બોલી ઓઅઇ ગીયા પાછે ઉઠીન
એ્યાહાન આખ્યાં, "ઓ બાહાહાય, તુમા જાંઅતાહા, કા બોજ દિહાહા
પેલ્લા જાયા, કા પોરમેહેરે તુમહેમાઅને માન નિવડી લેદહો, કા માપાયને
ગેર યહૂદી લોક હારી ખોબાર વોનાઈન બોરહો કોએ.
8 એને મન પારાખનારા પોરમેહેરાય એ્યાહાનબી આમે હારકા પવિત્ર
આત્મા દેયને એ્યેય દેખાડયાં કા એ્યાય ગેર યહૂદી લોકહાન પોતાના
લોકહા હારકા માની લેદા.
9 એને બોરહો કોઅવાથી એ્યાહા મન શુદ્ધ કોઇન આમહા માય એને
એ્યાહામાય કાયબી ભેદ નાંય રાખ્યો.
10 તે આમી તુમા ઈ આખીન કાહા પોરમેહેરા પરીક્ષા કોઅતાહા,
કા મૂસા નિયમ એને આમહે યહૂદી રીતરીવાજાહાન પાળાહાટી યા ગેર
યહૂદી વિસ્વાસ્યાહાવોય વોદારે વોજો થોવા, જ્યાલ નાંય આમહે વડીલ
ઉઠાવી હોક્યા એને નાંય આમા ઉઠાવી હોકજે.
11 એહેકોય કોઅના ઠીક નાંય હેય, આમી ઓ નિર્ણય હેય કા જેહેકેન
પ્રભુ ઈસુ સદા મોયાકોય આમહાન તારણ મિળ્યાં, એ્યેજ રીતીકોય
એ્યાહાનબી મિળી."
12 તોવે બોદી સબા ઠાવકાજ રોયન બારનાબાસ એને પાઉલા
વોનાયા લાગ્યા, કા પોરમેહેરાય એ્યાહાકોય ગેર યહૂદી લોકહામાય
કોહડે-કોહડે મોઠે ચિન્હે, એને ચમત્કારા કામે દેખાડયે.

## યાકૂબા નિર્ણય

13 જોવે એ્યા બોલી ચુક્યા તોવે યાકૂબ આખા લાગ્યો.
"ઓ બાહાહાય, મા વોનાયા.

14 સિમોન પિત્તરાય હોમજાડ્યા, કા પોરમેહેરાય પેલ્લાને-પેલ્લા
કેહેકેન ગેર યહૂદીયાહાવોય કોહડી કૃપા કોઅયી કા ચ્યાહામાઅને
કોલહાક લોકહાન પોતાના લોક બોના નિવડયા.
15 એને યાકોઈન ભવિષ્યવક્તાહા વાતોબી મિળત્યોહો, જેહેકોય
લિખલાં હેય,
16 ‘યા પાછે આંય પાછો યેયન દાઉદા રાજ્યા જીં ચ્યા દુશ્માનાહાય નાશ
કોઅઇ દેનેલ ચ્યાલ આંય પાછો બોનાડીહી,
એને પોડલો માંડવો પાછે આંય બોનાડીહી,
એને ચ્યાલ ઉબો કોઅહી,
17 યાહાટી કા બાકી બોદાજ લોક, બોદા ગેર યહૂદીયાહા હાતે, જ્યાહાલ
માયે પોતાના લોક બોનાહાટી નિવડયાહા, પ્રભુલ હોદે,
18 ઓ તોજ પ્રભુ આખહે જો દુનિયા શુરવાત પાઅને યે વાતહે ખોબાર
દેતો યેનહો.’
19 યાહાટી મા વિચાર ઓ હેય, કા ગેર યહૂદીયાહા માઅને જ્યા
લોક પોરમેહેરાપાય યેતહા, ચ્યાહાન ઈ આખીન દુઃખ મા દાહા, કા મૂસા
નિયમ એને આમહે યહૂદી રીતિરીવાજાહાલ માનના જરુર હેય.
20 બાકી ચ્યાહાન યોક ચિઠ્ઠી લોખી દોવાડા, ઈ આખાહાટી કા ચ્યા
માહાં નાંય ખાય જીં લોકહાય મુર્તિહયેલ ચોડાવ્યાહા, વ્યબિચારાથી દુર
રોય, ગોગી દાબીન માઅલા જોનાવરા માહાં નાંય ખાય એને જોનાવરહા
લોય નાંય પિયે.
21 કાહાકા પેલ્લા સમયથી શેહેરાહામાય મૂસા નિયમા પ્રચાર
કોઅનારા ચાલી યેનહા, એને તી બોદાજ આરામા દિહાલ સોબાયે
ઠિકાણામાય વાચવામાય યેહે.”

## ગેર યહૂદી વિસ્વાસ્યાહાલ પત્ર

22 તોવે યેરૂસાલેમ શેહેરામાય પ્રેષિત એને વડીલાહાય બોદી
મંડળીઆરે આપહે માઅને કોલહાક માટડાહાલ નિવાડના નોક્કી
કોઅયા, ચ્યાહાય યહૂદા, જો બારનાબાસ આખવામાય યેહે, એને
સિલાસાલ નિવડયા, યા બેની વિસ્વાસ્યાહામાય બોજ માનાપાના
આતા. ચ્યાહાન પાઉલ એને બારનાબાસાઆરે અન્તાકિયા શેહેરમાય
દોવાડી દેના.

23 એને ઇયાહાય તી ચિઠ્ઠી ઇયાહાઆરે લેય દોવાડયા જયામાય
લોખાલા આતા, “અન્તાકિયા શેહેર, એને સિરીયા એને કિલિકિયા
વિસ્તારામાય રોનારા ગેર યહૂદી વિસ્વાસ્યાહાલ, પ્રેષિત એને વડીલાહા
સલામ.
24 આમા વોનાયાહા, કા આમહામાને કોલહાક લોક તુમહેપાય યેનલા
હેય, એને ઇયાહાય તુમાહાલ ઇયાહા વાતહેકોય ગાબરાવી દેના, એને
તુમહે મન ઉલટાવી દેનહે બાકી આમહાય ઇયાહાલ આગના નાંય દેનલી
આતી.
25 યાહાટી આમહાય યોક મોનાકોય હાચ્ચાં હોમજ્યા, એને
આમાહાય કોલહાક માટડાહાલ નિવાડના નોક્કી કોઅયા એને ઇયાહાન
બારનાબાસ એને પાઉલા આરે તુમહેપાય દોવાડજે.
26 યે તે ઓહડે માઅહે હેય, જયાહાય પોતાનો જીવ આંય પ્રભુ ઈસુ
ખ્રિસ્તા નાંવા કોય મુશ્કીલમાય ટાક્યોહો.
27 યાહાટી આમા તુમહાન ઈ આખાહાટી યહૂદા એને સિલાસાલ
દોવાડી રીઅલા હેય કા આમહાય તુમહે સાવાલા બારામાય કાય નિર્ણય
લેદલો હેય.
28 પવિત્ર આત્માલ, એને આમહાનબી ઠીક માલુમ પોડ્યા કા યે
જરુરી વાતહેલ છોડીન, તુમહાવોય આજુ વોજો નાંય ટાકે;
29 તુમા ઇયા માહાલ નાંય ખાઅના જીં લોકહાય મૂર્તિહયેન બેટ
ચોડાવ્યાહા, વ્યબિચારાથી દુર રોજા, ગોંગી દાબીન માઅલા જોનાવરહા
માહાં નાંય ખાઅના એને જોનાવરહા લોય નાંય પીયના, જોવે તુમા યો
વાતો માની લાહા તે તુમહે ભલા ઓઅરી, તુમા શાંત્યેથી રા.”
30 પાછે ઇયા છુટા પોડીન અન્તાકિયા શેહેરામાય પોઅચ્યા, એને
સોબાયેલ બેગી કોયન ઇયા પત્રાન ઇયાહાન દી દેના.
31 એને ઇયે તી પત્ર વાચીન ઇયા ઉપદેશા વાતહેકોય બોજ આનંદિત
જાયે.
32 એને યહૂદા એને સિલાસ જયા પોતેબી ભવિષ્યવક્તા આતા,
ઇયાહાય બોજ વાતહેકોય વિસ્વાસ્યાહાલ ઉપદેશ દેયન સ્થિર કોઅયા.
33 ઇયા કોલહાક દિહી તાં રોયા, પાછે વિસ્વાસ્યાહાય ઇયાહાન
શાંત્યેથી વિદાય ઓઅના બોરકાત દેયને યેરૂસાલેમ મંડળ્યેમાય પાછા
દોવાડી દેના.

34 બાકી સિલાસે અન્તાકિયા શેહેરામાય રોઅના નોક્કી કોઅયા,
ઈયાહાટી યહૂદા ચોખલોજ યેરૂસાલેમમાય પાછો જાતો રિયો.
35 એને પાઉલ એને બારનાબાસ અન્તાકિયામાય રોય ગીયા, એને
આજુ બિજા બોજ લોકહાઆરે પ્રભુ ઈસુ વચના સંદેશ દેતા એને હારી
ખોબાર આખતા રિયા.

## પાઉલ એને બારનાબાસા બોલા-બોલી

36 કોલહાક દિહાકોય પાઉલાય બારનાબાસાલ આખ્યાં, "જ્યા-જ્યા
શેહેરામાય આમહાય પ્રભુ વચન વોનાડલા આતા, યા, પાછે ઈયામાય
ચાલીન પોતાના વિસ્વાસ્યાહાલ એઅે કા ઈયા કોહડા હેય."
37 તોવે બારનાબાસે યોહાનાલ જો માર્ક આખવામાય યેહે, આરે
લેઅના વિચાર કોઅયો.
38 બાકી પાઉલ ઈયાલ જો પંફૂલિયા વિસ્તારામાય ઈયાહાથી આલાગ
ઓઈ ગીયેલ, એને કામાવોય ઈયાઆરે નાંય ગીયો, ઈયાલ આરે લેય
જાયના હારાં નાંય હોમજ્યા.
39 પાછે ઓહડી બોલા-બોલી ઓઅયી કા પાઉલ એને બારનાબાસ
ઈયા બેની ચોકબિજાથી આલાગ ઓઈ ગીયા, એને બારનાબાસ, માર્કાલ
લેઈને ઉડીવોય બોહીન સાઇપ્રસ બેટા એછે જાતો રિયો.

## પાઉલા સિલાસા હાતે બીજ્યેવાર સંદેશા મુસાફરી

40 પાઉલાય સિલાસાલ નિવડી લેદો, એને અન્તાકિયા શેહેરા
વિસ્વાસ્યાહાલ પોરમેહેરા સદા મોયામાય હોઅપી દેના એને તો
અન્તાકિયા શેહેરામાઅને જાતો રિયો.
41 એને મંડળ્યેહે વિસ્વાસ્યાહાલ મજબુત કોઅતા, સિરીયા એને
કિલિકિયા વિસ્તારામાઅને રોયન ગીયા.

# 16

## પાઉલ એને તિમોથી

1 પાછા પાઉલ એને સિલાસ દિરબે એને લુસ્ત્રા શેહેરામાયબી ગીયા,
એને ઈયા તિમોથી નાંવા ચોક શિષ્ય આતો, ઈયા આયહો યહૂદી વિસ્વાસી
આતી, બાકી ઈયા આબહો ગેર યહૂદી યુનાન દેશા રોનારો આતો.
2 તે લુસ્ત્રા એને ઈકુનિયામ શેહેરાહા વિસ્વાસીયાહા માય ઈયા સાક્ષી
હારી આતી.

3 પાઉલા ઇચ્છા આતી કા તો ચ્યાઆરે જાય, એને જયા ગેર યહૂદી
લોક ચ્યા જાગામાય આતા ચ્યાહા લીદે ચ્યાલ લેયને ચ્યા સુન્નત કોઅયી,
કાહાકા ચ્યે બોદે જાંઅતે આતેં, ચ્યાહા આબહો યુનાન દેશા રોનારો
આતો.
4 પાઉલ એને ચ્યા હાંગાત્યા શેહેર-શેહેર જાતા ચ્યે વિદ્યેહેન
જયો યેરૂસાલેમ શેહેરમાય પ્રેષિત એને વડીલાહાય ઠોરાવલી આતી,
માનાહાટી વિસ્વાસ્યાહાન પોઅચાડવામાય જાતે આતેં.
5 યેજપરમાણે મંડળ્યો બોરહામાય મજબુત ઓઅત્યો ગીયો એને
સંખ્યામાય રોજદીને વોદત્યો ગીયો.

## પાઉલા દર્શન

6 એને પાઉલ, સિલાસ એને તિમોથી ચ્યા ફ્રુગીયા એને ગલાતીયા
વિસ્તારામાઅને રોયન ગીયા, કાહાકા પવિત્ર આત્માય ચ્યાહાન
આસિયા વિસ્તારામાય વચન પ્રચાર કોઅના મોનાય કોઅયી.
7 એને ચ્યાહાય મુસીયા વિસ્તારા પાહી પોઅચીન, બિથુનિયા
વિસ્તારામાય જાયના વિચાર્યા, બાકી ઈસુ આત્માય ચ્યાહાન જાં નાંય
દેના.
8 પાછે ચ્યા મુસીયા વિસ્તારામાઅને ઓઇન ત્રોઆસ શેહેરામાય
યેના.
9 તાં પાઉલે રાતી યોક દર્શન એઅયા કા યોક મોકોદુનિયા
વિસ્તારામાય રોનારા યોક માઅહું ઉબા આતા, એને તો ચ્યાલ વિનાંતી
કોઇન આખહે કા, “દોરિયા ચ્યે કાની ઉતીન મોકોદુનિયા માય યે, એને
આમે મોદાત કોઓ.”
10 ચ્યા ઈ દર્શન દેખીન આમહાય તારાતુજ મોકોદુનિયા વિસ્તારામાય
જાઅના વિચાર્યા, ઈ હોમજીન કા પોરમેહેરાય આમહાન ચ્યાહાન હારી
ખોબારે સંદેશ દાંહાટી હાદ્યાહા.
11 યાહાટી ત્રોઆસ શેહેરામાઅને જાહાજા માય બોહીન આમા હિદા
સુમાત્રા બેટવોય એને બીજે દિહી નિયાપુલિસ શેહેરામાય યેના.
12 તાઅને આમા ફિલિપ્પી શેહેરામાય પોઅચ્યા, જીં મોકોદુનિયા
વિસ્તાર માઅને શેહેર, એને રોમ્યાહા વોહતી હેય, એને આમા ચ્યા
શેહેરામાય કોલહાક દિહીહુદુ રિયા.

13 આરામા દિહે આમા શેહેરા ફાટકે બારે નોયે મેરે ઈ હોમજીન
ગીયા કા તાં યહૂદીયાહા પ્રાર્થના કોઅના જાગો ઓરી, એને બોહીન ચ્યે
થેઅયેહેઆરે જ્યો યકઠયો જાયલ્યો આત્યો, વાતો કોઅરા લાગ્યા.

## યુરોપા પેલ્લી બોરહાવાળી

14 એને લુદીયા નાંવા થુવાતીર શેહેરા જાંબળા રોંગા ડોગલેં વેચનારી
યોક પોરમેહેરા આરાધના કોઅનારી થેએ વોનાય રીયલી આતી, એને
પ્રભુય ચ્યે મોન ખુલ્યા, કા પાઉલા વાતેહેવોય ધ્યાન દેય.
15 એને જોવે ચ્યેય ચ્યે કુટુંબ હાતે બાપતિસ્મા લેદા, તોવે ચ્યેય
વિનાંતી કોઅયી, "જો તું માન પ્રભુવા વિસ્વાસીની હોમાજતોહો, તે
ચાલીન મા ગોઆમાય રા," એને તી આમહાન માનાડી લેય ગીયી.

## બુતા પાઅને છુટકો

16 જોવે આમા પ્રાર્થના કોઅના જાગાવોય જાય રીઅલે આતેં, તોવે
આમહાન યોક દાસી મિળી, જ્યેમાય યોક ઓહડો બુત આતો, ચ્યા
મોદાતકોય તી ભવિષ્ય પ્રગટ કોઅઇ દેતી આતી, એને તી ભવિષ્ય પ્રગટ
કોઅવાથી ચ્યે માલિકાહા હાટી ઘોણા કાય કામાવી લેય યા આતી.
17 તી પાઉલા એને આમહે પાહલા યેઇન બોંબલા લાગી, "યે
માઅહે પરમપ્રધાન પોરમેહેરા દાસ હેય, જ્યા તુમાહાલ તારણા વાટ
દેખાડતાહા."
18 તી બોજ દિહી લોગુ એહકોયજ કોઅતી રિયી, બાકી પાઉલ હેરાન
જાયો, એને ફિરીન ચ્યા બુતાલ આખ્યાં, "આંય તુલ ઈસુ ખ્રિસ્તા નાંવા
કોઅઇ આગના દેતહાવ, કા ચ્યેમાઅને નિંગી જો એને તી ચ્યેજ ગેડી
નિંગી ગીયા."
19 જોવે ચ્યે માલિકાહાય દેખ્યા, કા આમહે કામાણ્યે આશા જાતી
રીયહી, તોવે પાઉલાલ એને સિલાસાલ દોઇન ચોકામાય પ્રધાનાહા પાય
ખેચી લી ગીયે.
20 એને ચ્યાહાન ન્યાય કોઅનારા ઓદિકાર્યાહા પાય લી જાયને
આખ્યાં, "યે માઅહે જર્યે યહૂદી હેય, આમહે શેહેરામાય બોજ ગરબડ
કોઅઇ રીયહે.
21 એને ઓહડયો રીત્યો આખી રીયહે, જ્યાહાલ ગ્રહણ કોઅના કા
માનના આમા રોમી નાગરીકાહા હાટી ઠીક નાંય હેય."

### પાઉલ એને સિલાસ જેલેમાય

22 તોવે ટોળા લોક પાઉલ એને સિલાસા વિરુદમાય યોકઠા ઓઇન
ઞ્યાહાપાય યેના, એને ન્યાય કોઅનારા ઓદિકારી લોકહાય ઞ્યાહા
ડોગલેં ફાડીન કાડી ટાક્યેં, એને ઞ્યાહાન ફટકાથી ઠોકના આગના દેની.
23 એને બોજ ફટકાથી ઠોકીન ઞ્યાહાય ઞ્યાહાન જેલેમાય કોંડી દેના
એને દ્વારપાલાલ આગના દેની કા ઞ્યાહાવોય નોજાર રાખે.
24 ઞ્યાય ઓહડી આગના વોનાયને ઞ્યાહાન માજેને ખોલ્યેમાય
રાખ્યાં એને ઞ્યાહા પાગહાલ લાકડા બેડયેહે માય બાંદી દેના.

### પાઉલા એને સિલાસા જેલેમાઅને છુટકો

25 આરદી રાતી લગભગ પાઉલ એને સિલાસ પ્રાર્થના કોઅતા
પોરમેહેરા સ્તુતિ ગીતે આખતા આતા, એને જેલ્યા ઞ્યાહા વોનાય રીયલા
આતા.
26 કા ઓલહામાય યોકદાજ યોક મોઠો દોરતીકંપ જાયો, ઓલે હુદુ
કા જેલે પાયો બી આલી ગીયો, એને તારાત બોદા દરવાજા ખુલી ગીયા,
એને બોદહા બંધન ખુલી ગીયે.
27 એને દ્વારપાળ જાગી ઉઠયો, એને જેલે દરવાજા ખુલ્લાં દેખીન
હોમજ્યો કા જેલ્યા નાહી ગીયા, તોવે ઞ્યાય પોતે તારવાય લેઈને
પોતાનાલ માઆઇ ટાકના વિચાર્યા.
28 બાકી પાઉલે ઉચા આવાજા કોય બોંબલીન આખ્યાં, "પોતે પોતાલ
કાય નુકસાન નાંય કોઅના, કાહાકા આમા બોદા ઈહીંજ હેજે."
29 તોવે તો દિવો માગીન માજે દાંહાદી ગીયો, એને કાપતોજ પાઉલ
એને સિલાસા આગલા પોડયો.

### દ્વારપાળા રુદયા બોદલાણ

30 એને ઞ્યાહાન બારે લેય યેયન આખ્યાં, "ઓ સાયબાહાય,
તારણાહાટી આંય કાય કોઉ?"
31 ઞ્યાહાય આખ્યાં, "પ્રભુ ઈસુ ખ્રિસ્તાવોય બોરહો કોઓ, તોવે તું
એને તો ગોર્યાહા તારણ ઓઅરી."
32 એને ઞ્યાહાય ઞ્યાલ એને ઞ્યા બોદા ગોઅને લોકહાન પ્રભુ વચન
વોનાડયા.
33 એને રાતી ઞ્યેજ ગેડી ઞ્યે ઞ્યાહાન ગોઓ લેય જાયને ઞ્યાહા જ્યા
ઘાવ આતા ઞ્યા દોવ્યા, એને ઞ્યાય પોતાના બોદા ગોર્યાહા હાતે તારાત
બાપતિસ્મા લેદા.

34 એને ચ્યાય ચ્યાહાન પોતાના ગોઆમાય લેય જાયન, ચ્યાહાન
ખાઅના ખાવાડ્યા, એને બોદા ગોર્યાહા આરે પોરમેહેરાવોય બોરહો
કોઇન બોજ આનંદ કોઅયો.
35 બિજો દિહી જાયો તોવે ન્યાય કોઅનારા ઓદિકાર્યાહાય જેલે
સીપાડાલ આખી દોવાડયા કા ચ્યા માઅહાલ છોડી દા.
36 દ્વારપાળે યો વાતો પાઉલાલ આખી દેખાડયો, "ન્યાય કોઅનારા
ઓદિકાર્યાહાય તુમહાન છોડી દેયના આગના દોવાડી દેનલી હેય,
યાહાટી આમી નિંગીન શાંતિથી જાતા રા."
37 બાકી પાઉલે ચ્યાહાન આખ્યાં, "ચ્યાહાય આમહાન જ્યા રોમ
દેશા રોનારે માઅહે હેય, દોષી ઠોરાવ્યા વોગાર લોકહા હામ્મે ઠોક્યાં એને
જેલેમાય ટાક્યા, આમી કાય આમહાન દોબીન દોવાડી રીયહે? એહેકોય
નાંય, બાકી ચ્યા પોતે યેયન આમહાન બારે લેય જાય."
38 સીપાડાહાય યો વાતો ન્યાય કોઅનારા ઓદિકાર્યાહાન આખી
દેન્યો, એને ચ્યા ઈ વોનાઈન કા પાઉલ એને સિલાસ રોમ દેશા રોનારા
હેતા, બિઇ ગીયા,
39 એને યેયન ચ્યાહાય ચ્યાહાપાય માફી માગી, એને બારે લી જાયના
વિનાંતી કોઅયી, કા શેહેરામાઅને જાતા રા.
40 પાઉલ એને સિલાસ જેલેમાઅને નિંગીન લુદીયા ગોઓ ગીયા,
એને વિસ્વાસ્યાહાલ મિળીન ચ્યાહાન ઉત્તેજન દેયને તાઅને જાતા રિયા.

# 17

## થેસ્સાલોનિકા શેહેરમાય પાઉલ એને સિલાસ

1 પાછે પાઉલ એને સિલાસ અમ્ફિપુલીસ શેહેર એને અપ્પુલોનિયા
શેહેરમાઅને થેસ્સાલોનિકા શેહેરામાય યેના, જાં યહૂદીયાહા યોક
સોબાયે ઠિકાણ આતા.
2 એને પાઉલ ચ્યા કાયામની આદાતે પરમાણે ચ્યાહાપાય ગીયો, તીન
આરામા દિહીહુદુ ચ્યાહાઆરે પવિત્રશાસ્ત્રા માઅને વાતહેકોય બોલા-
બોલી કોઅઇ.
3 એને હોમજાડી રિઅલો આતો એને સાબિત કોઅય રિઅલો આતો
કા ખ્રિસ્તા દુ:ખ વેઠના, એને મોઅલા માઅને જીવી ઉઠના, નોક્કીજ
આતા, "ઓ ઈસુ જ્યા બારામાય આંય તુમહાન સંદેશ આખતાહાવ,
તો ખ્રિસ્ત હેય."

4 ઈયાહામાઅને કોલાહાક યહૂદીયાહાય, એને પોરમેહેરા બિક
રાખનારા યુનાની લોક, એને બોજ બોદયે પ્રમુખ થેઅયેહેયબી બોરહો
કોઅયો એને ઈયે પાઉલા એને સિલાસા આરે મિળી ગીયે.
5 બાકી યહૂદીયાહાય ખિજવાઈન આટામાઅને લોકહાન કોલહાક
ખારાબ માઅહાલ ઈયાહાઆરે લેદા, એને લોકહાન ટોળો કોઇન
શેહેરામાય દંગો કોઅરા લાગ્યા, એને ઈયાહાય પાઉલા એને સિલાસાલ
હોદાહાટી યાસોના ગોઆવોય હુમલો કોઇન પાઉલા એને સિલાસાલ
લોકહા હામ્મે લેય યેયના વિચાર્યા.
6 એને ઈયાહાન નાંય મિળ્યાં, ઈયા ઈ બોંબાલતાજ યાસોન એને
કોલહાક વિસ્વાસ્યાહાલ શેહેરા ન્યાય કોઅનારા ઓદિકાર્યાહા હામ્મે
ખેચી લેય યેના, "યા લોક જ્યાહાય બોદેજ જાગે પરેશાની ફેલાડી દેનહી,
ઈહીંબી યેનહા.
7 એને યાસોને ઈયાહાન ઈયા ગોઆ રોઅના જાગો દેનહો, એને યા
બોદા લોક કૈસરા કાયદાહા વિરોદ કોઅતાહા એને આખતેહે કા ઈસુ
નાંવા બિજો કાદો રાજા હેય."
8 જોવે લોકહા ગીરદી એને શેહેરા ન્યાય કોઅનારા ઓદિકારી યો
વાતો વોનાયા, તોવે ઈયા ખિજવાય ગીયા.
9 એને ઈયાહાય યાસોન એને બિજા લોકહાન જામીન વોય છોડી દેના.

## બિરીયા શેહેરામાય પાઉલ એને સિલાસ

10 વિસ્વાસ્યાહાય તારાત રાતીન-રાતી પાઉલાલ એને સિલાસાલ
બિરીયા શેહેરમાય દોવાડી દેના, એને ઈયા તાં પોઅચ્યા પાછે યહૂદીયાહા
સોબાયે ઠિકાણામાય ગીયા.
11 યા લોક તે થેસ્સાલોનિક શેહેરા યહૂદીયાહાથી વદારે હારાં આતા,
એને ઈયાહાય હાચ્ચે મોનાકોય વચન વોનાય લેદેલ, એને રોજ દિને
પવિત્રશાસ્ત્રામાય હોદતા રિયા કા યો વાતો એહકોયજ હેત્યો કા નાંય.
12 યાહાટી ઈયાહામાઅને બોજ જાઅહાય એને યુનાની આબરૂદાર
થેઅયેહે માઅને એને માટડાહામાઅનેબી બોજ જાઅહાય બોરહો
કોઅયો.
13 બાકી જોવે થેસ્સાલોનિક શેહેરા યહૂદી લોક જાંઆય ગીયા કા
પાઉલ બિરીયા શેહેરામાયબી પોરમેહેરા વચન આખહે, તે તાં બી યેયન
લોકહાન ઉસરાવાં એને ભરમાવા લાગ્યા.

14 તોવે વિસ્વાસ્યાહાય પાઉલાલ તારાતુજ દોવાડી દેનો કા દોરિયા
મેરે જાતો રોય, બાકી સિલાસ એને તિમોથી બિરીયામાયજ રોય ગીયા.
15 ચ્યા લોક જ્યા પાઉલાલ લેય જાય રીઅલા આતા ચ્યા હાતે
એથેન્સ શેહેરા લોગુ ગીયા, એને પાઉલા યે આગનાયે હાતે ચ્યા બિરીયા
ફિરી ગીયા કા સિલાસ એને તિમોથીલ જલદી ચ્યાપાય દોવાડી દેય.

## એથેન્સ શેહેરામાય પાઉલ

16 જોવે પાઉલ એથેન્સ શેહેરામાય ચ્યાહા વાટ જોવતો આતો, તોવે
શેહેરાલ મુર્તિહીથી બોઆલા દેખીન ચ્યા આત્મામાય બોજ દુઃખી જાયો.
17 યાહાટી તો સોબાયે ઠિકાણામાય યહૂદીયા એને પોરમેહેરા બિક
રાખનારા ગેર યહૂદી લોકહાન એને બાજારામાય જ્યા લોક મિળતા
આતા, ચ્યાહા હાતે દિનેરોજ બોલા-બોલી કોઅયા કોઅતો આતો.
18 તોવે ચ્યા પુંજારા જ્યા ઈપિકુરી એને સ્તોઈકી કોય જાંઅતાહા
ચ્યા હિકાડનારા માસ્તાર ગોણવામાય યેત ચ્યાહામાઅને કોલહાક ચ્યા
હાતે બોલા લાગ્યા, એને કોલહાક લોકહાય આખ્યાં, “ઓ બકવાસ્યો
કાય આખા માગહે?” બાકી બીજહાંય આખ્યાં, “તો પારકા દેવતાહા
પ્રચાર કોઅનારો માલુમ પોડહે,” ચ્યાહાય ઈ યાહાટી આખ્યાં કાહાકા
તો ઈસુવા એને ચ્યા મોઅલા માઅને પાછા જીવી ઉઠના બારામાય હારી
ખોબાર વોનાડતો આતો.
19 તોવે ચ્યા ચ્યાલ ચ્યાહાજ આરે અરિયુપગુસ નાંવા સોબાયે ઠિકાણે
લેય ગીયા એને પુછ્યાં, “કાય આમા જાંઆય હોકજેહે, કા ઓ નોવો
સંદેશ જો તું વોનાડતોહો, કાય હેય?
20 કાહાકા તું નોવાયે વાતો આમહાન વોનાડતોહો, યાહાટી આમા
જાંઅરા માગતાહા કા યા મોતલાબ કાય હેય?”
21 (યાહાટી કા બોદા એથેન્સમાંય રોનારા એને પારદેશી જયેં તાં રોતે
આતેં ચ્યાહાન ચ્યાહા બોદો સમય નવી-નવી વાતો આખના એને વોનાયા
હાટી વિતાવના પોસંદ હેય.)

## અરિયુપગુસા માય પાઉલા સંદેશ

22 તોવે પાઉલે અરિયુપગુસ નાંવા યોક સોબાયે ઠિકાણા વોચમાય
ઉબો રોયન આખ્યાં, ઓ એથેન્સના લોકહાય, આંય એઅતાહાવ કા
તુમા બોદયે વાતહેમાય દેવતાહાલ વોદારે માનનારે હેતેં.

23 કાહાકા આંય ફિઅત્યે વેળે તુમહે પૂજા કોઅના વાનાહાલ આંય
એઅતો આતો, તોવે માયે યોક ઓહડી વેદિબી દેખી, જ્યેવોય લોખલાં
આતા, ઓજાણ્યા દેવાહાટી, યાહાટી જ્યા તુમા જાંઅયા વોગાર
આરાધના કોઅતાહા, આંય તુમહાન ઇયા બારામાય હારી ખોબાર
આખતાહાવ.

24 જ્યા પોરમેહેરાય દોરતી એને ઇયેવોયને બોદયે વસ્તુહુલ
બોનાડયાહા, તો હોરગ્યા એને દોરત્યે માલિક ઓઇન આથેકોય
બોનાવલા મંદિરામાય નાંય રોય.
25 નાંય કાદીબી વસ્તુહુ ગોરજેહાટી ઇયાલ માઅહા મોદાતે ઇયાલ
ગોરાજ નાંય હેય, કાહાકા તો પોતેજ બોદહાલ જીવન એને શ્વાછ એને
બોદાંજ કાય દેહે.

26 ઇયાય યોકુજ માઅહાથી માઅહા બોદી જાત્યો બોદયે દોરત્યેવોય
રાંહાટી બોનાડીહી, એને ઇયા ઠરાવલા સમય એને રોઅના હોદ યાહાટી
બાંદહી,
27 પોરમેહેરે એહેકેન યાહાટી કોઅયા કા લોક ઇયાલ હોદે, એને બોની
હોકે ઇયા ઇયાપાય પોઅચી હોકે, એને તેરુંબી તો આમહે માઅને કાદાથી
દુર નાંય હેય.

28 કાહાકા આમા ઇયામાય જીવતા રોતહા, એને ચાલતાહા-
ફિરતાહા, એને ઇયામાય મજબુત રોજહે. ઠીક તેહેકોયજ જેહેકોય
તુમહે કોલાહાક કવી લોકહાયબી આખ્યાહા, "આમા તે ઇયાજ કુળા
બી હેજે."
29 કાહાકા આમા પોરમેહેરા પોહેં હેજે યાહાટી આમહાન ઈ કોયદિહી
વિચાર નાંય કોઅરા જોજે કા પોરમેહેર, હોના કા ચાંદે કા દોગાડા હારકો
હેય, જો માઅહા આથાકોય એને વિચારાહાકોયન બોનાડયાહા.

30 આમી લોગુ પોરમેહેરે લોકહા અજ્ઞાનતાના સમાયાવોય દિયાન
નાંય દેના, બાકી આમી બોદે જાગે બોદાજ માઅહાલ પાપ કોઅના બંદ
કોઅના આગના દેહે.
31 કાહાકા ઇયાય યોક દિહી નોક્કી ઠોરવ્યોહો, ઇયામાય તો આખા
દુનિયા ન્યાય કોઅરી, પોરમેહેરે ઇયાલ મોઅલા માઅને પાછો જીવતો
ઉઠાડીન બોદા લોકહાન યે વાતે સાબિતી દેય દેનહી.

32 મોઅલા માઅને પાછા જીવી ઉઠના વાત હાંબળીન કોલાહાક
તે મશ્કરી કોઅરા લાગ્યા, એને બીજહાંય આખ્યાં, “ઈ વાત આમા
તોપાઅને પાછા કોવેતેબી વોનાયુહું.”
33 યાવોય પાઉલ ય્યાહા વોચમાઅને નિંગી ગીયો.
34 બાકી કોલાહાક લોક ય્યાઆરે મિળી ગીયા, એને ય્યાહાય બોરહો
કોઅયો, જ્યામાય દિયુનુસીયુસ જો અરિયુપગુસા સભ્ય આતો, એને
દમરિસ નાંવા યોક થેએ આતી, એને ય્યાઆરે બીજાબી કોલહાક લોક
આતા.

# 18

## કરિંથમાય પાઉલ

1 યા પાછે પાઉલ એથેન્સ શેહેર છોડીન કરિંથ શેહેરામાય યેનો.
2 એને તાં અકુલાસ નાંવા યોક યહૂદી મિળ્યો, જ્યા જન્મો
પુન્તુસ વિસ્તારામાય ઓઅયેલ, તો ય્યા થેએ પ્રિસ્કીલા આરે ઇટલી
વિસ્તારામાઅને આમહીજ યેનલો આતો, કાહાકા સમ્રાટ ક્લોદિયુસ
બોદા યહૂદીયાહાલ દંગો કોઅવાથી રોમમાઅને કાડી દેનેલ, યા લીદે ય્યા
કરિંથ શેહેરામાય યેના.
3 પાઉલ ય્યાહાન મિળાં ગીયો કાહાકા ય્યે ય્યા હારકાજ માંડવા
બોનાડનારે આતે, ય્યાહાટી તો ય્યાહાઆરે રોયન કામ કોઅરા લાગ્યો.
4 એને પાઉલ બોદાંજ આરામા દિહાલ સોબાયે ઠિકાણાહામાય
બોલા-બોલી કોઇન યહૂદીયાહાલ એને યુનાન્યાહ્યાલબી ઈસુ
ખ્રિસ્તાવોય બોરહો કોઅરાહાટી હુમજાડતો આતો.
5 જોવે સિલાસ એને તિમોથી મોકોદુનિયા વિસ્તારામાઅને યેના, તોવે
પાઉલે માંડવા બોનાડના બંદ કોઅઇ દેના એને તો વચન હમજાડના
દુંદમાય લાગીન યહૂદીયાહાલ સાક્ષી દેતો આતો કા ઈસુ ઓજ ખ્રિસ્ત
હેય.
6 બાકી જોવે યહૂદી પાઉલા વિરુદ એને નિંદા કોઅરા લાગ્યા,
તોવે ય્યાય પોતાના ફાડકે ઝટકિન ય્યાહાન આખ્યાં, “યા ડોંડ તુમાંજ
બોગવાહા, આંય તે નિર્દોષ હેતાંવ, આમીને આંય ગેર યહૂદી લોકહામાય
પોરમેહેરા સંદેશ પ્રચાર કોઅહી.”

7 એને સોબાયેહે ઠિકાણા માઅને નિંગીન તો તીતુસ યુસ્તસ નાંવા
પોરમેહેરા યોક ભક્તિ કોઅનારા ગોઅમે ગેર યહૂદી લોકહાન હિકાડાં
યેનો, જ્યા ગુઉ સોબાયે ઠિકાણાલ લાગલા આતા.
8 તોવે સોબાયે ઠિકાણા આગેવાન ક્રિસપુસે ચ્યા પુરાં ગોર્યાહા હાતે
પ્રભુવોય બોરહો કોઅયો, એને બોજ કરિંથ માયનાહાય વોનાયને
બોરહો થોવ્યો એને બાપતિસ્મા લેદા.
9 એને પ્રભુય રાતી દર્શન દેયને પાઉલાલ આખ્યાં, "બીયહે મા, બાકી
જો આખતો રો એને ઠાવકો મા રોહે.
10 કાહાકા આંય તોઆરે હેય, એને કાદોબી તોવોય હમલો કોઇન
તો નુકસાન નાંય કોઅરી, કાહાકા યા શેઅરામાંય બોજ લોક હેતા જ્યા
માયેવોય બોરહો કોઅરી."
11 યાહાટી પાઉલ ચ્યાહામાય પોરમેહેરા વચન હિકાડતો ડોડ વોરહા
હુદી રિયો.
12 જોવે ગાલીયો આખાયા વિસ્તારા ઓદિકારી આતો, તોવે યહૂદી
લોક એકી કોઇન પાઉલા વિરુદ ઓઅઇ ગીયા, એને ચ્યાલ ન્યાય દેઅના
જાગા હામ્મે લેય યેયન આખા લાગ્યા.
13 "ઓ લોકહાન હુમજાડેહે, કા પોરમેહેરા ભક્તિ ઓહડયે રીતે
કોઅયા, જીં મૂસા નિયમાહા ઉલટાં હેય."
14 જોવે પાઉલ આજુ બોલના તિયારીમાય આતો, તોવે ગાલીયેય
યહૂદીયાહાલ આખ્યાં, "ઓ યહૂદીયાહાય, જો ઈ તે કાય અન્યાય કા
ખારાબ વાત ઓઅતી તોવે યોગ્ય આતા કા આંય તુમહે વોનાતો.
15 બાકી જો ઈ બોલાબોલી શબ્દા, એને નાંવહા, એને તુમહે ઇહિને
મૂસા નિયમાહા બારામાય હેય, તે તુમાંજ જાંઆ, કાહાકા આંય યે વાતહે
ન્યાયી બોના નાંય માગુ."
16 એને ગાલીયેય ચ્યાહાન ન્યાય કોઅના જાગા ઇહિને બારે કાડી
દેવાડયા.
17 તોવે બોદા લોકહાય સોબાયેહે ઠિકાણા આગેવાન સોસ્થેનેસાલ
દોઇન ન્યાયા જાગા હામ્મે ઠોક્યાં, બાકી ગાલીયાય યે વાતે કાયજ ચિંતા
નાંય કોઅયી.

### અન્તાકિયામાય પાછા યેઅના

18 પાઉલ બોજ દિહાહા હુદી કરિંથ શેહેરામાય રિયો. પાછે
વિસ્વાસ્યાહાથી છુટો પોડીન કિંખ્રિયા શેહેરામાય જાતો રિયો, ચ્યા
શેહેરામાય પાઉલે ચ્યા ટોલપી ટાલી કોઆડી લેદી. કાહાકા ચ્યાય યોક
માનતા લેદલા આતા, પાછે દોરિયામાઅને સિરીયા વિસ્તારા એછે જાતો
રિયો, ચ્યાઆરે પ્રિસ્કીલા એને અકુલાસબી આતેં.
19 જોવે ચ્યે એફેસુસ શેહેરામાય ગીયે તાં પાઉલાય પ્રિસ્કીલા
એને અકુલાસાલ છોડયે, જોવે પાઉલ તાં આતો તોવે તો સોબાયે
ઠિકાણામાય જાયને યહૂદીયાહા આરે વાત કોઅરા લાગ્યો.
20 જોવે ચ્યાય મોનાય કોઅય દેના તોવે લોકહાય ચ્યાલ વિનાંતી
કોઅઇ, "આમહે આરે આજુ કોલહાક દિહી રો." તોવે તો નાંય માન્યો.
21 બાકી ઈ આખીન ચ્યાહા પાઅને નિંગી ગીયો, "જો પોરમેહેરા
મોરજી ઓરીતે આંય તુમહાપાય પાછો યીહીં," તોવે તો એફેસુસ શેહેરા
જાહાજા માય બોહીન જાતો રિયો.
22 એને કૈસરીયા શેહેરામાય ઉતીન (યેરૂસાલેમ શેહેરામાય) ગીયો
એને ચ્યે મંડળીલ મિળીન અન્તાકિયા શેહેરામાય યેનો.

### પાઉલા તીજેદા સંદેશા મુસાફરી શુરવાત

23 પાછા કોલહાક દિહી અન્તાકિયા શેહેરામાય રોયન તાઅને જાતો
રિયો, એને આજુ યોક્યેકાનીને ગલાતીયા ભાગામાય એને ફ્રુગીયા
વિસ્તારા બોદા શિષ્યાહાન મજબુત કોઅતો ફિર્યો.

### અપુલ્લોસ નાંવા બોજ જાઅનારાં માઅહું

24 ચ્યે સમયે અપુલ્લોસ નાંવા યોક યહૂદી જ્યા જન્મો સિકન્દરિયા
શેહેરામાય ઓઅયેલ, જો બોજ જાંઆનારો માઅહું આતો, એને
પવિત્રશાસ્ત્રાલ હારેં રીતે જાંઅતો આતો, તો એફેસુસ શેહેરામાય યેનો.
25 ચ્યાય પ્રભુવા વાટે બારામાય શિક્ષણ મેળાવલા આતા, એને મોન
લાવીન ઈસુવા બારામાય ઠીક-ઠીક વોનાડતો એને હિકાડતો આતો,
બાકી તો ખાલી યોહાના બાપતિસ્મા વાત જાંઅતો આતો.
26 તો સોબાયે ઠિકાણામાય બિક વોગાર બોલા લાગ્યો, જોવે
પ્રિસ્કીલા એને અકુલાસ ચ્યા વાતો વોનાયને ચ્યાલ ચ્યાહા ગોઓ
લેય યેને એને પોરમેહેરા વાટે બારામાય ચ્યાહાય આજુ વદારી ઉંડેથી
હમજાડયા.

27 એને જોવે અપુલ્લોસાય નોક્કી કોઅયા કા આખાયા વિસ્તારામાય
જાય તોવે વિસ્વાસ્યાહાય ચ્યાલ ઈમાત દેયન શિષ્યાહાન લોખ્યાં કા ચ્યા
ચ્યાલ હારેરીતે મીળે, એને તો તાં પોઅચીન ચ્યા લોકહા બોજ મોદાત
કોઅયી, જ્યાહાય ચ્યા સદા મોયા લીદે બોરહો કોઅલો આતો.
28 અપુલ્લોસાય ચ્યા તાકાત એને ઇંમાતથી યહૂદીહાન જાહીર
રુપામાય બોલતા બંદ કોઅઇ દેના, પવિત્રશાસ્ત્રા માઅને સાબિતી દેય-
દેયન કા ઈસુ ઓજ ખ્રિસ્ત હેય.

# 19

## એફેસમાય પાઉલ

1 જોવે અપુલ્લોસ કરિંથ શેહેરામાય આતો, તોવે પાઉલ આંદારન્યા
વિસ્તારામાઅને મુસાફીરી કોઇન એફેસુસ શેહેરામાય યેનો, એને તાં
કોલહાક શિષ્યહાન મિળ્યો.
2 ચ્યાય આખ્યાં, "કાય તુમહાય બોરહો કોઅયો તોવે પવિત્ર આત્મા
મિળ્યાં?" ચ્યાહાય ચ્યાલ આખ્યાં કા, "આમહાય તે પવિત્ર આત્મા
બારામાય વાત બી નાંય વોનાયાહા."
3 પાઉલે ચ્યાહાન આખ્યાં, "તે પાછે તુમહાય કોઅયેહે રીત્યેકોય
બાપતિસ્મા લેદા?" ચ્યાહાય આખ્યાં, "આમહાય તી બાપતિસ્મા લેદા
જીં યોહાન દેતો આતો."
4 પાઉલે આખ્યાં, "યોહાને ચ્યા લોકહાન બાપતિસ્મા દેના જ્યાહાય
પાપ કોઅના બંદ કોઅય દેના એને પોરમેહેરાએછે ફિર્યા, બાકી ચ્યાય
ઈસરાયેલ લોકહાન આખ્યાં કા ચ્યા ઈસુવોય બોરહો કોએ જો ચ્યા પાછે
યેનારો હેય, જો ખ્રિસ્ત હેય."
5 ઈ વોનાયને ચ્યાહાય પ્રભુ ઈસુવા નાવામાય બાપતિસ્મા લેદા.
6 એને જોવે પાઉલે ચ્યાહાવોય આથ થોવ્યા, તોવે ચ્યાહાન
પવિત્ર આત્મા મિળ્યાં, એને ચ્યા આલાગ-આલાગ ભાષા બોલા એને
ભવિષ્યવાણી કોઅરા લાગ્યા.
7 ચ્યા બોદા બારા માટડા આતા.
8 એને તોવે પાઉલ સોબાયે ઠિકાણામાય જાયને તીન મોયના લોગુ
બિઅયા વોગાર બોલતો રિયો, એને પોરમેહેરા રાજ્યા બારામાય બોલા-
બોલી કોઅતો એને હુમજાડતો રિયો.

9 બાકી કોલહાક લોકહાય કોઠાણ મોના ઓઇન બોરહો કોઅના
નાકાર કોઅઇ દેના, બાકી લોકહા હામ્મે પ્રભુવા વાટે બારામાય ખારાબ
આખા લાગ્યા, તોવે ચ્યાય ચ્યાહાલ તાંજ છોડીન શિષ્યાહાન આલાગ
કોઅઇ લેદા, એને દિનેરોજ તુરેન્નુસ શાળેમાય હિકાડયાં કોઅતો આતો.
10 બેન વોરહા હુદુ ઈજ ઓઅતા રોયા, ઓલે હુદુ કા આસિયા
વિસ્તારામાય રોનારા કાય યહૂદી, કાય ગેર યહૂદી બોદહાય પ્રભુ વચન
વોનાય લેદા.

## એફેસમાય સામર્થ્યા નોવાયે કામે

11 એને પોરમેહેર પાઉલા દ્વારા સામર્થ્યા ગોત્યેવાળે કામે દેખાડતો
આતો.
12 ઓલે લોગુ કા રુંબાળ એને ફાડકો ચ્યાહા આંગાલ લાવીન
બીમાર્યાહાવોય ટાકતા આતા, એને ચ્યે ચ્યાહા બીમાર્યેહેથી હારાં
ઓઅઇ જાતે આતેં, એને બુતડે નિંગી જાયા કોઅતે આતેં.
13 બાકી કોલહાક યહૂદી જયા બુતડે કાડતા ફિરતા આતા, ચ્યા ઈ
કોઅરા લાગ્યા કા જયાહામાય બુતડે રોતે આતેં ચ્યાહાન પ્રભુ ઈસુવા
નાવાકોય ઈ આખીન કાડા લાગ્યા, "જયા ઈસુવા પ્રચાર પાઉલ કોઅહે,
આમા તુમહાન બારે યા આગના દેજહે."
14 એને સ્કેવા નાંવા ચોક યહૂદી મુખ્ય યાજકા હાંત પોહા આતા,
ચ્યાબી એહેકોયન કોઅતા આતા.
15 ચોક દિહી બુતે ચ્યાહાલ આખ્યાં, "ઈસુવાલ આંય જાંઅતાહાંવ,
એને પાઉલાલબી વોળખુહુ, બાકી તુમા કું હેતાં?"
16 એને ચ્યે માઅહે જયામાય બુત આતો, ચ્યાહાવોય તૂટી પોડીન,
એને ચ્યાહાન કોબજામાય લેયને, ચ્યાહાલ ઓહડો માર દેનો કા ચ્યા
નાગા એને ઘાયાલ ઓઇન ચ્યા ગોઆમાઅને દાહુદતા નિંગી નાઠા.
17 એને ઈ વાત એફેસુસ શેહેરામાય રોનારા યહૂદી એને ગેર યહૂદી
બી બોદા જાંઆઈ ગીયા, એને ચ્યા બોદહાવોય બિક બોઆય ગીયી,
એને પ્રભુ ઈસુવા નાંવા મહિમા કોઅયી.
18 એને ચ્યાહાય બોરહો રાખ્યેલ, ચ્યાહામાઅને બોજ લોકહાય
યેઇન પોતપોતાના ખારાબ કામાંહાલ ખુલ્લી રીતે માની લેદા.

19 એને મેલી વિદ્યા કોઅનારાહા માઅને બોજ જાઅહાય
પોતપોતાના ચોપડે ચોકઠે કોઇન બોદહા હામ્મે બાળી ટાક્યેં, એને જોવે
ઈયાહા ઇસાબ કોઅયો તે પચહા ઓજાર ચાંદે સિક્કાહા (૧ ચાંદે સિક્કો
એટલે ચોક દિહા કાંબારાં) બોરાબર નિંગ્યા.
20 ચેજપરમાણે પ્રભુ વચના સામર્થ્યા થી ફેલાતા ગીયા એને મજબુત
ઓઅતા ગીયા.
21 જોવે ચો વાતો ઓઅઇ ચુક્યો તોવે પાઉલે મોકોદુનિયા એને
આખાયા વિસ્તારા વિસ્વાસ્યાહાલ મિળ્યાં પાછે ચેરૂસાલેમ શેહેરામાય
જાયના નોક્કી કોઅયા, એને આખ્યાં, “તાં જાઅના પાછે માન રોમ શેહેર
બી એઅના જરુરી હેય.”
22 ચાહાટી આપહે સેવા કોઅનારા માઅને તિમોથી એને એરાસ્તુસાલ
મોકોદુનિયા વિસ્તારામાય ઈયાહાલ આપહે આગલા દોવાડી દેના એને
પોતે તાં કોલહાક દિહી આસિયા વિસ્તારા એફેસ શેહેરામાય રોઅઇ
ગીયો.

## એફેસમાય મુશીબાત

23 ઈયે સમાયે તાં પ્રભુવા વાટે બારામાય બોજ મોઠી ચળવળ જાયી.
24 તાં દેમેત્રિયસ નાંવા ચોક હોનાર્યા અરતીમાસ નાંવા યુનાની દેવી
મંદિરા ચાંદે નમુના બોનાડીન એને ઈયાહાન વેચિન કારીગીરાહાલ બોજ
ફાયદો કોઆડતો આતો.
25 દેમેત્રિયસ ઈયા કારીગીરાહાલ એને ઓહડા કામ કોઅનારા બિજા
કારીગીરાહાલબી ચોકઠા કોઇન ઈયાહાન આખ્યાં, “ઓ માઅહાય, તુમા
જાંઅતાહા કા યા કામાકોય આમહાન કોલહા પોયહા મિળતાહા.
26 એને તુમા એઅતાહા એને વોનાતાહા કા ચોખલા એફેસુસ
શેહેરામાયજ નાંય, બાકી આસિયા વિસ્તારા બોદા ગાવાહામાય ઈ
આખી-આખીન યા પાઉલે બોજ લોકહાન હોમજાડલાં એને ભરમાવલાં
બી હેય, કા જી આથા કારાગીરી હેય, ઈયા દેવ નાંય.
27 એને આમી ખાલી યે વાતે બિક નાંય કા આમે યા દોંદા બંદ પોડી, ઈ
કા મોઠી દેવી અરતીમાસ મંદિર નોકામ્યો ગોણવામાય યી, એને જ્યેં દેવી
ભક્તિ બોદા આસિયા વિસ્તારામાય એને આખા દુનિયા ભક્તિ કોઅહે
ઈયા મહત્વ બી જાતો રોય.”

28 બોદા કારાગીર ઈ વોનાઈન ગુસ્સાથી બોરાય ગીયા, એને બોંબલી-
બોંબલી આખા લાગ્યા, "એફેસીયાહા અરતીમાસ દેવી, મહાન હેય."
29 એને બોદાજ શેઅરામાંય મોઠો ધાંદલ મચી ગીયો, એને લોકહાય
ગયુસ એને અરિસ્તર્ખુસ, મોકોદુનિયા નિવાસી એને જ્યા પાઉલુસા
આર્યા મુસાફરી આતા, દોઅઇ લેય યેના, એને યોકહાતે ઓઇન
રંગશાળેમાય દાંહાદી ગીયા.
30 જોવે પાઉલ બી રંગશાળેમાય આંદાર જાયને લોકહા હાતે વાત
કોઅરા માગતો આતો, બાકી શિષ્યહાય ચ્યાલ જાં નાંય દેનો.
31 આસિયા ઓદિકાર્યાહા માઅને બી ચ્યા કોલહાક દોસ્તારાહાય
ચ્યાપાય આખી દોવાડયા એને વિનાંતી કોઅયી, કા ચ્યાલ રંગશાળેમાય
આંદાર જાયને પોતાનો જીવ મુશીબાતે માય નાંય ટાકાં જોજે.
32 રંગશાળેમાય આંદાર, બોદા લોક બોંબલી રીયલા આતા, કાદો
યોક વસ્તુ એને કાદા કાય એને બોદાજ કાય ગરબડ આતા, એને બો
બોદા લોક તે ઈ જાંઅતાબી નાંય આતા કા ચ્યે કાહા યોકઠે ઓઅયેહે.
33 તોવે ગીરદ્યેમાઅને કોલહાક યહૂદી લોકહાય સિકાંદરાલ ગીરદ્યે
હામ્મે ડેકલી દેના, ગીરદ્યેમાઅને આગલા વોદાડયો, એને સિકંદરાય
લોકહાન ઠાવકા રાંહાટી આથા ઈશારો કોઅયો એને હોમજાડના કોશિશ
કોઅયી કા કાય ઓઅઇ રીયલા આતા.
34 બાકી જોવે ચ્યાહાન ખોબાર પોડી કા તો યહૂદી હેય, (યહૂદી
લોક ખ્રિસ્તા લોકહા હારકા મુર્તિપુજા નાંય કોઅેત), તે બોદા ને બોદા
યોકે આવાજથી કાદો બેન કોલાક લોગુ બોંબાલતા રિયા, "એફેસીયાહા
